
# જૈન પૌરાણિક લઘુકથાઓ


(ભાગ–૬)



૬. શ્રીધર દેવ



૭. ભોગભૂમિ આર્ય



૫. સુવિધિ રાજા




૮. વજ્રજંઘ રાજા



૪. અચ્યુતેન્દ્ર




૯. લલિતાંગ દેવ



૩. વજ્રનાભિ રાજા



૧. પ્રથમ તીર્થંકર
શ્રી આદિનાથ ભગવાન



૧૦. મહાબલ રાજા



૨. અહમિન્દ્ર

–: પ્રકાશક :–

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

श्री आदिनाथ भगवान

श्री धातकी विदेहके
भावी तीर्थंकर





श्री जम्बूभरतके भावी
महापद्म तीर्थंकर





ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૬૩

ॐ

नमः सद्गुरवे ।

સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વરની દિવાલોના ચિત્રોમાંથી
નિજાત્માવલંબી જ્ઞાની ધર્માત્માઓના જીવન ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## (ભાગ-૬)

卐

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

website :www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૩૦૦૦    વિ.સં. ૨૦૭૪    ઈ.સ. ૨૦૧૮

જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૬ (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

શ્રી કિશોરભાઈ ધીરજલાલ ઝોબાલિયા
હ. બ્ર. રંજનબેન તથા રેખાબેન ઝોબાલિયા


જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૬ (ગુજરાતી)ના

**સ્થાયી કિંમત ઘટાડનાર પુરસ્કર્તા**

માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર
સોનગઢ–જલગાંવ

**કિંમત રૂા. ૩૦ =૦૦**

મુદ્રક :
**સ્મૃતિ ઑફસેટ**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્માનુભવી સત્પુરુષ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પોતાની સ્વાનુભવરસભીની વાણીમાં જિનેન્દ્રકથિત ચારે અનુયોગોના સુમેળપૂર્વક અધ્યાત્મરસગર્ભિત દ્રવ્યદ્રષ્ટિપ્રધાન ઉપદેશગંગા વહાવી છે, જેમાં સ્નાન કરીને ભરતક્ષેત્રના લાખો ભવ્ય જીવો પોતાનું આત્મહિત સાધવા ઉત્સુક બન્યા અને. આ જ કારણે સોનગઢ એક અધ્યાત્મ અતિશયક્ષેત્ર સુવર્ણપુરીરૂપે વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ બની ગયું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના જ પ્રભાવના ઉદયથી સુવર્ણપુરીમાં સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, સમવસરણ મંદિર, માનસ્તંભ, પરમાગમમંદિર, નંદીશ્વર જિનાલય વગેરે ભવ્ય જિનાલયોની સુંદર રચના થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં અનન્ય ભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને મુનિભગવંતો તથા આત્મજ્ઞાની મહાપુરુષોના જીવન પ્રત્યે અત્યંત અર્પણતા હતી. તેથી તેઓ ઉક્ત મહાપુરુષોના જીવનથી પોતાના જીવનમાં સંવેગ-વૈરાગ્યભાવને વૃદ્ધિગત કરતાં રહેતાં હતાં. તેઓ મહિલાસભામાં બધાયને આગમોક્ત આત્મજ્ઞાની ધર્માત્મા મહાપુરુષો અને સતીઓના જીવનના પ્રસંગ ઘણા જ અધ્યાત્મ રંગથી ભીંજાયેલા હ્રદયથી બતાવતા હતા. તે પ્રસંગોમાંથી કેટલાંક પ્રસંગો એવા હતા કે જેથી નિરૂપરાગ આત્મમયદશારૂપ મોક્ષમાર્ગનું મહત્ત્વ આત્માર્થીઓને આવે, એવા પ્રસંગોચિત કથાઓ આધારિત ચિત્રો ઉપરોક્ત આયતનોમાં પૂજ્ય બહેનશ્રીએ મુખ્યરૂપે પોતાના પ્રથમાનુયોગના શાસ્ત્રજ્ઞાનના આધારે ઉત્કીર્ણ તથા ચિત્રાંકન કરાવ્યા હતા. જેમાં નિર્ગ્રંથ મુનિ ભગવંતોનાં દર્શન મુમુક્ષુઓને થઈ શકે એવાં જ દ્રશ્યો આ ચિત્રોમાં મુખ્યરૂપે લેવામાં આવ્યા છે. જેમાં તેમની સંવેગાદિ ભાવનાઓથી, આયતનોની શોભા ઘણી જ વધી ગઈ છે. તેમજ આ આયતનોમાં દર્શન કરવાવાળા ભાવિકજનોને વિવિધ પુરાણ આધારિત કથાઓથી પોતાના સંવેગાદિ ભાવનાઓને વધારવાનો લાભ પ્રાપ્ત થયો છે.

કેટલાક મુમુક્ષુઓની ભાવનાને લક્ષ્યમાં લઈને સોનગઢથી પ્રકાશિત હિન્દી આત્મધર્મમાં પૂજ્ય બહેનશ્રીના અંતરમાં વર્તતા આગમોક્ત વીતરાગી મહાપુરુષો પ્રત્યેના અહોભાવ, શ્રદ્ધા ભક્તિ વગેરે જોઈ, મુમુક્ષુઓના અંતરમાં પણ આવા ભાવો જાગૃત થાય તે હેતુથી તે ચિત્રોના આધારે આચાર્ય ભગવંત રચિત પુરાણોમાંથી બાલવિભાગમાં તે કથાઓ આપી હતી. ભવ્ય સાધકજીવોની આ કથાઓ વાંચતાં કેટલાક મુમુક્ષુઓએ આ કથાઓ પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની માંગણી કરી હતી. જેના ફળ સ્વરૂપે સુવર્ણપુરીના સ્વાધ્યાયમંદિરમાં આલેખિત સાત ચિત્રોની કથાઓના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧''** તથા શ્રી સીમંધરસ્વામી જિનમંદિર અંકિત પૌરાણિક ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૨''** નામના રંગીન પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં તે જ પ્રમાણે શ્રી પ્રવચનમંડપમાં આલેખિત ચિત્રોમાંથી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ રહેતા જ્ઞાની ભગવંતો ક્યા પ્રકારે સહજ ઉપસર્ગવિજયી હોય છે તે ધર્માત્માઓ સંબંધિત પુસ્તક **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૩''**રૂપે અને પ્રવચનમંડપના 'ઉપસર્ગવિજયી' સાત ચિત્રો (ભાગ-૩) સિવાયના બાકીના અન્ય ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૪''**રૂપે તથા

પરમાગમમંદિરમાં બનેલ ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫''**રૂપે પ્રકાશિત થઈ ચૂકી છે.

આ પુસ્તકમાં સુવર્ણપુરી સ્થિત પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં આલેખિત ચિત્રોની આચાર્યકૃત પુરાણ આધારિત કથાઓ **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૬''**રૂપે પ્રકાશિત થઈ રહી છે.

આ ચિત્રોમાં એક ચિત્ર વિમલનાથ ભગવાનના પૂર્વભવનું છે જેમાં તેમને ભગવાનની વાણીથી જાણવામાં આવે છે કે ''પોતે ભવિષ્યમાં તીર્થંકર થવાવાળા છે'' તો તેમનો આનંદ સમાતો નથી. તેથી તેમણે પોતાના આધિન રાજાઓને આમંત્રિત કરી 'સ્વયં તીર્થંકર થઈ ન ગયો હોય' તે રીતે ઉત્સવ મનાવ્યો. તેથી જણાય છે કે વર્તમાનમાં તીર્થંકર ન થવા છતાં જ્ઞાની જીવ પોતાના તીર્થંકરત્વનો ઉત્સવ મનાવી શકે છે.

આ જ પ્રમાણે ધર્મનાથ તીર્થંકર, અનંતનાથ તીર્થંકર, પદ્મપ્રભ તીર્થંકરના પૂર્વભવમાં ધાતકીખંડમાં સમ્યક્ રત્નત્રયપૂર્વક વૈરાગ્યથી મુનિદીક્ષા ધારણ કરે છે. આ ચિત્ર પૂજ્ય બહેનશ્રીએ ભાવવિભોર થઈને આ ચિત્રો બનાવરાવ્યા હતા. આ જિનાલયમાં અન્ય ચિત્રોમાં ભગવાન શ્રી આદિનાથના પૂર્વ ભવ, કહાનગુરુ જીવનદર્શન, પંચકલ્યાણક, ગુરુદેવશ્રીના નવ ભવ આદિ ચિત્રો છે.

આ ઉપરાંત આ જિનાલય બનાવવાનો મુખ્ય હેતુ તો 'બહેનશ્રીનાં વચનામૃત'ને આરસના શિલાપટ ઉપર કોતરાવીને લગાવવાનો હોવાથી આ આયતનમાં ઉપર 'બહેનશ્રીનાં વચનામૃત' તથા નીચે પૂજ્ય 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' આરસ ઉપર કોતરાવેલ છે. પૂજ્ય બહેનશ્રીની ભાવના હતી કે કોઈ દર્શનાર્થી ઉપર ન જઈ શકે તો નીચે લખેલા પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત વાંચીને આત્મકલ્યાણ કરી શકે. તેથી બંને વચનામૃતના ચિત્ર પણ લેવામાં આવ્યા છે. આમ આ બધા ચિત્રોની કથાઓનું સંકલન આ **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૬''** છે. આ પુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે મૂળ કથાની હકીકત અને હાર્દને યથાવત રાખી આગમાનુસાર ભાષામાં સામાન્ય સુધારો કર્યો છે.

પુસ્તકનું સુંદર મુદ્રણ સ્મૃતિ ઑફસેટ દ્વારા કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં પંચમેરુ-નંદીશ્વરના ચિત્રોની કથાઓ સંક્ષિપ્ત સ્વરૂપમાં આપવામાં આવે છે. વિશેષ અભ્યાસ માટે જિજ્ઞાસુઓએ જૈનધર્મના પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો જરૂરી છે. આશા છે કે મુમુક્ષુ સમાજને આ સચિત્ર પુસ્તક પુરાણપુરુષો પ્રતિના પોતાની સમર્પણતામય ભક્તિ–આદરરૂપ સહજ જીવન ઘડવામાં તેમજ પોતાના સંવેગાદિ ભાવોને બળવત્તર કરવામાં કાર્યકારી થશે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૯મી
જન્મજયંતી
સોનગઢ (સૌરાષ્ટ્ર)
તા. ૧૭-૦૪-૨૦૧૮

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# પંચમેરુ-નંદીશ્વર જિનાલય પરિચય





પંચમેરુ-નંદીશ્વર જિનાલયની
શિલાન્યાસવિધિ કરતા પૂજ્ય ગુરુદેવશ્રી

બહેનશ્રીના વચનામૃત પુસ્તક સંબંધે પૂજ્ય ગુરુદેવશ્રીની અટલ ધારા, પ્રસન્નતા તથા અહોભાવ જોઈ સાંભળીને ઘણા મુમુક્ષુઓને તેમના અમૂલ્ય વચનામૃતોને આરસ પાષાણના શિલાપટો ઉપર કોતરાવાની ભાવના જાગૃત થઈ.

આ વાત પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ પ્રસ્તુત થતા પૂજ્ય ગુરુદેવશ્રીએ એવી ભાવના વ્યક્ત કરી કે વચનામૃત કોતરાવીને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નામનું એક સ્વતંત્ર મકાન બનાવવું જોઈએ.

તે સમયના ટ્રસ્ટના પ્રમુખશ્રી રામજીભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવનાને શિરોધાર્ય કરીને નિર્ણય લીધો કે બહેનશ્રી ચંપાબેન વચનામૃત

ભવનનું નિર્માણ કરવું. તેમની શિલાન્યાસવિધિ વિ.સં. ૨૦૩૭ (ઈ.સ. ૧૯૮૦) કારતક સુદ પાંચમના શુભ દિને પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં તેઓશ્રીના પવિત્ર કરકમળોથી થઈ.

વચનામૃત ભવનની શિલાન્યાસવિધિ સંપન્ન થયા પછી કેટલાક દિવસોમાં (પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં) ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓએ વચનામૃત ભવનનું વિસ્તૃતિકરણ કરી તેમાં પંચમેરુ-નંદીશ્વરની પ્રતિષ્ઠિત રચના કરવાનો નિર્ણય લીધો. તથા તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત આરસ પાષાણ ઉપર કોતરાવીને દિવાલો ઉપર લગાવવાનો નિર્ણય લીધો.

તે મુજબ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન સાહિત્યમાંથી વીતરાગમાર્ગને સ્પષ્ટ કરવાવાળા વચનોને 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' રૂપમાં સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે સંકલન કરાવ્યું.

મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરહ ઘણો જ સાલતો હતો તેથી તે વિરહની



પંચમેરુ-નંદીશ્વર જિનાલયના પ્રતિષ્ઠેય ભાવી તીર્થંકરોના દર્શન કરતા પૂજ્ય બહેનશ્રી
(તેમના નિવાસસ્થાને)

વેદનાને મંદ કરવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવી મુખ્ય તીર્થંકરત્વરૂપ તેમની પ્રતિકૃતિ બિરાજમાન કરવાના ભાવ ભક્તોને આવ્યા.

ત્યારે તે સમયના ટ્રસ્ટીમંડળના મુખ્ય કાર્યકર્તાઓએ આ જ વચનામૃત ભવનના ઉપરના ભાગમાં મૂળનાયક આદિનાથ ભગવાન તથા તેની એક બાજુ ભાવી તીર્થંકર તથા બીજી બાજુ જંબૂદ્વીપના ભાવી તીર્થંકર (મહાપદ્મ)ની એમ બે પ્રતિમાઓ સાથે ત્રણ પ્રતિમાઓ બિરાજમાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

મંદિરના શિલાન્યાસ સમયે પૂજ્ય ગુરુદેવશ્રીની ઉંમર ૯૧ વર્ષની હોવાથી આ મંદિર ૯૧'-૦૦" ઉંચું બનાવવામાં આવ્યું છે.

તે પ્રમાણે મંદિર નિર્માણની પૂર્ણતા થતાં વિ.સં. ૨૦૪૧(ઈ.સ. ૧૯૮૫) ફાગણ સુદ સાતમના દિવસે પૂજ્ય બહેનશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તે મુજબની રચના સાથે પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પંચકલ્યાણક પુરસ્સર શાસ્ત્રીય વિધિ અનુસાર પ્રતિષ્ઠા થઈ.

આ મંદિરની બારીઓ તથા દરવાજા ઉપર પૂજ્ય બહેનશ્રીના નેતૃત્વમાં પૂજ્ય બહેનશ્રીની ભાવના અનુસાર પૌરાણિક ચિત્રોને આરસના શિલાપટ ઉપર ઉત્કીર્ણ કરાવીને લગાવવામાં આવ્યા છે. આ મંદિર બે માળનું હોવાથી અહીં ચિત્રો પણ અન્ય આયતનોથી પણ અધિક છે.

અહીં વિમલનાથ ભગવાનના પૂર્વભવને ચિત્રકથા અનુસાર દર્શાવવામાં આવ્યા છે. પૂર્વભવમાં ભગવાનની દિવ્યધ્વનિથી ખબર પડે છે કે તેઓ ભવિષ્યમાં ભરતક્ષેત્રમાં તેરમાં તીર્થંકર છે આવું જાણી આનંદના કારણે તેઓ અત્યંત પ્રસન્ન થયા. તથા તેઓએ દેશોદેશના રાજાઓને બોલવી ઘણો જ મોટો ઉત્સવ કર્યો જાણે કે વર્તમાનમાં જ તીર્થંકર ન હોય ! આ બતાવે છે કે જ્ઞાની પોતાના ભાવી તીર્થંકરત્વપદનો ઉત્સવ વર્તમાનમાં પણ ઊજવી શકે છે.





તદુપરાંત અહીં જેમના પૂર્વભવો ધાતકીખંડમાં થયા એવા ધર્મનાથ ભગવાન, પદ્મપ્રભ ભગવાન, અનંતનાથ ભગવાનના ચિત્રો પણ કોતરવામાં આવ્યા છે. અહીં આદિનાથ ભગવાન મૂળનાયક હોવાથી તથા વર્તમાનના મહાવીરસ્વામી ભગવાન શાસનનાયક હોવાથી અહીં તે બંનેના દસ ભવો તથા પંચકલ્યાણકના ચિત્રો પણ કોતરવામાં આવ્યા છે.

આપણાં પરમાગમમંદિરમાં જે પાંચ પરમાગમ કોતરવામાં આવેલ છે જે કોતરવા માટેનું મશીન આપણા ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા સ્પેશ્યલ ઈટાલી જઈને લાવેલા હતા, તે જ મશીન દ્વારા ગુજરાતીમાં નવા ફોન્ટ બનાવીને અહીં 'પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત' તથા 'બહેનશ્રીનાં વચનામૃત' આરસના પાટીયા ઉપર કોતરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવનદર્શન તથા તેમના ભવો દર્શાવતું ચિત્ર પણ કોતરાવવામાં આવ્યું છે. આ સર્વે ચિત્રોની પુરાણ અનુસાર આ કથા આ પુસ્તકમાં લેવામાં આવી છે.

# અનુક્રમણિકા


શ્રી ધર્મનાથ તીર્થંકર પૂર્વે ત્રીજા ભવમાં ...... ૧૧
વિમલનાથ તીર્થંકર પૂર્વે ત્રીજા ભવમાં ....... ૧૫
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
પૂર્વોત્તર ભવો ............................. ૧૮
શ્રી પદ્મપ્રભસ્વામી પૂર્વે ત્રીજા ભવમાં ........ ૨૧
શ્રી અનંતનાથ જિનેન્દ્ર પૂર્વે ત્રીજા ભવમાં .... ૨૪
શ્રી શાંતિનાથ તીર્થંકરનો
પૂર્વે પાંચમો અને ત્રીજો ભવ ............ ૨૬
ભગવાન શ્રી મહાવીરસ્વામીનું
કેવળજ્ઞાન કલ્યાણક ...................... ૨૮
તીર્થંકર જિનેન્દ્રદેવના આઠ પ્રાતિહાર્યો ...... ૩૫
ભગવાન આદિનાથના પૂર્વ ભવો ............ ૩૭
ભગવાન શ્રી આદિનાથનો પૂર્વે દસમો ભવ . ૩૮
ભગવાન શ્રી આદિનાથનો પૂર્વે નવમો ભવ . ૪૨
ભગવાન શ્રી આદિનાથસ્વામીનો
પૂર્વે આઠમો ભવ. ........................ ૪૪
શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે સાતમો ભવ. ૫૦
ભગવાન શ્રી આદિનાથનો
પૂર્વે છઠ્ઠો ભવ શ્રીધરદેવ ................ ૫૩
ભગવાન શ્રી આદિનાથસ્વામીનો
પૂર્વે પાંચમો ભવ ......................... ૫૭
શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે ચોથો ભવ .. ૬૦
શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે ત્રીજો ભવ... ૬૨
શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે બીજો ભવ .. ૬૭
ભગવાન શ્રી આદિનાથનો પ્રવર્તમાન ભવ .. ૬૮
ભગવાન શ્રી આદિનાથનો ગર્ભકલ્યાણક .... ૭૪
ભગવાન શ્રી સીમંધરનાથના સમવસરણમાં
ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવ અને
ગુણિયલ રાજકુમાર ...................... ૭૯
ભગવાન શ્રી આદિનાથ જન્મકલ્યાણક ...... ૮૦
ભગવાન શ્રી આદિનાથ તપકલ્યાણક ........ ૮૬
ભગવાન શ્રી આદિનાથનો જ્ઞાન કલ્યાણક ... ૯૨
બહેનશ્રીનાં વચનામૃત ........................ ૯૪
રાજા શ્રેણિકને ક્ષાયિક સમ્યગ્દર્શન .......... ૯૬
ભગવાન શ્રી મલ્લિનાથ પૂર્વના ત્રીજા ભવમાં ૯૮
નંદીશ્વર દ્વીપ રચના ....................... ૧૦૨
શ્રી ભગવાન મહાવીર સ્વામીના
સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના ૧૦ ભવ ... ૧૦૬
શ્રી શાન્તિનાથ ભગવાન પૂર્વે ત્રીજા ભવમાં ૧૦૮
ભરત ચક્રવર્તી દ્વારા મુનીન્દ્ર ભગવાન
બાહુબલીની પૂજા..................... ૧૧૨
ધરસેનાચાર્ય દ્વારા પુષ્પદંત અને ભૂતબલિ
મુનિરાજને ઉપદેશ ................... ૧૧૪
અધ્યાત્મમૂર્તિ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી
દ્વારા પંચ પરમેષ્ઠી વંદના ............ ૧૧૫
જૈન ધર્મ પ્રસિદ્ધ આનંદમંગલ સૂચક
નંદ્યાવર્ત સ્વસ્તિક સહિત અષ્ટમંગલ. ૧૧૬
કહાનગુરુ જીવનદર્શન—૧ ............... ૧૧૮
કહાનગુરુ જીવનદર્શન—૨ ............... ૧૧૯
કહાનગુરુ જીવનદર્શન—૩ ............... ૧૨૦
કહાનગુરુ જીવનદર્શન—૪ ............... ૧૨૧
કહાનગુરુ જીવનદર્શન—૫ ............... ૧૨૨
કહાનગુરુ જીવનદર્શન—૬ ............... ૧૨૩
કહાનગુરુ જીવનદર્શન—૭ ............... ૧૨૪
કહાનગુરુ જીવનદર્શન—૮ ............... ૧૨૫
કહાનગુરુ જીવનદર્શન—૯ ............... ૧૨૬
કહાનગુરુ જીવનદર્શન—૧૦ ............. ૧૨૭
કહાનગુરુ જીવનદર્શન—૧૧ ............. ૧૨૮
કહાનગુરુ જીવનદર્શન—૧૨ ............. ૧૨૯
ગુરુદેવશ્રીનાં વચનામૃત.................... ૧૩૦
ભગવાન શ્રી આદિનાથને આહારદાન.... ૧૩૨
ચેલના દ્વારા જિનમંદિરોની સ્થાપના ...... ૧૩૪

# શ્રી ધર્મનાથ તીર્થંકર પૂર્વે ત્રીજા ભવમાં

धर्मतीर्थमनघं प्रवर्तयन् धर्म इत्यनुमतः सतां भवान्।
कर्मकक्षमदहत्तपोऽग्निभिः शर्म शाश्वतमवाप शङ्करः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે ભગવાન! નિર્દોષ ધર્મરૂપી તીર્થ અથવા તો ધર્મનું પ્રતિપાદન કરવાવાળા આગમને પ્રવર્તાવતા થકા આપ ગણધરદેવ આદિ વિદ્વાનો દ્વારા ''ધર્મ'' તે સાર્થક નામથી યુક્ત માનવામાં આવ્યા છો. આપે તપરૂપી અગ્નિઓ દ્વારા કર્મરૂપી વનને બાળ્યું છે તથા અવિનાશી સુખ પ્રાપ્ત કર્યું છે તેથી આપ સત્પુરુષો દ્વારા ''ધર્મ'' નામથી યુક્ત માનવામાં આવ્યા છો.




ધર્મનાથ તીર્થંકરનો પૂર્વે ત્રીજો ભવ

પૂર્વ ધાતકીખંડ દ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં નદીના દક્ષિણ તટ પર એક વત્સ નામનો દેશ છે. તેમાં સુસીમા નામનું મહાનગર છે. ત્યાં રાજા દશરથ(ધર્મનાથ ભગવાનનો પૂર્વ ત્રીજો ભવ) રાજ્ય કરતા હતા. તે બુદ્ધિ, બળ અને ભાગ્ય




વૈશાખ સુદી પૂનમે ઉજવવામાં આવતા ઉત્સવમાં ચંદ્રગ્રહણને જોઈને દશરથ રાજા વૈરાગ્યને પ્રાપ્ત થયા.

ત્રણેયથી સહિત હતા. કારણ કે તેમને સમસ્ત શત્રુઓને પોતાના વશમાં કરી લીધા હતા તેથી તેઓ યુદ્ધ આદિના ઉદ્યમથી રહિત થઈને તેઓ શાંતિથી રાજ્ય કરતા હતા. પ્રજાની રક્ષા કરવા તેઓ સદાય ઈચ્છુક હતા અને બંધુઓ તથા મિત્રો સાથે નિશ્ચિંતતાપૂર્વક ધર્મપ્રધાન સુખોનો ઉપભોગ કરતા હતા. એકવાર વૈશાખ સુદ પૂનમના દિવસે બધા લોકો ઉત્સવ મનાવી રહ્યા હતા તે જ સમયે ચંદ્રગ્રહણ થયું તે જોઈને રાજા દશરથનું મન એકદમ ભોગોથી ઉદાસ થઈ ગયું. આ ચંદ્રમા સુંદર છે, કુવલય–નીલકમલ (મહિમંડળ)ને આનંદિત કરવાવાળો છે અને કળાઓથી પરિપૂર્ણ છે. જ્યારે તેની આવી અવસ્થા થઈ તો અન્ય પુરુષની શું અવસ્થા થાય?




વિમલવાહન જિનેન્દ્ર પાસે રાજા દશરથ દ્વારા જિનદીક્ષા ગ્રહણ

આ વિચારીને સ્વયં અત્યંત વૈરાગ્યવાન થઈને તેઓએ પોતાના મનની વાત અને સંયમ ધારણની વાત પોતાના મંત્રીમંડળ સમક્ષ મૂકી. ત્યારબાદ, પોતાના પુત્રને રાજ્યભાર સોંપી તેઓએ વિમલવાહન જિનેન્દ્ર ભગવાન પાસે દીક્ષા ધારણ કરી ઘોર તપશ્ચર્યા અંગીકાર કરી.



તપના બળે મુનિરાજ દશરથને ઇન્દ્રપદની પ્રાપ્તિ

પછી તે ધર્મનાથ ભગવાનનો જીવ બીજા ભવમાં સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયો. તેત્રીસ સાગરનું તેમનું આયુષ્ય હતું. એક હાથ ઊંચું તેમનું શરીર હતું. તેઓ ચારસો નવાણું દિવસ અથવા સાડાસોળ માસમાં એકવાર શ્વાસ લેતા હતા. લોકનાડીના અંત સુધી તેમનો નિર્મળ અવધિજ્ઞાનનો વિષય હતો. તેટલા જ દૂર સુધી ફેલાવાવાળી વિક્રિયા, તેજ તથા બળરૂપ સંપત્તિથી તેઓ સહિત હતા. ત્રીસ હજાર વર્ષમાં એકવાર માનસિક આહાર લેતા હતા. દ્રવ્ય અને ભાવસંબંધી બંને શુક્લ લેશ્યાઓથી યુક્ત હતા. આ પ્રમાણે સર્વાર્થસિદ્ધિમાં પ્રવિચાર રહિત ઉત્તમ સુખનો અનુભવ કરતા હતા.

# વિમલનાથ તીર્થંકર પૂર્વે ત્રીજા ભવમાં


य एव नित्यक्षणिकादयो नया मिथोऽनपेक्षाः स्वपरप्रणाशिनः।
त एव तत्त्वं विमलस्य ते मुनेः परस्परेक्षाः स्वपरोपकारिणः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–જે નિત્ય અથવા ક્ષણિક વગેરે નય પરસ્પર સાપેક્ષ થઈને અન્યમતોમાં સ્વ અને પરનો નાશ કરવાવાળા છે, તે જ નયો પરસ્પરની અપેક્ષા રાખતા થકા સ્વ અને પરનો ઉપકાર કરવાવાળા હોવાથી પ્રત્યક્ષ જ્ઞાની આપ વિમલ જિનેન્દ્રના મનમાં વસ્તુસ્વરૂપ થાઓ છો.

પશ્ચિમ ધાતકીખંડ દ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમ બાજુએ સીતા નદીના જમણા તટ પર રમ્યકાવતી દેશ છે. એકવાર ત્યાં પદ્મસેન નામના રાજા રાજ્ય કરતા હતા. તેમની શાસનપ્રણાલી ઘણી જ પવિત્ર હતી. તેમના રાજ્યમાં કોઈ વર્ણવ્યવસ્થાનું ઉલ્લંઘન કરતું નહોતું, કોઈ જૂઠું બોલતું નહોતું, કોઈ કોઈને નકામું સતાવતું નહોતું, કોઈ ચોરી કરતું નહોતું અને કોઈ પરસ્ત્રીનું અપહરણ કરતું નહોતું. ત્યાંની પ્રજા ધર્મ, અર્થ અને કામનો સમાનરૂપે પાલન કરતી હતી.

એકવાર મહારાજા પદ્મસેન રાજ્યસભામાં બેઠા હતા. તે જ સમયે વન નામના માળીએ આવીને અનેક ફળફૂલ ભેટ કર્યા અને કહ્યું કે હે મહારાજ! પ્રીતિંકર વનમાં સર્વગુપ્ત કેવળીનું શુભાગમન થયું છે. રાજા પદ્મસેન કેવળીના આગમનની વાત સાંભળી અત્યંત હર્ષિત થયા. તેમનું સમસ્ત શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું અને આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યા. તે જ સમયે સિંહાસનથી ઊભા થઈ જે બાજુ પરમ જ્ઞાની સર્વગુપ્ત મુનિરાજ બિરાજમાન હતા તે તરફ સાત ડગલા ચાલીને તેમને પરોક્ષ નમસ્કાર કર્યા.



સર્વગુપ્ત કેવળીના સમીપે વંદન કરતા રાજા પદ્મસેન. (ભગવાનની વાણીમાં આવ્યું કે આ પદ્મસેન મહારાજા ભવિષ્યમાં જંબૂદ્વીપમાં તેરમાં તીર્થંકર વિમલનાથ થશે.)

પછી સમસ્ત પરિવાર અને નગરના પ્રતિષ્ઠિત લોકોની સાથે ભગવાનની વંદના માટે પ્રીતિંકર વનમાં ગયા. કેવળી સર્વગુપ્તના પ્રભાવથી તે વનની શોભા અપૂર્વ થઈ ગઈ હતી. તે વનમાં એકીસાથે છ ઋતુઓ પોતપોતાની શોભા પ્રગટ કરતી હતી. મહારાજ પદ્મસેને નમ્રીભૂત થઈને કેવળી ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા અને ઉપદેશ સાંભળવાની ઈચ્છાથી ત્યાં યથોચિત સ્થાન પર બેસી ગયા. કેવળી ભગવાને દિવ્યધ્વનિ દ્વારા સાત તત્ત્વોનું વ્યાખ્યાન કર્યું અને ચતુર્ગતિરૂપ સંસારના દુઃખોનું વર્ણન કર્યું. સંસારનું દુઃખમય વર્ણન સાંભળી મહારાજ પદ્મસેનનું હૃદય એકદમ ભયભીત થઈ ઉઠ્યું અને તે જ સમયે તેમના અંતરમાં વૈરાગ્યસાગરની તરલ વમળો ઊઠવા લાગી. જ્યારે કેવળી ભગવાનની દિવ્યધ્વનિથી તેમને ખબર પડી કે હવે તેમના (વિમલનાથ ભગવાનના જીવના) માત્ર બે જ ભવ બાકી રહી




પોતાના તીર્થંકરત્વનો તીર્થંકરતુલ્ય ઉત્સવ મનાવતા મહારાજ પદ્મસેન

ગયા છે. અને તેઓ અંતિમ ભવમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તેરમાં તીર્થંકર વિમલનાથ થઈ મોક્ષ જશે. આ વાત સાંભળતા તેઓ આનંદથી નાચી ઊઠ્યા. ત્યારે તેઓએ બધા આધીનસ્થ રાજાઓને બોલાવ્યા અને એવો ઉત્સવ મનાવ્યો જાણે કે 'હું તીર્થંકર જ છું'.

ત્યારબાદ, મહેલમાં આવીને પદ્મ નામના પુત્રને રાજ્ય આપ્યું તથા વનમાં જઈ તે જ સર્વગુપ્ત કેવળી ભગવાન પાસે જિનદીક્ષા અંગીકાર કરી લીધી. તેમની સાથે રહીને તેમની પાસે જ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. દર્શનવિશુદ્ધિ વગેરે ષોડશકારણ ભાવનાનું ચિંતવન કરી તીર્થંકર નામની પુણ્ય પ્રકૃતિનો બંધ કર્યો જેથી આયુષ્યના અંતમાં સંન્યાસપૂર્વક શરીર છોડી બારમા સહસ્રાર સ્વર્ગમાં સહસ્રાર નામના ઈન્દ્ર થયા.

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પૂર્વોત્તર ભવો




પૂજ્ય બહેનશ્રીને વિ.સં. ૧૯૯૩ (ઈ.સ. ૧૯૩૭)માં જાતિસ્મરણજ્ઞાન થયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીને આવતાં સ્વપ્ન તથા ૐકાર નાદની અનુભૂતિ વગેરેની ખબર પૂજ્ય બહેનશ્રીને નહોતી. તેઓને પ્રસિદ્ધિની લેશમાત્ર ઇચ્છા ન હોવાથી આ જાતિસ્મૃતિજ્ઞાનથી તેઓ બહાર પડવાનું ઇચ્છતા ન હતા. તેને અંતરમાં જ રાખવા ઇચ્છતા હતા. તેઓએ આ વાત તેમના મોટાભાઈ તથા પિતાશ્રીને પણ કહી નહોતી છતાં આ જાતિસ્મૃતિજ્ઞાન પૂજ્ય ગુરુદેવશ્રીના પૂર્વોત્તર ભવ સંબંધિત હોવાથી, માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીને ૭ માસ ૧૨ દિવસ પછી કહ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વયં આવતા સ્વપ્નો, ૐ ધ્વનિના નાદ, ૭૨ કરોડ વાજા, સમવસરણ વિભૂતિ વગેરેની વાતો બહેનશ્રીના જ્ઞાન સાથે મેળવાળું હોવાથી તેઓએ આ જ્ઞાનને તુરત જ સ્વીકારી લીધું.

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

પૂર્વભવમાં શ્રી સીમંધર ભગવાન પાસે સાંભળ્યું છે તેમાંથી સ્મરણ આવે છે કે ''આ રાજકુમાર (પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જીવ) ભવિષ્યે ધાતકીખંડ દ્વીપના વિદેહક્ષેત્રમાં તીર્થંકર થશે. તેમનું નામ શ્રી સૂર્યકીર્તિસ્વામી તથા શ્રી સર્વાંગસ્વામી એવા બે પ્રકારે નામ યાદ આવે છે. આ દેવાભાઈ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જીવ) ભવિષ્યમાં સૂર્યકીર્તિ તીર્થંકરના દેવેન્દ્રકીર્તિ ગણધર થશે.''

### ભૂતકાળના ભવ

**(૪) દિવ્ય પુરુષ :** આ રાજકુમાર (પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જીવ) થોડા ભવો પહેલાં એક મનુષ્યના ભવપણે હતા ત્યાં તેમની દિવ્ય શક્તિ હતી. તેથી તે ''દિવ્યતાવાળા પુરુષ'' હતા.

**(૩) અજબ શક્તિશાળી રાજા :** દિવ્ય પુરુષના ભવ પછીનો બીજો ભવ પણ મનુષ્યપણાનો થયો. ત્યાં પણ તેઓ પુણ્યશાળી હતા. સર્વ કાર્યોમાં જિત મેળવે એવી અજબ તેમની શક્તિ હતી. એકવાર તે ભવમાં તેઓ કેવળી ભગવાનનો ઉપદેશ સાંભળવા ગયા હતા. પછી મુનિરાજના દર્શન કર્યા. ત્યાં અંતરમાં ભાવ આવતાં મુનિભગવંતને પોતાના ભવોની વાત પૂછી હતી. મુનિ ભગવંતે તેમને ભવોની વાત કહી હતી. જેમાં પણ આવ્યું હતું કે 'તમે ભવાંતરમાં તીર્થંકર થવાના છો' આ વાત બરાબર યાદ આવે છે.

**(૨) દેવ :** (અજબ શક્તિશાળી મનુષ્ય પછી કેટલાક ભવ બાદ) +++ દેવનો ભવ હતો.

(૧) **ફતેહમંદ રાજકુમાર** : દેવના ભવ પછી જમ્બૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા—એવું યાદ આવે છે. ત્યાં તે તેજસ્વી ફતેહમંદ રાજકુમાર હતા. તે રાજકુમાર વારંવાર તીર્થંકર (સીમંધર) ભગવાનનો ઉપદેશ સાંભળવા આવતા હતા. રાજકુમારને અધ્યાત્મતત્ત્વનો ઘણો રંગ હતો. આ રાજકુમાર ભવિષ્યમાં અર્થાત્ કાળક્રમે તીર્થંકર થશે. એવી વાણી ત્યાં મહાવિદેહક્ષેત્રમાં પુરુષપણે મેં (બહેનશ્રીના જીવે) શ્રી તીર્થંકર અને શ્રી શ્રુતકેવળી બંને પાસેથી સાંભળી છે. તેથી સહજ સ્મરણરૂપ વેદનની જ્ઞાનપર્યાય પરિણમે છે.

## વર્તમાન ભવ

**પૂજ્ય ગુરુદેવશ્રી** : મહાવિદેહક્ષેત્રના આ ફતેહમંદ રાજકુમાર જ આ ભવમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે.

## ભવિષ્યના ભવ

(૧) **વૈમાનિક દેવ** : પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ભવ પછી અહીંથી પૂજ્ય ગુરુદેવશ્રી વૈમાનિક દેવ થશે.

(૨) **તીર્થંકર પુત્ર** : કોઈ ક્ષેત્રની ભૂમિ સુંદર અને હરિયાળી હશે ત્યાં કોઈ ધર્મધુરંધર એવા તીર્થંકર રાજાને ઘેર વૈમાનિક દેવગતિથી ચ્યવીને તેમના પુત્રરૂપે જન્મ લેશે (તે તીર્થંકર ભગવાનનું નામ 'સુજય' અથવા 'જય' હશે.) અહીં આ ભવમાં તે તીર્થંકર પ્રકૃતિનો બંધ કરશે.

(૩) **અહમિન્દ્ર** : ત્યાં તેઓ તે ભવમાં (તીર્થંકર પુત્રના ભવમાં) આબેહૂબ મુનિપણું પાળીને દેવલોકમાં અહમિન્દ્ર થશે.

(૪) **સૂર્યકીર્તિ તીર્થંકર** : અહમિન્દ્રથી ચ્યવીને તેઓ ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં સૂર્યકીર્તિ નામના તીર્થંકર (અપરનામ સર્વાંગસ્વામી) થશે.


(આ પ્રમાણે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના વર્તમાન ભવ સહિત પૂર્વના ચાર તથા ભાવિના ચાર એ પ્રમાણે નવ ભવનું વિસ્તૃત વર્ણન ''બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'' શાસ્ત્રમાં પ્રકાશિત થઈ ગયું છે. વિસ્તૃત જાણકારી માટે મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ભવાન્તરની વાતો તે શાસ્ત્રમાંથી વાંચીને પોતાની શ્રદ્ધાને સુદૃઢ કરે.)

# શ્રી પદ્મપ્રભસ્વામી પૂર્વે ત્રીજા ભવમાં

अपापापदमेयश्रीपादपद्म प्रभोऽर्दय।
पापमप्रतिमाभो मे पद्मप्रभ मतिप्रद।।


—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે પદ્મ પ્રભુ ! આપના ચરણકમળ પૂર્વસંચિત પાપકર્મથી રહિત છે, આપત્તિઓથી શૂન્ય છે અને અપરિમિત લક્ષ્મીના શોભાના આધાર છે તથા આપ પોતે પણ અનુપમ આભાથી–તેજથી સહિત છો. હે સમ્યગ્જ્ઞાન આપવાવાળા પદ્મપ્રભ જિનેન્દ્ર ! મારા પણ પાપકર્મને નષ્ટ કરો.



ભગવાન પદ્મપ્રભનો પૂર્વ ત્રીજો ભવ ધાતકીખંડમાં

બીજા ધાતકીખંડદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સીતા નદીના જમણા નદીના કિનારા ઉપર એક વત્સ નામનો દેશ હતો. તેની સુશીમા નગરીમાં એક સમયે અપરાજિત નામનો રાજા રાજ્ય કરતો હતો. વાસ્તવમાં રાજાનું જેવું નામ હતું તેવું જ તેનું બળ હતું. તે ક્યારેય પણ શત્રુઓથી પરાજિત થયો ન હતો. તેની ભૂજાઓમાં અપ્રતિમ બળ હતું. તેના સમક્ષ રણક્ષેત્રમાં કોઈ ઊભું રહી શકતું ન હતું. તેની પાસે જે વિશાળ સેના હતી તે માત્ર પ્રદર્શન માટે હતી, કારણ કે શત્રુઓ તેના અગમ્ય




પિહિતાશ્રવ જિનેન્દ્રના ચરણોમાં મહારાજ અપરાજિતનું દીક્ષાગ્રહણ તથા તીર્થંકર પ્રકૃતિનો બંધ

પ્રતાપના કારણે તેનાથી દૂર ભાગતા હતા. તેના પુણ્યથી વરસાદ ખેડૂતોની ઈચ્છાનુસાર વરસતો હતો. વર્ષની શરૂઆત, મધ્ય અને અંતમાં વાવવામાં આવેલા દરેક ધાન્ય પાકતા હતા. તે હંમેશા પોતાની પ્રજાના હિતમાં સંલગ્ન રહેતો હતો. રાજા અપરાજિતે દાન આપી આપીને ગરીબોને ધનિક બનાવી દીધા હતા. તેમની સ્ત્રીઓ પોતાના અનુપમ રૂપ સૌંદર્યથી દેવીઓને પણ પરાજિત કરતી હતી. તે સર્વે સાથે સંસારિક સુખ ભોગવતા થકા તેઓ લાંબા કાળ સુધી પૃથ્વીનું પાલન કરતા રહ્યા.

એકવાર કોઈ કારણવશ તેનું ચિત્ત વિષયવાસનાઓથી વિરક્ત થઈ ગયું હતું તેથી તે પોતાના પુત્ર સુમિત્રને રાજ્ય આપી વનમાં જઈ પિહાતાશ્રવ જિનેન્દ્રની પાસે દીક્ષિત થઈ ગયા. ત્યાં ખૂબ અધ્યયન કર્યું અને કઠણ તપશ્ચર્યાઓથી પોતાના આત્માને ઘણો નિર્મળ બનાવ્યો. ત્યાં જ તેમને દર્શનવિશુદ્ધિ–વિનયસંપન્નતા વગેરે સોલહકારણ ભાવનાઓનું ચિંતવન કરી તીર્થંકર નામની પુણ્ય પ્રકૃતિનો બંધ કર્યો હતો. જ્યારે તેમનું આયુષ્ય સમાપ્ત થવા આવ્યું, ત્યારે તેઓ સમસ્ત બાહ્ય પદાર્થોથી મોહ હટાવી શુદ્ધ આત્માના ધ્યાનમાં લીન થઈ ગયા, જેથી સમાધિમરણ કરીને તેઓ નવમા ગ્રૈવેયકના પ્રીતિકર વિમાનમાં ઋદ્ધિધારી અહમિન્દ્ર થયા.



મુનિરાજ અપરાજિત દ્વારા તપના પ્રભાવથી પ્રાપ્ત અહમિન્દ્ર પદ

# શ્રી અનંતનાથ જિનેન્દ્ર પૂર્વે ત્રીજા ભવમાં

त्वमीदृशस्तादृश इत्ययं मम प्रलापलेशोऽल्पमते र्महामुने।
अशेषमाहात्म्यमनीरयन्नपि शिवाय संस्पर्श इवामृताम्बुधेः॥


—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે મહામુનિ અનંતનાથ ભગવાન ! આપ આવા છો, તેવા છો એવો મારો અલ્પમતિનો આ પ્રલાપ કે જે આપના સમસ્ત માહાત્મ્યને પ્રગટ કરી શક્તો નથી, તોપણ આપ ક્ષુધાસાગરના સ્પર્શ સમાન કલ્યાણ માટે જ છો અર્થાત્ કલ્યાણ પ્રાપ્તિનું કારણ છે.



ભગવાન અનંતનાથ તીર્થંકરનો પૂર્વે ત્રીજો ભવ ધાતકીખંડમાં

ધાતકીખંડ દ્વીપના પૂર્વમેરુની ઉત્તર દિશામાં એક અરિષ્ટા નામનું નગર છે. જે પોતાની શોભાથી પૃથ્વીનું સ્વર્ગ કહેવાય છે. તે નગરમાં એક સમયે પદ્મરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પ્રજા તે રાજાથી સંપૂર્ણપણે સંતુષ્ટ હતી. તે પણ પ્રજાના હિત માટે કોઈ કસર રાખતો ન હતો. એકવાર તે સ્વયંપ્રભ તીર્થંકરની



સ્વયંપ્રભ તીર્થંકરની વંદના કરતા રાજા પદ્મરથ

ભગવાનના ઉપદેશથી વૈરાગ્ય પ્રાપ્ત પદ્મરથ રાજાની ભગવતી જિનદીક્ષા

વંદના માટે ગયા. ત્યાં તેઓએ ભક્તિપૂર્વક સ્તુતિ કરી અને સમીચીન ધર્મનું વ્યાખ્યાન સાંભળ્યું. વ્યાખ્યાન સાંભળ્યા પછી તેઓ વિચારવા લાગ્યા કે આ સર્વે ઈન્દ્રિયોના વિષયો ક્ષણભંગુર છે, ધન તે ધૂળ સમાન છે. યૌવન પહાડની નદીના જેવું છે, આયુષ્ય જળના પરપોટાની જેમ અનિત્ય છે અને ભોગો સર્પના ફેણની જેમ ભયોત્પાદક છે. હું નકામો રાજ્યકાર્યમાં ફસાયો છું એવો વિચાર કરી તેમને પોતાના પુત્ર ધનમિત્રને રાજ્ય આપી તે જ તીર્થંકર પાસે દિગંબર દીક્ષા લઈ લીધી. તેમની પાસે રહીને તે મુનિએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને દર્શનવિશુદ્ધિ વગેરે સોલહકારણ ભાવનાઓનું ચિંતવન કરી તીર્થંકર પ્રકૃતિનો બંધ બાંધ્યો. તેઓ આયુષ્યના અંતમાં સંન્યાસમરણ કરી સોળમા અચ્યુત સ્વર્ગમાં પુષ્પોત્તર વિમાનમાં દેવ થયા.


# શ્રી શાંતિનાથ તીર્થંકરનો
# પૂર્વે પાંચમો અને ત્રીજો ભવ

स्वदोषशान्त्यावहितात्मशान्तिः शान्तेर्विधाता शरणंगतानाम् ।
भूयाद्भवक्लेशभयोपशान्त्यै शान्तिर्जिनो मे भगवान शरण्यः ।।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—આપ રાગ–દ્વેષ વગેરે દોષને દૂર કરવાને કારણે શાંતિને ધારણ કરવાવાળા છો. શરણમાં આવેલા પ્રાણીઓના શાંતિવિધાતા અને જે કર્મરૂપ શત્રુઓના જીતવાવાળા છો, શરણાગતોની રક્ષા કરવામાં સક્ષમ હે ભગવાન ! શ્રી શાંતિનાથ અમારા સંસાર સંબંધી ક્લેશ અને ભયોની શાંતિ માટે અવતીર્ણ થાઓ. અને અમારા સંસારીક દુઃખ નષ્ટ કરો.

શ્રી શાંતિનાથ પ્રભુ પૂર્વે પાંચમા ભવમાં જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં શ્રી ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રાયુધ ચક્રવર્તી હતા. એકવાર ઇન્દ્રની સભામાં તેમના જ્ઞાનની પ્રશંસા સાંભળી એક દેવ (સૌત્રાન્તિક મતરૂપ) એકાંતવાદી પંડિતનું રૂપ ધારણ



એકાંતવાદી સાથે ધર્મચર્ચા કરતા શાંતિનાથ ભગવાનનો જીવ પૂર્વે પાંચમા ભવમાં

કરી પરિક્ષા કરવા આવ્યો. વજાયુધ દ્વારા અનેકાંતાત્મક સાચા ઉત્તરો સાંભળી તે આશ્ચર્યચકિત થઈ વજાયુધની સ્તુતિ કરે છે. (વિસ્તારથી જોવા માટે જુઓ જૈન પૌરાણિક કથા ભાગ-૪ પૃ. ૧૭-૩૦)

તે જ શાંતિનાથ ભગવાન પૂર્વે ત્રીજા ભવમાં જંબૂદ્વીપ વિદેહક્ષેત્રમાં શ્રી ઘનરથ તીર્થંકરના પુત્ર મેઘરથ રાજકુમાર હતા. તેઓ પૌષધોપવાસ કરી વનમાં મેરુ



શીલવ્રતમાં અડગ રહેતા ભગવાન શાંતિનાથનો જીવ પૂર્વે ત્રીજા ભવમાં

સમાન અડગ થઈ ધ્યાન કરતા હતા. ત્યારે ઈન્દ્રસભામાં તેમના શીલની પ્રશંસા સાંભળી બે દેવીઓ પરીક્ષા કરવા માટે આવી અને તેમની અવસ્થા જોઈ આશ્ચર્યચકિત થઈ અને તેમને નમસ્કાર કરે છે.

(વિસ્તૃત કથા જોવા માટે જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૪, પાનું ૧૭-૩૦)


# ભગવાન શ્રી મહાવીરસ્વામીનું કેવળજ્ઞાન કલ્યાણક

कीर्त्या भुवि भासि तथा वीर! त्वं गुणसमुच्छ्रया भासितया।
भासोडुसभासितया सोम इव व्योम्नि कुन्दशोभासितया।।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે વીર ! હે વર્ધમાન જિનેન્દ્ર ! આપ પૃથ્વી પર આત્મા અને શરીર–સંબંધી ગુણોથી ઉત્પન્ન, સુશોભિત–ઉજ્જ્વલ, તે ખ્યાતિથી નક્ષત્રોની સભામાં આસિત–સ્થિત, તથા કુંદ કુસુમની શોભા સમાન સફેદ કાંતિથી આકાશમાં ચંદ્રમા સમાન સુશોભિત થાઓ છો.

દીક્ષા પછી શ્રી મહાવીરસ્વામી જો કે છ માસ સુધી અનશન તપ કરવામાં સંપૂર્ણપણે યોગ્ય હતા, તોપણ બીજા મુનીશ્વરોને ચર્યામાર્ગની પ્રવૃત્તિ બતાવવાની ઈચ્છાથી તેઓએ પારણું કરી લેવાનો નિશ્ચય કર્યો. આ પારણું (ઉપવાસ પછી આહાર) શરીરની સ્થિતિને શક્તિ પ્રદાન કરે છે. મહાવીરપ્રભુ ઈર્યાપથની શુદ્ધિને ધ્યાનમાં લઈ વિહાર કરવા લાગ્યા. આહારદાન આપવાવાળો નિર્ધન છે કે ધનવાન ? તેનું આપેલું આહારદાન પવિત્ર છે કે અપવિત્ર? આ પ્રમાણે તેઓ પોતાના ચિત્તમાં વૈરાગ્યનું ચિંતવન કરતા થકા, સ્વયં વિશુદ્ધ આહારની શોધમાં વિચરવા લાગ્યા. તેઓ ન તો મંદગતિથી ચાલતા હતા કે ન એકદમ તીવ્ર ગતિથી. ધીમી ચાલથી પગને આગળ વધારતા થકા તેઓએ કૂલ નામના એક સુંદર નગરમાં પ્રવેશ કર્યો. તે નગરનો રાજા કૂલ અત્યંત પરિશ્રમ બાદ પ્રાપ્ત થયેલા પ્રિય ધનકોષ (ખજાનો)ની જેમ અનાયાસ જ આવેલા ઉત્તમ પાત્ર તથા જિનેન્દ્રને જોઈને પરમ પ્રસન્ન થયો. કૂલ રાજાએ મહાવીરસ્વામીની ત્રણ પ્રદક્ષિણાઓ કરી તથા ભૂમિ પર પાંચે અંગોને ફેલાવીને પ્રણામ કર્યા. ત્યારબાદ આનંદ-ઉલ્લાસના કારણે તિષ્ઠ- તિષ્ઠ (રોકાઓ-




કૂલ રાજા દ્વારા મુનિરાજ મહાવીરને આહારદાન

રોકાઓ) એમ કહ્યું. ધર્મબુદ્ધિ રાજાએ પ્રભુને એક પવિત્ર તથા ઊંચા સ્થાન પર બેસાડ્યા તથા તેમના કમળ જેવા સુંદર તથા કોમળ ચરણોને પવિત્ર જળથી ધોયા. તે પ્રભુના પાદપ્રક્ષાલન જળને પોતાના સંપૂર્ણ અંગોમાં લગાવ્યું. ત્યારબાદ રાજાએ જલાદિ આઠ પ્રકારના પ્રાસુક દ્રવ્યોથી પ્રભુની ભક્તિપૂર્વક પૂજા કરી. રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે આજ મારા ઘરમાં સુપાત્ર ઉત્તમ અતિથિના આવવાથી મારું ગૃહસ્થ જીવન સફળ થયું. હું પુણ્યકર્મા છું આ પવિત્ર વિવેકથી રાજાનું મન ઘણું જ પવિત્ર થઈ ગયું. હે દેવ! હે પ્રભુ! આજ આપના આગમનથી હું ધન્ય થઈ ગયો. આપે મારા ઘરને પરમ પવિત્ર બનાવી દીધું. એમ કહેવાથી રાજાના વચન પવિત્ર થઈ ગયા. પાત્રદાન કરવાથી તેના હાથ તથા શરીર પવિત્ર થઈ ગયું. આમ વિચારવાથી રાજાની કાયશુદ્ધિ થઈ ગઈ. તેને કૃત આદિ દોષોથી રહિત પ્રાસુક અન્નથી તૈયાર કરેલા વિમળ આહારદાનથી એષણાને શુદ્ધ કરી. આ પ્રમાણે કૂલ રાજાએ નવધાભક્તિથી મહાન પુણ્યનું ઉપાર્જન કર્યું.

ત્યારબાદ, રાજાએ હિતકારક ઉત્તમ પાત્રને મન-વચન-કાયાથી પવિત્ર થઈને શ્રદ્ધા-ભક્તિથી વિધિપૂર્વક ખીરનું આહારદાન કર્યું. તે વિશુદ્ધ આહાર પ્રાસુક તેમ જ સ્વાદિષ્ટ હતો. નિર્મળ તપને વધારવાવાળો તથા ક્ષુધા-પિપાસાને શાંત કરવાવાળો હતો. તે રાજાના દાનથી દેવો ઘણા જ પ્રસન્ન થયા અને પુણ્યોદયના કારણે રાજપ્રસાદના આંગણામાં રત્નોની અવિરલ વર્ષા થઈ. તે રત્નો સાથે પુષ્પવૃષ્ટિ તેમ જ જલવૃષ્ટિ પણ થઈ. તે જ સમયે આકાશમંડળમાં દુંદુભિ વગેરે વાજિંત્રોનું ગંભીર તુમુલ ધ્વનિ સહ મધુર શબ્દો સાંભળવાથી એવું લાગતું હતું કે જાણે રાજા પુણ્ય અને ઉત્તમ યશનું ગંભીર સ્વરે ગીત ગાઈ રહ્યો હોય.

આહાદાનના સમયે વીતરાગી શ્રી મહાવીર તીર્થંકરે પોતાના શરીરની સ્થિતિના વિચારથી અંજલિરૂપી પાત્ર દ્વારા ખીરનું ગ્રહણ કર્યું તથા આ આહાર ગ્રહણના ઉત્તમ ફળથી રાજાને અનુગ્રહિત કરી તથા તેના ઘરને પવિત્ર કરી ભગવાન પુનઃ વન તરફ ચાલ્યા ગયા. રાજાએ પણ પોતાના જન્મગ્રહ અને ધનને અપ્રત્યાશીત પુણ્ય પ્રભાવથી પ્રાપ્ત થયેલું માન્યું તથા પોતાનું અહોભાગ્ય સમજવા લાગ્યો. આ શ્રેષ્ઠ દાનનું મન-વચન-કાયથી અનુમોદન કરવાને કારણે અર્થાત્ દાતા અને પાત્રની પ્રશંસા કરવાના કારણે ઘણા લોકોએ દાતા સમાન જ ઉત્તમ પુણ્યનું ઉપાર્જન કર્યું.

જિનેશ્વર શ્રી મહાવીર પ્રભુ વિવિધ દેશના અનેક નગરો, ગ્રામ તથા ઉપવનના વાયુમાં જેમ સ્વચ્છગતિથી વિચારવા લાગ્યા. તેઓ મોહ અને મમતાથી રહિત હતા. તથા યોગ-ધ્યાનાદિની સિદ્ધિ માટે સિંહ સમાન નિર્ભય થઈને રાત્રિના સમયે પર્વતની અંધારી ગુફામાં, સ્મશાનમાં તથા એકદમ ભયંકર નિર્જન વનમાં રહેતા હતા. ક્રમશઃ છઠ્ઠા અને આઠમા ઉપવાસથી શરૂઆત કરી તેઓ છ માસ સુધી અનશન તપને કરતા હતા. તેઓ પારણાના દિવસે તો અવમૌદર્ય તપ તથા કોઈ પારણાના દિવસે લાભાન્તરની ઈચ્છાથી પાપોદય દૂર કરવાવાળી ચતુષ્પક્ષાદિની પ્રતિજ્ઞા કરી વૃત્તિપરિસંખ્યાન તપ કરતા હતા.

આ પ્રકારના પરમ ઉજ્જવળ ચારિત્રયુક્ત મહાવીરપ્રભુ સંપૂર્ણ પૃથ્વી પર વિહાર કરતા થકા ઉજ્જયિની નામની એક મહાનગરીના અતિમુક્ત નામના સ્મશાનમાં જઈ પહોંચ્યા. તે મહાભયાનક સ્મશાનમાં પહોંચીને મહાવીર પ્રભુએ મોક્ષ પ્રાપ્તિ માટે શરીરનું મમત્વ છોડી પ્રતિમાયોગ ધારણ કરી લીધો તથા પર્વત

સમાન અચલભાવે અવસ્થિત થઈ ગયા. સુમેરુ પર્વતના ઉન્નત શિખર સમાન તથા પરમાત્માના ધ્યાનમાં લીન શ્રી જિનેન્દ્ર મહાવીર પ્રભુને જોઈ તેમના ધૈર્યની પરીક્ષા કરવા માટે ત્યાં સ્થાણુ નામનો અંતિમ રુદ્ર (મહાદેવ)ને ઉપસર્ગ કરવાની ઈચ્છા થઈ. તે જ સમયે પૂર્વકૃત પાપોનો ઉદય જિનેન્દ્રદેવને થવાનો હતો.



સ્થાણુ રુદ્ર દ્વારા મુનિરાજ મહાવીર ઉપર કરવામાં આવેલ અનેક ઉપસર્ગ

તે સ્થાણુ રુદ્ર અનેક ભયંકર તથા નામ-કૃતિ સ્થૂળકાય પિશાચોને પોતાની સાથે લઈ મહાવીરસ્વામીના ધ્યાનને ભંગ કરવા માટે તૈયાર થયો. રાત્રિના સમયે સ્થાણુ રુદ્ર પોતાના મોટા-મોટા લાલ નેત્રોને ફાડી-ફાડીને જોતો થકો જિનેન્દ્ર પ્રભુના સન્મુખ આવ્યો, તે સમયે તે ભયંકર અવાજ કરી રહ્યો હતો. ધારવાળા ભયાનક

દાંતોને બતાવી બતાવીને અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. ભગવાનનું ધ્યાન ભંગ કરવા માટે પ્રચંડ તાલ, સ્વર અને લયને ગાઈ, બજાવી નાચી રહ્યો હતો. સાથે-સાથે ફાડેલા વિશાળ મુખને તથા હાથમાં તીક્ષ્ણ શસ્ત્રોને ધારણ કરી રહ્યો હતો. આ પ્રકારના મહા ભયોત્પાદક સ્વરૂપને લઈને તે મહાવીરસ્વામીના સન્મુખ આવ્યો તથા તેમનું ધ્યાન ભંગ કરવા માટે તેમના ઉપર ઘણો મોટો ઉપસર્ગ કર્યો. પરંતુ આ ઉપદ્રવોનો મહાવીર પ્રભુ પર કોઈપણ પ્રકારનો પ્રભાવ પડ્યો નહીં. તેમનું ધ્યાન યથાપૂર્વ અચળ અને અતૂટ થઈ રહ્યું. જ્યારે આટલું કરવા છતાં પણ તે રુદ્ર જિનેન્દ્ર ભગવાનનું ધ્યાન ભંગ ન કરી શક્યો ત્યારે તેને બીજા ઉપાયોનું અવલંબન લીધું. સ્થાણુ રુદ્રએ સર્પ, સિંહ, હાથી, પ્રબળ વાયુ તથા અગ્નિ ઈત્યાદિ રૂપમાં આવીને તથા ઉત્પીડિક વચનો દ્વારા ઉગ્ર ઉપસર્ગનો આરંભ કર્યો. આ ઉપસર્ગોથી નિર્બળ હૃદયમાં તો ભયનો સંચાર થઈ શકે. પરંતુ મહાવીર ભગવાનના હૃદયમાં ભય કેવી રીતે પ્રવેશી શકે. તેઓ તો બરાબર અચળ થઈ રહ્યા. તેમનું ધ્યાન ભંગ તો દૂર રહ્યું, પરંતુ ઉત્તરોત્તર તેમના ધ્યાનની ગંભીરતા વધતી ગઈ. જ્યારે સ્થાણુ રુદ્રને આટલું કરવાથી સફળતા ન મળી ત્યારે તે અન્ય પ્રકારથી ઘોર ઉપસર્ગ કરવા લાગ્યો. ભીલોનું રૂપ ધારણ કરી ભયાનક શસ્ત્ર-અસ્ત્રો બતાવી પ્રભુના હૃદયમાં ભય ઉત્પન્ન કરવા લાગ્યો. પરંતુ આ અનેક ઉગ્ર ઉપદ્રવોથી પ્રપીડિત થવા છતાં પણ જગતસ્વામી મહાવીર ભગવાન રંચમાત્ર પણ ચલાયમાન થયા નહીં અને પર્વત સમાન અડગ રહ્યા. કિંચિત્માત્ર પણ ખિન્નતાનો આભાસ તેમની મુખાકૃતિ પર દેખાયો નહીં. આચાર્યદેવે કહ્યું કે અચળ પર્વત ચલાયમાન થઈ જાય એ સંભવિત છે પરંતુ શ્રેષ્ઠ યોગીઓનું ચિત્ત હજારો ઉપદ્રવ દ્વારા કદાપિ ચલાયમાન થઈ શકે નહીં. આ સંસારમાં તે લોકો જ ધન્ય છે કે જે ધ્યાનમગ્ન થઈ જવાથી અનેક ઉપદ્રવો થવા છતાં પણ વિકારયુક્ત થઈને ધ્યાનભંગ કદાપિ થતા નથી.

આ પછી જ્યારે જિનેન્દ્રદેવ મહાવીરસ્વામીનું ધ્યાન ભંગ કરવામાં સ્થાણુ રુદ્રને બિલકુલ સફળતાની આશા ન રહી ત્યારે તે હતાશ તથા લજ્જિત થઈને તેમની સ્તુતિ કરવા લાગ્યો : હે દેવ! આ સંસારમાં આપ જ બળવાન છો, આપ જ જગત્‌ગુરુ છો તથા વીર શિરોમણિ છો તેથી આપનું નામ મહાવીર છે. આપ મહાધ્યાની છો, સંપૂર્ણ જગતના સ્વામી છો, સકળ પરિષહોના વિજેતા છો. વાયુ સમાન નિસંગ વીર છો, તથા કુલાચલની માફક અચળ છો. તમો ક્ષમામાં પૃથ્વીની

જેમ, ગંભીરતામાં સમુદ્રની જેમ તથા પ્રસન્નચિત્ત હોવાના કારણે નિર્મળ જળસમાન છો. કર્મરૂપી જંગલને નષ્ટ કરવા માટે આપ અગ્નિના અંગારા સમાન છો. હે પ્રભો! આપ ત્રણ લોકમાં વૃદ્ધિગત તેમ જ બુદ્ધિશાળી હોવાના કારણે સન્મતિ છો, આપ જ મહાબલી તથા પરમાત્મા છો, હે નાથ! આપ નિશ્ચલરૂપને ધારણ કરવાવાળા છો તથા પ્રતિમાયોગને ધારણ કરવાવાળા છો, આપ પરમાત્માસ્વરૂપ છો, આપને સદૈવ નમસ્કાર હો, આ પ્રમાણે સ્થાણુ રુદ્રએ મહાવીર ભગવાનની સ્તુતિ કરી નમસ્કાર કર્યા તથા ભગવાન પ્રતિ ઈર્ષ્યા છોડી પોતાની પ્રિય પાર્વતી સાથે આનંદિત થઈને પોતાના સ્થાને ચાલ્યો ગયો. જ્યારે મહાપુરુષોનું યોગજન્ય સાહસ તથા શક્તિને જોઈને રુદ્ર પણ પરમ આનંદિત થઈ જાય છે ત્યારે સત્પુરુષોનું તો કહેવું જ શું? સજ્જનોનો તો બીજાના ગુણ ઉપર મુગ્ધ થઈ જવાનો સ્વભાવ જ હોય છે.

આ પ્રમાણે ધ્યાનાગ્નિથી અલંકૃત તે મુનિરાજ એકવાર જામ્ભૃક ગામની ઋજુકલા નદીના કિનારે મનોહર વનમાં સાલ વૃક્ષના નીચે મહારત્નશિલાપટ ઉપર બે દિવસના ઉપવાસ કરી આરૂઢ થયા. વૈશાખ સુદ દસમના દિવસે કર્મરૂપી શત્રુઓની અનેક સંતતિઓને નષ્ટ કરી શ્રી મહાવીર પ્રભુ દસમા ગુણસ્થાન પર આરૂઢ થયા તથા ત્યાં શુક્લધ્યાનના પ્રભાવથી સંજ્વલન લોભને નષ્ટ કરી ક્ષીણકષાયી થઈ ગયા. તેઓ તેના સહિત મોહકર્મરૂપી રાજાને નષ્ટ કરી શૂરવીરની જેમ શોભાયમાન થયા. ત્યારપછી તેઓ બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા. ત્યાં કેવળજ્ઞાનરૂપી ઉત્તમ રાજ્યનો અધિકાર પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થયા. મહાવીર ભગવાને બારમા ગુણસ્થાનમાં અંતિમ બે સમયમાંથી પૂર્વ સમયમાં નિદ્રા અને પ્રચલા આ બંને કર્મોનો નાશ કર્યો. આ કાર્યમાં તેમને શુક્લધ્યાનના બીજા ભાગથી સહાયતા મળી. તેના પછી જગદ્ગુરુ શ્રી મહાવીરસ્વામીએ શુક્લધ્યાનના બીજા ભાગથી પાંચ જ્ઞાનાવરણ કર્મ, નવ દર્શનાવરણ કર્મ, પાંચ અંતરાયકર્મનો નાશ કરી દીધો. જે રીતે કોઈ તીક્ષ્ણ બાણોથી કપડાને છિન્ન-ભિન્ન કરી નાખે તે રીતે પ્રભુએ કર્મોનો નાશ કર્યો. તેઓ બારમા ગુણસ્થાનના અંતમાં ત્રેસઠ પ્રકૃતિઓનો નાશ કરી તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા. તે જ ગુણસ્થાનમાં તેઓએ અતિઉત્તમ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું કે જે અનંત છે, લોકાલોકના સ્વરૂપનું પ્રકાશક છે, અપરિમેય મહામહિમાશાળી છે તથા અક્ષય મોક્ષરાજ્યને આપવાવાળું છે.




ભગવાન મહાવીર સમવસરણમાં

જિનેન્દ્રદેવ શ્રી મહાવીર ભગવાને વૈશાખ સુદ દસમના દિવસે સાંજના સમયે હસ્ત અને ઉત્તરા નક્ષત્રના મધ્યમાં શુભ ચંદ્રયોગ થવાથી મોક્ષપ્રદાતા ક્ષાયિક સમ્યક્ત્વ, યથાખ્યાત સંયમ, અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, ક્ષાયિકદાન, લાભ, ભોગ, ઉપભોગ તથા ક્ષાયિક વીર્ય—આ નવ ક્ષાયિક શ્રેષ્ઠ લબ્ધિઓને પ્રાપ્ત કરી. આ પ્રમાણે જ્યારે ભગવાન મહાવીરસ્વામીએ ઘાતિયાકર્મરૂપી મહાશત્રુઓને જીતી લીધા તથા કેવળજ્ઞાનરૂપી અલભ્ય સંપત્તિને પ્રાપ્ત કરી ત્યારે આકાશમાંથી દેવ-દેવો જયજયકાર કરવા લાગ્યા તથા દુંદુભિ આદિ અનેક પ્રકારના મનોહર વાદ્યો વાગવા લાગ્યા. દેવોના અપાર વિમાન સમૂહથી સમસ્ત આકાશ મંડળ ઢંકાઈ ગયું. અતૂટ પુષ્પવર્ષા થવા લાગી. ઈન્દ્ર સાથે સર્વદેવોએ ભગવાન મહાવીરસ્વામીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક પ્રણામ કર્યા. આઠેય દિશાઓ તથા આકાશ એકદમ નિર્મળ થઈ ગયું. શીતલ, મંદ, સુગંધિત હવા વહેવા લાગી. ઈન્દ્રાસન કંપિત થવા લાગ્યું. તે જ સમયે કુબેર મહાવીર પ્રભુના અનુપમેય ગુણોથી મુગ્ધ થઈને ભક્તિવશ તેમના દૈવી સમોસરણની રચના કરવા પ્રવૃત્ત થયા. જે મહાવીરપ્રભુએ ઘાતિયાકર્મરૂપી શત્રુઓને નષ્ટ કરીને અનંત અને અનુપમ ક્ષાયિકગુણોને પ્રાપ્ત કરી લીધા છે તેઓ સંપૂર્ણ ભવ્યજીવોને પરમ આનંદ પ્રદાન કરવા લાગ્યા. જેઓએ કેવળજ્ઞાનરૂપી ઉત્તમ રાજ્યનો સ્વીકાર કર્યો છે તથા જેઓ ભવ્યજીવો માટે મુગુટમણિ સમાન સ્વભાવના છે તે ત્રૈલોક્યતારણહાર મહાવીર ભગવાનને હું તેમના ઉત્તમ ગુણોની પ્રાપ્તિ માટે નમસ્કાર-સ્તુતિ કરું છું.

# તીર્થંકર જિનેન્દ્રદેવના આઠ પ્રાતિહાર્યો




જિનેન્દ્ર ભગવાનના આઠ પ્રાતિહાર્ય



૧. **અશોકવૃક્ષ** : ઋષભાદિ તીર્થંકરોને સમવસરણમાં ભગવાન પર જે વૃક્ષ હોય છે તે જ અશોકવૃક્ષ છે.




૨. **ત્રણ છત્ર** : ચંદ્રમંડળની જેમ તથા મુક્તાસમૂહના પ્રકાશથી સંયુક્ત ત્રણ છત્રો બધા તીર્થંકરોના મસ્તકો ઉપર શોભાયમાન થાય છે.



૩. **સિંહાસન** : નિર્મળ સ્ફટિક પાષાણથી નિર્મિત તથા ઉત્કૃષ્ટ રત્નોના સમૂહથી સંચિત તે તીર્થંકરોનું જે વિશાળ સિંહાસન હોય છે તેનું વર્ણન કરવા કોણ સમર્થ છે?



૪. **ૐકાર ધ્વનિ** : ૐ જેવો નાદ. (ભગવાનની વાણી)



૫. **દુંદુભિનાદ** : વિષયકષાયમાં આસક્ત હે જીવો! મોહથી રહિત થઈને જિનેન્દ્ર ભગવાનના ચરણે આવો. ભવ્યજીવોને આવું કહેવા માટે દેવો ગંભીર દુંદુભિનાદ બજાવે છે.



૬. **પુષ્પવૃષ્ટિ** : ઝુન-ઝુન શબ્દ કરી રહેલા ભમરાઓથી વ્યાપ્ત, તથા ઉત્તમ ભક્તિથી યુક્ત દેવો દ્વારા છોડવામાં આવેલી પુષ્પવૃષ્ટિ ભગવાન જિનેન્દ્રના ચરણકમળમાં પડે છે.



૭. **પ્રભામંડળ** : સર્વે લોકોને દર્શનમાત્રથી પોતપોતાના સાત (ત્રણ પૂર્વના ભવ, ત્રણ ભવિષ્યના ભવ અને એક વર્તમાનનો ભવ) ભવ દેખાય છે અને જે કરોડો સૂર્ય સમાન ઉજ્જ્વળ છે. તીર્થંકર ભગવાનનું આ પ્રભામંડળ જયવંત છે.



૮. **ચામર** : દેવો વડે ઝુલાવવામાં આવતા મૃણાલ, કુંદપુષ્પ, ચંદ્રમા તથા શંખથી સજાવવામાં આવેલા ચોસઠ ચામરોથી વિદ્યમાન જિનેન્દ્રદેવ જયવંત હો.


भगवान श्री आदिनाथके पूर्व भव
६. श्रीधर देव
७. भोगभूमि आर्य
५. सुविधि राजा
८. वज्रजंघ राजा
४. अच्युतेन्द्र
९. ललितांग देव
३. वज्रनाभि राजा
१. प्रथम तीर्थंकर
श्री आदिनाथ भगवान
१०. महाबल राजा
२. अहमिन्द्र

# ભગવાન શ્રી આદિનાથનો પૂર્વે દસમો ભવ

स्वयम्भुवा भूतहितेन भूतले। समञ्जसज्ञान विभूतिचक्षुषा।
विराजितं येन विधुन्वता तमः। क्षपाकरेणेव गुणोत्करैः करैः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે આદિનાથ ભગવાન ! આપ સ્વયંભૂ હતા એટલે કે બીજાના ઉપદેશ વિના મોક્ષમાર્ગને જાણીને તથા તે રૂપ આચરણ કરીને અનંતચતુષ્ટયસ્વરૂપ થયા છો. પ્રાણીઓના માટે હિતકારક છો સમ્યગ્જ્ઞાનની વિભૂતિરૂપ નેત્રોથી યુક્ત છો અને સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિમાં કારણભૂત ગુણોના સમૂહથી યુક્ત વચનો દ્વારા કર્મરૂપી અજ્ઞાન અંધકારને નષ્ટ કરતા થકા જે પૃથ્વી ઉપર અર્થપ્રકાશત્વ વગેરે ગુણોથી યુક્ત કિરણો દ્વારા અંધકારને નષ્ટ કરતા થકા ચંદ્રમા સમાન સુશોભિત થતા હતા. આ પ્રમાણે ભગવાન આપ સ્વયંભૂ નામને સાર્થક કરવાવાળા છો.

રાજા અતિબળ જેવા વીર, પરાક્રમી, યશસ્વી, દયાળુ અને નીતિનિપુણ રાજાઓ પૃથ્વીતળ પર અધિક નહોતા. તેમની નીતિનિપુણતા અને પ્રજાવત્સલતા ચારે બાજુ પ્રસિદ્ધ હતી. તેઓ ક્યારેક સૂર્ય સમાન અત્યંત તેજસ્વી થઈને શત્રુઓને સંતાપ પહોંચાડતા હતા અને ક્યારેક ચંદ્રમાની જેમ શાંતવૃતિથી પ્રજાનું પાલન કરતા હતા. તેમની નિર્મળ કીર્તિ ચારે બાજુ ફેલાઈ રહી હતી. રાજા અતિબળના વ્યક્તિત્વના સામે દરેક વિદ્યાધર રાજાઓ પોતાનું મસ્તક નમાવતા હતા. તેઓ સમુદ્રથી અધિક ગંભીર હતા, મેરુથી અધિક સ્થિર હતા, બૃહસ્પતિથી ઘણા વિદ્વાન હતા અને સૂર્યથી પણ અધિક તેજસ્વી હતા. મહારાજા અતિબળના રાણીનું નામ મનોહરા હતું. જેવું મનોહરા નામ હતું તેવું જ તેમનું રૂપ હતું. તેમના ચરણો કમળ સમાન સુંદર હતા અને નખ મોતીઓ જેવા ચમકતા હતા. જંઘાઓ કામદેવ સમાન લાગતી હતી. અને કેળના સ્તંભ સમાન ભલી હતી. તેમના વિસ્તૃત નિતંબ સ્થૂળ તથા ઘણા મનોહર હતા. મનોહરાની ગંભીર નાભિ કાળી રોમ સમૂહ અને પાતળી કમર અધિક સુંદર દેખાતી હતી. તેમના બંને સ્તન શ્રૃંગાર સુધાથી ભરેલા સુવર્ણકળશ જેવા લાગતા

હતા. તેઓની ભૂજાઓ કમળના છોડ જેવી મનોહર હતી અને હાથ કમળોની શોભાને જિતતા હતા. તેમનો કંઠ શંખ જેવો સુંદર હતો, હોઠ કમળની પાંખડી જેવા અને દાંત મોતી જેવા દેખાતા હતા. તેમની બોલી આગળ કોયલ પણ લજ્જિત થતી હતી. મનોહરાના મુખ આગળ પૂર્ણિમાના ચંદ્રમાને પણ હાર માનવી પડતી હતી. તેમનું સમગ્ર શરીર તપાયેલા સુવર્ણની જેમ ચમકતું હતું. કોઈ તેમને જોઈને એકાએક વિદ્યાધરી કહેવાનું સાહસ કરી શકે નહીં. ખરેખર તેઓ તે મનોહરા અતિશય સુંદર હતી. રાજા અતિબળે રાણી મનોહરાની સાથે અનેક પ્રકારના સુખમાં સમય વીતાવતા હતા. કેટલાક સમય પછી મનોહરાની કૂખથી એક બાળક ઉત્પન્ન થયો. બાળકના જન્મકાળે અનેક શુભ શુકન થયા. રાજા અતિબલે દુઃખી-દરિદ્રોને માટે કિમિચ્છક દાન આપ્યું અને પ્રજાએ અનેક ઉત્સવો ઉજવ્યા. બાળકની વિવિધ ચેષ્ટાઓ જોઈને રાજા અતિબળે તેનું નામ મહાબળ રાખ્યું. બાળક મહાબળ બીજના ચંદ્રમાની જેમ દરરોજ વૃદ્ધિગત થવા લાગ્યો. તેમની અદ્‌ભુત લીલાઓ જોઈ અને મીઠી વાણી સાંભળી માતા ખુશ થતા હતા. તેની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. તેથી તે કુમારે અલ્પવયમાં સમસ્ત વિદ્યાઓ શીખી લીધી. પુત્રની ચતુરાઈ અને નીતિનિપુણતા જોઈને રાજા અતિબળે તેમને યુવરાજ બનાવી દીધા અને પોતે નિશ્ચિંત થઈને ધર્મધ્યાન કરવા લાગ્યા.


એકવાર યોગ્ય કારણ પ્રાપ્ત કરી રાજા અતિબળનું હૃદય સંસારથી વિરક્ત થઈ ગયું. તેમને પાંચ ઈન્દ્રિયના વિષય ક્ષણભંગુર, દુઃખદાયી લાગવા લાગ્યા. તેઓએ બાર ભાવનાઓનું ચિંતવન કરી જિનદીક્ષા ધારણ કરવાનો દૃઢ નિશ્ચય કરી


રાજા અતિબળનું અનેક રાજાઓ સાથે દીક્ષાગ્રહણ


લીધો. ત્યારબાદ મંત્રી, સામંત વગેરેની સમક્ષ પોતાના વિચાર પ્રગટ કરી યુવરાજ મહાબળને રાજ્ય તથા અનેક પ્રકારના ધાર્મિક અને નૈતિક ઉપદેશ આપી સ્વયં નિર્જનવનમાં દીક્ષા ગ્રહણ કરી લીધી. રાજા અતિબળ સાથે અનેક વિદ્યાધર રાજાઓએ જિનદીક્ષા લીધી.

એક તરફ અતિબળ રાજા આત્મશુદ્ધિ માટે ઉગ્ર તપ કરવા લાગ્યા અને બીજી બાજુ મહાબળ રાજા પણ નીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા.

રાજા મહાબળની શાસનપ્રણાલીથી સમસ્ત પ્રજા મુગ્ધ હતી. ધીરે-ધીરે રાજા મહાબળનું યૌવન વિકાસ પામવા લાગ્યું. તેમના શરીરની શોભા ઘણી વિચિત્ર થઈ ગઈ હતી. તેમનું સુંદર રૂપ જોઈને સ્ત્રીઓનું મન કામથી આકુલિત થઈ ઊઠતું હતું. ત્યારબાદ, મંત્રી વગેરેની સલાહથી યોગ્ય કુલીન વિદ્યાધર કન્યાઓ સાથે તેમના લગ્ન થયાં. હવે રાજા મહાબળ ધર્મ, અર્થ અને કામનું સમાનરૂપે સેવન કરવા લાગ્યા. તેમને



મહામતી, સંભિન્નમતિ, શતમતિ અને સ્વયંબુદ્ધ નામના ચાર મંત્રિઓ હતા. આ ચારેય મંત્રિઓ રાજ્યકાર્ય કરવામાં ઘણા ચતુર હતા. રાજા મહાબળ પણ તે કાર્ય કરતા હતા તે મંત્રિઓની સલાહ લઈને કરતા હતા, તેથી તેમના રાજ્યમાં કોઈપ્રકારની બાધા આવતી ન હતી. ઉપર જે ચાર મંત્રિઓનું કથન છે તેમાં  સ્વયંબુદ્ધ મંત્રીને છોડી બાકીના ત્રણ મહામિથ્યાદૃષ્ટિ હતા તેથી તે ત્રણ મંત્રિઓ રાજા મહાબળ તથા સ્વયંબુદ્ધ સાથે ધાર્મિક વિષયોમાં વિદ્વેષ રાખતા હતા. પરંતુ રાજા મહાબળ તેનાથી રાજનીતિમાં કોઈ વાંધો આવતો ન હતો. સ્વયંબુદ્ધ મંત્રી ખરેખર જિનભકત હતા. તેઓ નિરંતર રાજા મહાબળના હિતના ચિંતનમાં લાગ્યા રહેતા હતા.



(૧) મુનિરાજ પાસેથી પોતાના મહાબલ રાજાની ભવ્યતાના વિષે જાણતા સ્વયંબુદ્ધ મંત્રી
(૨) રાજા મહાબલને મુનિરાજ પાસેથી સાંભળેલી વાત બતાવતા સ્વયંબુદ્ધ મંત્રી

મહાબળ રાજાને તેમના સ્વયંબુદ્ધ મંત્રી ધર્મોપદેશ આપતા હતા. પરંતુ તેની રાજા પર શું અસર થાય છે તે સંબંધમાં તેઓ અવિશ્વત હતા. એકવાર મેરુ પર્વત પર અકૃત્રિમ જિનબિંબોની વંદના કરવા માટે વિદેહક્ષેત્રથી આવેલા બે ચારણઋદ્ધિધારી મુનિવરોને મંત્રી પૂછે છે કે—મારો રાજા ભવ્ય છે કે અભવ્ય? તેના ઉત્તરમાં મુનિરાજે કહ્યું કે તારો રાજા આજથી દસમાં ભવમાં ભરતક્ષેત્રમાં ઋષભદેવ નામનો તીર્થંકર થશે. હવે તેનું આયુષ્ય એકમાસ જ બાકી છે. આવો ઉત્તર સાંભળી મંત્રી રાજાને વાત કરે છે. રાજા વ્રતધારી થાય છે.

મંત્રીના કહેવાથી રાજા મહાબળને દૃઢ નિશ્ચય થઈ ગયો કે હવે પોતાનું આયુષ્ય ફક્ત એક મહિનાનું બાકી રહી ગયું છે. તે સમય અષ્ટાહ્નિકા વ્રતનો હતો, તેથી તેમણે જિનમંદિરમાં આઠ દિવસ મોટો ઉત્સવ કર્યો અને બાકીના બાવીસ દિવસ સંન્યાસ ધારણ કર્યો. તેમને સંન્યાસવિધિ મંત્રી સ્વયંબુદ્ધ બતાવતા હતા. આયુષ્યના અંતમાં પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતા મહાબલ રાજાએ નશ્વર શરીરનો ત્યાગ કરી ઈશાન સ્વર્ગના શ્રીપ્રભ વિમાનમાં ધારક દેવ થયા.

(વિસ્તૃત કથા માટે જુઓ જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૧, પાનુ ૧૧ થી ૨૩)

# ભગવાન શ્રી આદિનાથનો પૂર્વે નવમો ભવ

प्रजापतिर्यः प्रथमं जिजीविषू। शशास कृष्यादिषु कर्मसु प्रजाः।
प्रबुद्धतत्वः पुनरद्भुतोदयो। ममत्वतो निर्विविदे विदांवरः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે આદિનાથ ભગવાન ! આપ ત્રણ લોકની સમસ્ત જનતાના સ્વામી હતા. આપે કર્મભૂમિના પ્રારંભમાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન દ્વારા કર્મ તથા તેના ફળને જાણવાવાળા, જીવિત રહેવાની ઇચ્છુક જનતાને ખેતી આદિ આજીવિકાના ઉપયોગી છ કાર્યોમાં શિક્ષિત કર્યા હતા અને પછી હેય-ઉપાદેય તત્ત્વોને સારી રીતે જાણીને ઇન્દ્ર વગેરે દ્વારા કરવામાં આવેલી આશ્ચર્યકારી વિશિષ્ટ વિભૂતિને પ્રાપ્ત કરતા થકા જે મમતાભાવથી–પરિગ્રહ વિષયક આસક્તિથી વિરક્ત થઈ ગયા હતા તથા આ સર્વે કારણથી આપ શ્રેષ્ઠ જ્ઞાની થયા હતા. એટલે કે આપ ગૃહસ્થ અવસ્થામાં હોવા છતાં પણ વૈરાગ્યને પ્રાપ્ત હતા.



આદિનાથ ભગવાનનો જીવ પૂર્વે નવમાં ભવમાં લલિતાંગ દેવ

મહાબળ રાજાનો જીવ ઈશાન સ્વર્ગના શ્રીપ્રભ વિમાનમાં દેવ થયા. ત્યાં તેમનું નામ લલિતાંગ હતું. જ્યારે લલિતાંગદેવે અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવનો વિચાર કર્યો ત્યારે તે દેવે સ્વયંબુદ્ધનો અત્યંત ઉપકાર માન્યો અને એમના પ્રત્યે હૃદયથી પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. પૂર્વભવના સંસ્કારથી તે દેવે ત્યાં પણ સ્વર્ગના અકૃત્રિમ જિનાલયનો અત્યંત મહિમા તથા અતિશય ભક્તિ સહિત જિનપૂજા આદિ ધાર્મિક કાર્યોમાં પ્રમાદ કર્યો નહીં. આ પ્રમાણે

ઈશાનસ્વર્ગમાં કનકપ્રભા, વિદ્યુલતા વગેરે ચારહજાર દેવીઓ સાથે અનેક પ્રકારના સુખ ભોગવતા થકા લલિતાંગ દેવનો સમય વીતવા લાગ્યો. લલિતાંગદેવનું આયુષ્ય ઘણું હતું. તેથી તેના જીવનમાં અલ્પ આયુષ્યવાળી ઘણીય દેવીઓ મૃત્યુ પામી. આ પ્રમાણે સુખ ભોગવતા થકા લલિતાંગ દેવનું આયુષ્ય જ્યારે થોડાક પલ્યોનું રહી ગયું ત્યારે તેને એક સ્વયંપ્રભા નામની દેવી પ્રાપ્ત થઈ. લલિતાંગને સ્વયંપ્રભા જેવી સુંદર દેવી જીવનમાં પહેલીવાર મળી હતી તેથી તે તેને બહુ ચાહતો હતો અને તે દેવી પણ લલિતાંગને બહુ ચાહતી હતી. બંને એકબીજા પર મોહિત હતા. પરંતુ બધા દિવસ એકસરખા કોઈના હોતા નથી. ધીમે-ધીમે લલિતાંગદેવનું બે સાગરનું આયુષ્ય સમાપ્ત થવા આવ્યું. જ્યારે તેમનું આયુષ્ય માત્ર છ માસનું બાકી રહી ગયું ત્યારે તેના ગળામાં પડેલી માળા મુરઝાવા લાગી, કલ્પવૃક્ષ કાંતિરહિત થઈ ગયા અને મણિયુક્ત આદિ બધી વસ્તુઓ નિષ્પ્રભ થઈ ગઈ. આ જોઈ તે દેવે સમજી લીધું કે તેમનું આયુષ્ય છમાસ જ બાકી રહ્યું છે ત્યાંથી ચ્યવીને તેને અવશ્ય નરલોકમાં ઉત્પન્ન થવું પડશે. પ્રાણી જેવું કાર્ય કરે તેવું જ ફળ પામે છે. મેં પોતાનું સમસ્ત જીવન ભોગવિલાસમાં વીતાવી દીધું. હવે બાકીના આયુષ્યમાં મારે માટે ધર્મસાધન કરવું પરમ આવશ્યક છે. તે વિચાર કરી પહેલા લલિતાંગ દેવે સ્વયંપ્રભા દેવી સાથે



અકૃત્રિમ જિનાલયોની અતિશય ભક્તિ વંદના કરતા લલિતાં આદિ દેવો

સમસ્ત અકૃત્રિમ ચૈત્યાલયોની અતિશય ભક્તિ સાથે વંદના કરી, ત્યારબાદ અચ્યુત સ્વર્ગમાં સ્થિત જિનપ્રતિમાઓની પૂજા કરતાં થકા સમતા અને સંતોષથી સમય વીતાવવા લાગ્યો. અંતે સમાધિપૂર્વક પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતા થકા તે દેવે શરીરનો ત્યાગ કર્યો.

# ભગવાન શ્રી આદિનાથસ્વામીનો પૂર્વે આઠમો ભવ.

विहाय यः सागरवारिवाससं। वधूमिवेमां वसुधावधूं सतीम्।
मुमुक्षुरिक्ष्वाकुकुलादिरात्मवान्। प्रभु प्रवव्राज सहिष्णुरच्युतः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે આદિનાથ ભગવાન! આપ મોક્ષના અભિલાષી અથવા સંસાર સમુદ્રથી પાર ઉતરવા ઇચ્છુક થતા જિતેન્દ્રિય હતા. સામર્થ્યવાન અથવા સ્વતંત્ર હતા. પરિષહ વગેરે બાધાઓને સહન કરવાવાળા હતા, ઇક્ષ્વાકુ કુળ અથવા સમસ્ત રાજવંશોમાં આદિપુરુષ હતા, ગૃહીતવ્રતથી અવિચળ રહેવાવાળા હતા, કોઈ અન્ય રાજા દ્વારા અમુક્ત હોવાથી પતિવ્રતા સમાન સમુદ્રના જળરૂપ વસ્ત્રને ધારણ કરવાવાળી—સમુદ્રાંત ધનધાન્યથી પરિપૂર્ણ પૃથ્વીરૂપી સ્ત્રીને છોડી દીક્ષા ધારણ કરી હતી.

જંબૂદ્વીપના સુમેરુ પર્વતની પૂર્વબાજુએ વિદેહક્ષેત્રમાં એક પુષ્કલાવતી દેશ છે. તેની રાજધાની ઉત્પલખેટ નગરી છે. તે સમયે ત્યાં રાજા વજ્રબાહુ રાજ્ય કરતા હતા. તેની પત્નીનું નામ વસુંધરા હતું. રાજા વજ્રબાહુ વસુંધરા રાણી સાથે ઈન્દ્ર-ઈન્દ્રાણીની જેમ ભોગ ભોગવતા થકા આનંદથી રહેતા હતા. જેનું કથન હમણા ઉપર કર્યું છે તે લલિતાંગદેવ સ્વર્ગથી ચ્યવીને રાજા વજ્રબાહુ અને વસુંધરા નામના રાજદંપતિને ત્યાં વજ્રજંઘ નામનો પુત્ર થયો. વજ્રજંઘ પોતાની મનોરમ ચેષ્ટાઓથી દરેકને ખુશ કરતો હતો. તે ચંદ્રમા સમાન લાગતો હતો, કારણ કે ચંદ્રમા જેમ કુમુદના પુષ્પોને વિકસિત કરે છે તે રીતે વજ્રજંઘ પણ પોતાના કુટુંબી-કુમુદોને વિકસિત કરતો હતો. ચંદ્રમા જે રીતે કળાઓથી શોભિત છે તે જ પ્રમાણે વજ્રજંઘ પણ અનેક કળાઓથી શોભિત હતો. ચંદ્રમા જે પ્રમાણે કમળોને સંકુચિત કરે છે તે

જ પ્રમાણે તે શત્રુથી કમળોને શોભાહીન કરતો હતો અને ચંદ્રમા જે રીતે ચાંદનીથી બહુ જ ગમવા લાગે છે તે રીતે વજ્રજંઘ પણ મંદહાસ્યરૂપી ચાંદનીથી સુંદર લાગતો હતો. લલિતાંગનું મન સ્વયંપ્રભાદેવીમાં જ આસક્ત હતું તેથી તે અન્ય સ્ત્રીઓને પ્રેમ કરતો ન હતો. યુવાવસ્થાને પ્રાપ્ત થઈને પણ તેણે પોતાનું લગ્ન કર્યું ન હતું. તે નિરંતર શાસ્ત્રોનું અધ્યયન અને નવા તત્ત્વોની શોધમાં રહેતો હતો.

જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં પુંડરિકીણી નામની નગરી છે. રાજા વજ્રદંત ત્યાંની પ્રજાનું પાલન કરતા હતા. તેમની પત્નીનું નામ લક્ષ્મીમતી હતું. સ્વયંપ્રભાદેવી સ્વર્ગથી ચ્યવીને તે જ રાજદંપતિને ત્યાં શ્રીમતી નામની પુત્રી થઈ. શ્રીમતીની સુંદરતાને જોઈને લોકો કહેતા હતા કે એને બ્રહ્માએ ચંદ્રમાની કળાથી બનાવી છે. દૈવયોગથી રાજા વજ્રજંઘ (પૂર્વભવનો લલિતાંગદેવનો જીવ) અને શ્રીમતીના લગ્ન થઈ ગયા અને ઘણા આનંદથી રાજ્યનું સુખ ભોગવવા લાગ્યા.

એક દિવસ ચક્રવર્તી રાજા રાજસભામાં બેઠા હતા ત્યારે માળીએ તેમને એક કમળનું ફૂલ અર્પિત કર્યું. તે કમળની સુંગધથી ચારે બાજુ ભમરાઓ મંડરાઈ રહ્યા હતા. જેવો તેમને બિડાયેલા કમળને ખોલવાનો પ્રયત્ન કર્યો તેવો તે કમળમાં પડેલા



માળી દ્વારા આપવામાં આવેલા કમળના ફૂલમાં મરેલો ભમરાને જોઈ વૈરાગ્ય પ્રાપ્ત ચક્રવર્તી વજ્રદંત

એક મૃત ભમરા પર તેમની દૃષ્ટિ પડી. તે ભમરો સુગંધના લોભથી સાંજના સમયે કમળના અંદર બેઠો હતો ત્યારે અચાનક સૂર્યાસ્ત થઈ ગયો. તેથી તે ભમરો તેમાં બિડાઈને મરી ગયો હતો. તેને દેખતા જ ચક્રવર્તી વિચારવા લાગ્યા કે જ્યારે આ ભમરો એક નાસિકા ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થઈને મરી ગયો છે તો જે મનુષ્ય રાત-દિવસ પાંચે ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થઈ રહ્યા છે તે શું ભમરાની જેમ મૃત્યુને ન પ્રાપ્ત થાય? સત્ય છે કે સંસારમાં ઇન્દ્રિયના વિષયો જ પ્રાણીઓને દુઃખી કરતા રહે છે. મેં જીવનભર વિષયોને ભોગવ્યા તોપણ ક્યારેય સંતુષ્ટ ન થયો વગેરે વિચાર કરી તે રાજાએ જિનદીક્ષા ધારણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. ચક્રવર્તીએ પોતાના મોટા પુત્ર અમિતતેજને રાજ્ય આપવાની ઇચ્છા કરી. પરંતુ જ્યારે તેને તે રાજકુમાર તથા નાના ભાઈએ રાજ્યનો સ્વીકાર ન કર્યો ત્યારે તે ચક્રવર્તીએ અમિતતેજના પુત્ર પુંડરિકને—કે જેનું આયુષ્ય તે સમયે માત્ર છ માસનું હતું— રાજ્ય આપી દીધું અને પોતે અનેક રાજાઓ, પુત્રો તથા નગરવાસીઓ સાથે દીક્ષિત થઈ ગયા.

ચક્રવર્તી અને અમિતતેજના વિરહથી સામ્રાજ્ઞી લક્ષ્મીમતી તથા અનુસુંદરીને ઘણું દુઃખ થયું. ક્યાં ચક્રવર્તીનું વિશાળ રાજ્ય અને ક્યાં છ માસનો અબોધ બાળક પુંડરિક. હવે આ રાજ્યની રક્ષા કઈ રીતે થશે? વગેરે વિચાર કરીને લક્ષ્મીમતીએ જમાઈ રાજા વજ્રજંઘને એક પત્ર લખ્યો અને એક પટારામાં બંધ કરી ચિંતાગતિ તથા મનોગતિ નામના વિદ્યાધર દ્વારા વજ્રજંઘ પાસે મોકલ્યો. જ્યારે રાજા વજ્રજંઘે પટારો ખોલી તેમાં રાખેલો પત્ર વાંચ્યો ત્યારે તેમને ઘણું દુઃખ થયું. શ્રીમતીના દુઃખનો તો પાર ન રહ્યો. તે પિતા અને ભાઈઓનું સ્મરણ કરી વિલાપ કરવા લાગી. પરંતુ રાજા વજ્રજંઘ સંસારની પરિસ્થિતિથી સારી રીતે પરિચિત હતા. તેથી તેઓએ કોઈપણ પ્રકારે પોતાનો શોક દૂર કરવા શ્રીમતીને ધીરજ બંધાવી અને સમાચાર મોકલ્યા કે હું આવું છું. કેટલાક સમય પછી રાજા વજ્રજંઘ અને શ્રીમતીએ પુંડરિકીણી તરફ પ્રસ્થાન કર્યું. તેમની સાથે મહામંત્રી મતિવર, પુરોહિત આનંદ, શેઠ ધનમિત્ર અને સેનાપતિ અકંપન પણ હતા. તે બધાની સાથે હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરેથી પૂર્ણ વિશાળ સેના હતી. ચાલતા-ચાલતા રાજા વજ્રજંઘ કોઈ સુંદર સરોવર પાસે પહોંચ્યા. ચારે બાજુ સેનાને રોકીને તેઓ સ્વયં શ્રીમતી સાથે પોતાના પડાવમાં ચાલ્યા ગયા. ત્યાં 'જો વનમાં આહાર મળશે તો લઈશું પણ



રાજા વજ્જંઘ અને શ્રીમતી દ્વારા વનમાં મુનિરાજને આહારદાન.
સિંહ વાંદરો, સુવર અને નોળિયા દ્વારા આહાદાનનો ભાવ સાથે અનુમોદન

ગ્રામ-નગરમાં નહીં' એવી પ્રતિજ્ઞા કરી તે મુનિરાજ આકાશમાં વિહાર કરતા થકા ત્યાંથી નીકળ્યા. જ્યારે તે મુનિઓ ઉપર રાજા વજ્જંઘની નજર પડી ત્યારે તેઓએ ભક્તિસહિત તેમનું પડગાહન કર્યું અને શ્રીમતી સાથે શુદ્ધ સરસ આહાર આપ્યો. તે સમયે જંગલમાં સિંહ, સુવર, વાંદરો અને નોળિયો પણ આહારદાન ઘણા ભાવથી જોતા હતા અને અનુમોદન કરતા હતા.

જ્યારે આહાર લઈને મુનિરાજ વન તરફ વિહાર કરી ગયા ત્યારે રાજા વજ્જંઘને તેમના સૈનિકે કહ્યું કે હે મહારાજ! આ યુગલ મુનિઓ આપના સૌથી



જંગલમાં મુનિરાજ પાસેથી પોતાના તથા ચાર મિત્રો તેમજ આહારદાનનું અનુમોદન કરવાવાળા ચારેય જીવોનું ભવાંતર સાંભળતા રાજા વજ્રજંઘ અને શ્રીમતી

નાના પુત્રો છે. આત્મશુદ્ધિ માટે સદા વનમાં જ રહે છે. એટલે સુધી કે આહાર માટે પણ નગરમાં આવતા નથી. તે સાંભળી રાજા વજ્રજંઘ અને શ્રીમતીના શરીર હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યા. તે બંને તે જ ક્ષણે તેમની પ્રત્યે પ્રેમ રાખવાવાળા ચારે જીવ સહિત જે બાજુ મુનિરાજ ગયા હતા તે તરફ ગયા. આહારદાનનું અનુમોદન કરવાવાળા સિંહ, સુવર, વાંદરો અને નોળિયો પણ ત્યાં જ હતા.

નિર્જન વનમાં શિલા ઉપર બેઠેલા મુનિયુગલને જોઈ રાજદંપતિના હર્ષનો પાર નહોતો. રાજા-રાણીએ ભક્તિથી તેમની પાસેથી ગૃહસ્થધર્મનું વ્યાખ્યાન સાંભળ્યું. ત્યારબાદ, પોતાના અને શ્રીમતીના પૂર્વભવ સાંભળી રાજા વજ્રજંઘે પૂછ્યું કે હે મુનિરાજ! મતિવર મંત્રી, આનંદ પુરોહિત, ધનમિત્ર શેઠ અને અકંપન સેનાપતિ મારી સાથે ઘણો જ પ્રેમ કરે છે મને પણ તેમના પ્રત્યે ઘણો જ સ્નેહ છે તેનું કારણ શું છે? ઉત્તરમાં મુનિરાજ બોલ્યા : રાજન્! મુખ્યપણે પૂર્વભવના સંસ્કારોથી પ્રાણિઓમાં પરસ્પર સ્નેહ કે દ્વેષ રહે છે. તમારો પણ આ બધા સાથે પૂર્વભવનો સંબંધ છે. ત્યારબાદ મુનિરાજે બધાના પૂર્વભવો બતાવ્યા અને તેમનો આપસમાં સંબંધ વિસ્તારથી બતાવ્યો.

આહારદાનના ફળમાં તે રાજા વજ્રજંઘ અને શ્રીમતી ભોગભૂમિમાં જન્મ લે છે. સાથે ઉત્તમ આહારદાનનું અનુમોદન કરવાવાળા સિંહ, નોળિયો, સુવર તથા વાંદરો પણ અનુમોદનના ફળથી ભોગભૂમિને પામે છે. આ રીતે વજ્રજંઘ અને શ્રીમતી, તેમના ચાર મિત્ર તથા અનુમોદન કરવાવાળા ચાર જીવ—દશે જીવ આદિનાથ ભગવાનના ભવમાં સાથે જ રહે છે.

(વિસ્તૃત કથા માટે જુઓ જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૪, પાનું-૮૧)

# શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે સાતમો ભવ.

स्वदोषमूलं स्वसमाधितेजसा।
निनाय यो निर्दयभस्मसात्क्रियाम्।
जगाद तत्त्वं जगतेऽर्थिनेऽञ्जसा।
बभूव च ब्रह्मपदामृतेश्वरः।।


—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે આદિનાથ ભગવાન ! આપે દીક્ષા લઈને પોતાના કામ ક્રોધ આદિ સમસ્ત દોષોના મૂળ કારણ–ચાર ઘાતિકર્મોને પરમશુક્લધ્યાનરૂપી અગ્નિ દ્વારા નિર્દયતાપૂર્વક બાળી નાખ્યા છે—સમૂલ નષ્ટ કર્યા છે. તથા આપે તત્ત્વજ્ઞાનના અભિલાષી પ્રાણીસમૂહને માટે વાસ્તવિક જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ કહ્યું છે અને અંતમાં આપ તે મોક્ષસ્થાનના અવિનાશી–અનંત સુખના સ્વામી થયા છો.


સહજ ચિદાનંદ.

આદિનાથ તથા શ્રેયાંસકુમારનો જીવ પૂર્વે સાતમા ભવમાં ભોગભૂમિમાં હતા. વજ્રજંઘ તથા શ્રીમતીનો ભવ (પૂર્વે આઠમા ભવમાં તે બંનેએ મુનિરાજને આહારદાન આપ્યું તે જ સમયે સિંહ, સુવર, વાંદરો અને નોળિયા—ચારે તિર્યંચોએ તે આહારદાનની અનુમોદના કરી હતી તેના ફળસ્વરૂપે તે છએ જીવો ભોગભૂમિમાં જન્મ લે છે.

એકવાર આકાશમાર્ગે બે ચારણ મુનિઓને આવતા જોઈને તેઓ આશ્ચર્ય-ચકિત થાય છે અને તેમના ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. તે બંને મુનિરાજોમાં એક પ્રીતિંકર મુનિરાજ છે તેઓ ભગવાન આદિનાથના (પૂર્વે દશમા) મહાબળના ભવમાં તેમના સ્વયંબુદ્ધ મંત્રી હતા. તેઓ ભગવાન આદિનાથના જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે હેતુથી અહીં આવ્યા છે. બીજા મુનિરાજ પ્રીતિંકર મુનિરાજના ભાઈ છે.



ભોગભૂમિમાં પ્રીતિંકર મુનિરાજ તથા તેમના ભાઈ (મુનિદશામાં)ને ભક્તિથી આહ્વાન કરતા આર્ય અને આર્યા (વજ્રજંઘ તથા શ્રીમતીનો જીવ)




મુનિરાજના ઉપદેશથી આર્ય તથા આર્યાને નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિ

આ ભવમાં આદિનાથ ભગવાનના જીવને શ્રી પ્રીતિંકર મુનિરાજના ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

મુનિરાજના ઉપદેશથી આર્ય અને આર્યાએ (રાજા વજ્રજંઘ અને શ્રીમતીના જીવે) અત્યંત પ્રસન્ન થઈને પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કર્યો. કાર્ય થઈ ગયા પછી મુનિરાજ આકાશમાર્ગે વિહાર કરી ગયા.

(વિસ્તૃત કથા માટે જુઓ જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૨, પાનુ ૫૪-૫૯)

# ભગવાન શ્રી આદિનાથનો પૂર્વે છઠ્ઠો ભવ શ્રીધરદેવ

स विश्वचक्षुर्वृषभोऽर्चितः सतां।
समग्रविद्यात्मवपुर्निरञ्जनः।
पुनातु चेतो मम नाभिन्दनो।
जिनो जितक्षुल्लकवादिशासनः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ :**—જેમનાં કેવળજ્ઞાનરૂપી ચક્ષુ સમસ્ત પદાર્થોને વિષય કરવાવાળા છે, જે ઇન્દ્ર વગેરે સત્પુરુષોથી પૂજ્ય છે, જીવ-અજીવ આદિ સમસ્ત પદાર્થોને વિષય કરવાવાળી બુદ્ધિ જ જેમના આત્માનું સ્વરૂપ છે. જ્ઞાનાવરણાદિ કર્મમળથી રહિત થવાના કારણે જ જેઓ નિર્મળ છે. ચૌદમાં કુલકર નાભિરાજાના પુત્ર છે, કર્મરૂપી શત્રુને જીતવાવાળા છે અને જેઓએ ક્ષુદ્ર વાદિઓનું શાસન જીતી લીધું છે અથવા જેમનું શાસન ક્ષુદ્રવાદીઓ દ્વારા જીતી શકાયું નથી, તે ધર્મથી સુશોભિત રહેવાવાળા અથવા ધર્મને સુશોભિત કરવાવાળા ઋષભનાથ ભગવાન ! મારા ચિત્તને પવિત્ર કરો, રાગાદિ વિકારી ભાવોથી રહિત કરીને નિર્મળ બનાવો.

કેટલાક સમય પછી આયુષ્ય પૂર્ણ થતાં ભોગભૂમિનો આર્ય ઐશાન સ્વર્ગના શ્રીપ્રભ વિમાનમાં શ્રીધર નામનો દેવ થયો અને આર્યાનો જીવ તે જ સ્વર્ગના સ્વયંપ્રભ વિમાનમાં સ્વયંપ્રભ નામનો દેવ થયો. સિંહનો જીવ તે જ સ્વર્ગમાં ચિત્રાંગદ વિમાનમાં ચિત્રાંગદ નામનો દેવ થયો. સુવરનો જીવ નંદ વિમાનમાં મણિકુંડલી નામનો દેવ થયો. વાંદરાનો જીવ નંદ્યાવર્ત વિમાનમાં મનોહર નામનો અને નોળિયાનો જીવ પ્રભાકર વિમાનમાં મનોરથ નામનો દેવ થયો. ત્યાં આ બધા પુણ્યના પ્રતાપથી અનેક પ્રકારના ભોગ ભોગવતા થકા સુખથી રહેવા લાગ્યા.



પ્રીતિંકર મુનિરાજને કેવળજ્ઞાન પ્રાપ્ત થતા દર્શન તથા દેશના માટે ગયેલા શ્રીધર આદિ દેવો


એકવાર સ્વયંબુદ્ધ મંત્રીના જીવને (પ્રીતિંકર મુનિરાજને) શ્રીપ્રભ પર્વત પર કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. બધા દેવો તેમની વંદના માટે ગયા. શ્રીધરદેવે પણ ત્યાં જઈ પોતાના ગુરુ કેવળી ભગવાન (પ્રીતિંકર)ને ભક્તિ સહિત નમસ્કાર કર્યા અને ધર્મનું સ્વરૂપ સાંભળ્યા પછી પૂછ્યું કે હે ભગવાન! મહાબળના ભવમાં સંભિન્નમતિ, શતમતિ અને મહામતિ એવા મારા ત્રણ મિથ્યાદૃષ્ટિ મંત્રિઓ હતા તે અત્યારે ક્યાં છે? તે કેવળી ભગવાને કહ્યું કે સંભિન્નમતિ અને મહામતિ નિગોદમાં ઉત્પન્ન થઈ અચિંત્ય દુઃખ ભોગવી રહ્યા છે અને શતમતિ મિથ્યાજ્ઞાનના પ્રભાવથી બીજા નરકમાં દુઃખી થઈ રહ્યો છે. જે જેવું કાર્ય કરે તેવું જ ફળ પામે છે.

તે સાંભળીને શ્રીધરદેવને ઘણું દુઃખ થયું. તે સંભિન્નમતિ અને મહામતિના વિષયમાં કાંઈ કરવા અસમર્થ હતો. હાં, ખરેખર પુરુષાર્થથી શતમતિને સુધારી શકતો હતો. તેથી ત્વરિત તે બીજા નરકમાં ગયો. ત્યાં અવધિજ્ઞાનથી શતમતિ મંત્રીના જીવ નારકીને ઓળખીને તેને કહેવા લાગ્યો : કેમ મહાશય! તમે મને ઓળખો છો? હું વિદ્યાધરોના રાજા મહાબળનો જીવ છું. મિથ્યાજ્ઞાનના કારણે આપને આ નરકના તીવ્ર દુઃખો પ્રાપ્ત થયા છે. હવે તેનાથી છૂટવા માગતા હો તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી પોતાને અલંકૃત કરો. શ્રીધરદેવના ઉપદેશથી નારકી શતમતિએ



બીજા નરકમાં દુઃખ ભોગવતા શતમતિના જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવતા શ્રીધરદેવ

તુરત જ સમ્યગ્દર્શન ધારણ કરી લીધું. સમ્યગ્દર્શનના પ્રભાવથી તેનું સમસ્ત જ્ઞાન સમ્યગ્જ્ઞાન થઈ ગયું. શ્રીધરદેવ કાર્યની સફળતાથી પ્રસન્ન થઈને પોતાના સ્થાન પર પાછો ચાલ્યો ગયો. શતમતિ મંત્રીનો જીવ (નારકી પણ) આયુ સમાપ્ત કરીને પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વાર્ધ ભાગમાં વિશોભીત પૂર્વવિદેહ સંબંધિત મંગલાવતી દેશમાં આવેલા રત્નસંચય નગરમાં રહેવાવાળા સુંદરી અને મનોહર નામના રાજદંપતિને ત્યાં જયસેન નામનો પુત્ર થયો. જે સમયે જયસેનનું લગ્ન થવાનું હતું તે સમયે શ્રીધરદેવે આવીને તેને સમજાવ્યો અને નરકના સમસ્ત દુઃખોની યાદ આપી.




શ્રીધર દેવ દ્વારા સમજાવવાથી રાજા જયસેન(મંત્રી શતમતિનો જીવ)નું દીક્ષા ગ્રહણ

તેથી તે સંસારથી વિરક્ત થઈને યમધર મુનિરાજ પાસે દીક્ષા લઈ લીધી અને કઠિન તપશ્ચર્યાના પ્રભાવથી પાંચમા સ્વર્ગમાં બ્રહ્મેન્દ્ર થયો. બ્રહ્મેન્દ્રે જ્યારે અવધિજ્ઞાનથી પોતાના ઉપકારી શ્રીધરદેવનો પરિચય પ્રાપ્ત કર્યો ત્યારે તેની પાસે જઈને વિનમ્ર અને મીઠા શબ્દોમાં કૃતજ્ઞતા પ્રગટ કરી.

# ભગવાન શ્રી આદિનાથસ્વામીનો પૂર્વે પાંચમો ભવ


स्नात स्वमलगम्भीरं जिनामितगुणार्णवम्।
पूतश्रीमज्ञगत्सारं जनायात क्षणाच्छिवम्॥

—આચાર્ય સમન્તભદ્રદેવ


**અર્થ** :–હે ભવ્યજનો! જિનેન્દ્રદેવ આદિનાથ પ્રભુનો જે અપરિમિત ગુણસમુદ્ર છે તે અત્યંત નિર્મળ, ગંભીર, પવિત્ર, શ્રીસંપન્ન અને જગતના સારભૂત છે તમે તેમાં સ્નાન કરો, એકાગ્ર ચિત્ત થઈને તેમાં અવગાહન કરો, તેમના ગુણોને પૂર્ણતયા અપનાઓ અને ત્વરિત જ આત્મકલ્યાણને પ્રાપ્ત કરો.

કેટલાક સમય પછી શ્રીધરદેવ(શ્રી આદિનાથસ્વામીનો પૂર્વ છઠ્ઠો ભવ) સ્વર્ગથી ચ્યવીને જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્ર સંબંધી મહાવત્સકાવતી દેશમાં આવેલી સુશીમા નગરીમાં સુદૃષ્ટિ અને સુનંદા નામના રાજદંપતિને ત્યાં સુવિધિ નામનો પુત્ર થયો.


સુવિધિ ઘણો જ ભાગ્યશાળી અને બુદ્ધિમાન રાજકુમાર હતો. અભયઘોષ



યુવરાજ સુબુદ્ધિનો રાજ્યાભિષેક



રાજા સુદૃષ્ટિની જિનદીક્ષા



અભયઘોષ ચક્રવર્તી રાજા દ્વારા અઢાર હજાર રાજાઓ સાથે ભગવતી જિનદીક્ષા
વરદત્ત આદિ ચાર જીવો દ્વારા કે જેઓએ આહારદાનની અનુમોદના કરી હતી તેમની પણ ભગવતી જિનદીક્ષા

ચક્રવર્તી તેના મામા હતા. ચક્રવર્તીને મનોહરા નામની એક સુંદર કન્યા હતી જે ખરેખર મનોહરા જ હતી. રાજા સુદૃષ્ટિએ સુવિધિને વિવાહયોગ્ય અવસ્થા જોઈને તેના લગ્ન મનોહરા સાથે કરાવી દીધા. જેથી તે બંને વિવિધ ભોગોને ભોગતા થકા સુખથી સમય વીતાવવા લાગ્યા.

કેટલાક સમય પછી રાજ્યનો ભાર સુવિધિને સોંપીને રાજા સુદૃષ્ટિ મુનિ થઈ ગયા. સુવિધિ રાજ્યકાર્યમાં ઘણો જ કુશળ હતો. જેથી તેની ઉજ્જવળ કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી અને સમસ્ત શત્રુઓની સેના સ્વયં વશ થઈ ગઈ હતી.

સમય પામીને રાજા સુવિધિને ત્યાં એક કેશવ નામનો પુત્ર થયો. રાજા વજ્રજંઘની પર્યાયમાં જે શ્રીમતીનો જીવ હતો તે ભોગભૂમિના સુખ ભોગવ્યા પછી સ્વર્ગમાં સ્વયંપ્રભ વિમાનમાં સ્વયંપ્રભ નામનો દેવ થયો હતો તે જ જીવ રાજા સુવિધિને ત્યાં કેશવ નામનો પુત્ર થયો. રાજા વજ્રજંઘનો જીવ સુવિધિ થયો હતો. પૂર્વભવના સંસ્કારથી રાજા સુવિધિને તેના ઉપર અધિક સ્નેહ રહેતો હતો. સિંહનો જીવ ચિત્રાંગદ પણ સ્વર્ગમાંથી ચ્યવીને આ જ દેશમાં રાજા વિભિષણની પ્રિયદત્ત પત્નીથી વરદત્ત નામનો પુત્ર થયો. સુવરનો જીવ, મણિકુંડલી દેવ અનંતમતિ અને નંદિસેન રાજદંપતિને ત્યાં વરસેન નામનો પુત્ર થયો. વાંદરાનો જીવ મનોહર દેવ ચંદ્રમતિ અને રતિષેણ નામક રાજદંપતિને ત્યાં ચિત્રાંગદ નામનો પુત્ર થયો અને નોળિયાનો જીવ મનોરથદેવ ચિત્રમાલિની અને પ્રભંજન નામના રાજદંપતિને ત્યાં મદન નામનો પ્રસિદ્ધ પુત્ર થયો. આ ચારેય રાજપુત્ર થયા હતા.

કેટલાક સમય પછી ચક્રવર્તી અભયઘોષે અઢાર હજાર રાજાઓ સાથે વિમલવાહન મુનિરાજ પાસે મુનિદીક્ષા લઈ લીધી. વરદત્ત, વરસેન, ચિત્રાંગદ અને મદન પણ ચક્રવર્તી સાથે દીક્ષિત થઈ ગયા હતા, પરંતુ રાજા સુવિધિને પોતાના પુત્ર કેશવ ઉપર અધિક પ્રેમ હતો તેથી તે ઘર છોડી મુનિ થઈ શક્યા નહીં પરંતુ ઉત્કૃષ્ટ શ્રાવકના વ્રત રાખી ઘરમાં જ ધર્મસેવન કરતા રહ્યા. આયુના અંતમાં સુવિધિ રાજાએ મહાવ્રત ધારણ કરી કઠણ તપના પ્રભાવથી સોળમાં અચ્યુત સ્વર્ગમાં અચ્યુતેન્દ્ર થયો. પિતાના વિયોગથી દુઃખી થઈને કેશવે પણ જિનદીક્ષા ધારણ કરી. તે આયુના અંતે સમાધિમરણ કરીને તે જ સ્વર્ગમાં પ્રતીન્દ્રદેવ થયો તથા વરદત્ત આદિ રાજપુત્રો પણ પોતાના તપના પ્રભાવથી તે જ સ્વર્ગમાં સામાનિક જાતિના દેવ થયા. તે બધાની વિભૂતિ સમાન હતી.


# શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે ચોથો ભવ

धिया ये श्रितयेतात्यां यानुपायान्वरानताः।
येऽपापा यातपारा ये श्रियाऽऽयातानतन्वत॥
आसते सततं ये च सति पूर्वक्षयालये।
ते पुणयदा स्तायातं सर्वदा माऽभिरक्षत॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ :**—જે પીડારહિત—અનંત સુખ સંપન્ન છે, પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણ કર્મના અત્યંત ક્ષયથી ઉપલબ્ધ કેવળજ્ઞાનરૂપી બુદ્ધિથી સહિત છે. જેમનો ઉપાય ઉપગામ્ય સમજીને ઇન્દ્ર વગેરે શ્રેષ્ઠ પુરુષો નમસ્કાર કરે છે. જેઓ પાપકર્મમળથી રહિત છે. જેઓ સંસારસમુદ્રના પારને પામી ચૂક્યા છે અથવા તો જેઓએ સર્વપદાર્થોને જાણી લીધા છે, જેઓ શરણમાં આવેલા ભવ્ય પુરુષોને લક્ષ્મી દ્વારા વિસ્તૃત કરે છે—કેવળજ્ઞાનાદિ લક્ષ્મીથી યુક્ત કરે છે અને જે ઉત્કૃષ્ટ અથવા અવિનાશી મોક્ષમંદિરમાં સદા નિવાસ કરે છે—તે કલ્યાણપ્રદાતા આદિનાથ જિનેન્દ્ર ભગવાન! ભક્તિથી સન્મુખ આવેલ મુજ ભક્તની સદા રક્ષા કરો. તેમની ભક્તિપૂર્વક આરાધનાથી હું પોતાના આત્મવિકાસ કરવામાં સમર્થ થઈ શકું.

રાજા સુવિધિ (આદિનાથ ભગવાનનો જીવ પૃ. ૫૭) ઉગ્ર તપશ્ચરણપૂર્વક મનુષ્ય આયુષ્ય પૂર્ણ કરી સોળમાં અચ્યુત સ્વર્ગમાં અચ્યુતેન્દ્ર થાય છે. પિતાના વિયોગથી દુઃખી થઈને કેશવે પણ જિનદીક્ષા ધારણ કરી લીધી. તે આયુના અંતે મરીને તે જ સ્વર્ગમાં પ્રતીન્દ્રદેવ થયો તથા વરદત્ત આદિ રાજપુત્રો પણ પોતાના તપના પ્રભાવથી તે જ સ્વર્ગમાં સામાનિક જાતિના દેવ થયા. તે બધાની વિભૂતિ સમાન હતી. ત્યાં અચ્યુતેન્દ્રનું આયુષ્ય બાવીસ સાગર હતું. બાવીસ હજાર વર્ષ વીતી જતાં આહારની અભિલાષા થતા શીઘ્ર સ્વતઃ કંઠમાંથી અમૃત ઝરતું હતું. બાવીસ પખવાડિયામાં ઈન્દ્રાણીનું સ્મરણ થતા તેમની કામવાસના શાંત થઈ જતી હતી. કહેવાનો મતલબ એ છે કે તે દરેક પ્રકારે સુખી હતા. આ છએ જીવ ત્યાં આત્માનુભવપૂર્વક આત્મ આરાધના સાથે જિનેન્દ્રપૂજા તથા ધર્મચર્ચા કરતા હતા. તેઓ ત્યાંથી મધ્યલોકમાં તીર્થંકરોના સમવસરણમાં જઈને તેમના ભક્તિભાવથી દર્શન, પૂજન કરી તેમની દિવ્યવાણીનું શ્રવણ પણ કરતા હતા.



અચ્યુતેન્દ્ર આદિ દેવો દ્વારા અકૃત્રિમ જિનાલયોની પૂજા, વંદના તથા શાસ્ત્ર સ્વાધ્યાય

# શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે ત્રીજો ભવ

नतपीलासनाशोक सुमनोवर्षभाषितः।
भामण्डलासनाऽशोकसुमनोवर्षभाषितः।।
दिव्यैर्ध्वनिसितच्छत्रचामरैर्दुन्दुभिस्वनैः।
दिव्यैर्विनिर्मितस्तोत्रश्रमदर्दुरिभिर्जनैः।।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે વૃષભદેવ! આપ નમ્ર મનુષ્યોની સંસારિક વ્યથાઓને દૂર કરવાવાળા છો, શોકરહિત છો, આપનું હૃદય ઉત્તમ છે, લોકકલ્યાણકારક ભાવનાથી પૂર્ણ છે. હે પ્રભુ! આપ ભામંડળ, સિંહાસન, અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, મનોહર દિવ્યધ્વનિ, શ્વેત છત્ર, ચમર અને દુંદુભિનાદથી શોભિત થઈને અનેક સ્તોત્રમાં સમ કરવાવાળા—મધુર ધ્વનિથી અનેક સ્તુતિ કરવાવાળા—તથા વિવિધ વાદિઓથી સહિત દિવ્યજનોને—દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી વગેરે—સાથે સમોસરણ ભૂમિમાં સ્થિત થયા હતા, તેમની સાથે જ આપે આકાશવિહાર કર્યો હતો.


આયુષ્યના અંતમાં તે અચ્યુતેન્દ્ર સ્વર્ગથી ચ્યવીને જમ્બૂદ્વીપ સંબંધી પૂર્વ વિદેહમાં સ્થિત પુષ્કલાવતીદેશની પુંડરિકીણી નગરીમાં શ્રીકાન્તા અને વજ્રસેન નામના રાજદંપતિનો પુત્ર થયો. ત્યાં તેનું નામ વજ્રનાભિ હતું.

વરદત્ત, વરસેન, ચિત્રાંગદ અને મદન કે જેઓ અચ્યુત સ્વર્ગમાં સામાનિક દેવ થયા હતા ત્યાંથી ચ્યવીને તે ક્રમથી વજ્રનાભિના વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના નાનાભાઈઓ થયા અને કેશવ જે સોળમા સ્વર્ગમાં પ્રતિન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યવીને આ જ પુંડરિકીણી પુરીમાં કુબેરદત્ત તથા અનંતમતી નામના વૈશ્યદંપત્તિને ત્યાં ધનદેવ નામનો પુત્ર થયો. વજ્રનાભિને વજ્રજંઘના ભવમાં જે

મતિવર, આનંદ, ધનમિત્ર અને અકંપન નામના જે મંત્રી, પુરોહિત, શેઠ અને સેનાપતિ હતા તેઓ મૃત્યુ પામી અધો ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા હતા. હવે તે પણ ત્યાંથી ચ્યવીને વજ્રનાભિના ભાઈ થયા. અહીં તેમના નામ સુબાહુ, મહાબાહુ, પીઠ અને મહાપીઠ રાખ્યા હતા. આ પ્રમાણે ઉપર કહેલા દશેય બાળકો એકસાથે રમતા, બેસતા, ઉઠતા, લખતા અને વાંચતા હતા. કારણ કે તે બધામાં પરસ્પર ઘણો પ્રેમ હતો.

રાજપુત્ર વજ્રનાભિનું શરીર પહેલાંથી જ સુંદર હતું તથા યૌવનાવસ્થા આવવાથી અધિક સુંદર લાગવા લાગ્યું તે સમયે તેમની લાંબી અને સ્થૂળ ભૂજાઓ પહોળી છાતી, ગંભીર આંખો તથા તેજસ્વી ચહેરો બહુ જ સુંદર હતો.

એક દિવસ વજ્રનાભિના પિતા વજ્રસેન મહારાજ સંસારના વિષયોથી ઉદાસીન થઈ વૈરાગ્યનું ચિંતવન કરવા લાગ્યા. તે સમયે લૌકાંતિક દેવોએ આવીને તેમના વિચારનું સમર્થન કર્યું, જેથી તેમનો વૈરાગ્ય ઘણો જ વધી ગયો. અંતમાં તેઓશ્રી મોટાપુત્ર વજ્રનાભિને રાજ્ય આપી હજાર રાજાઓ સાથે દીક્ષિત થઈ ગયા



મહારાજા વજ્રસેનનો ભગવતી જિનદીક્ષા ગ્રહણ



ચક્રવર્તી વજ્રનાભિના પુત્રો, રાજાઓ, ભાઈઓ સાથે દીક્ષા ગ્રહણ કરીને તીર્થંકર નામક પ્રકૃતિનો બંધ

અને ઉગ્રતપના પ્રભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પોતાની દિવ્યવાણીથી પથ ભૂલેલા પુરુષોને સાચો માર્ગ બતાવવા લાગ્યા. કેટલાક સમય પછી તેઓશ્રી આઠેય કર્મોનો નાશ કરી મોક્ષદશાને પામ્યા. આ બાજુ વજ્રનાભિની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થયું. જેમાં એક હજાર આરા હતા. જે કાંતિમાં સહસ્રકિરણ સૂર્યની જેમ ચમકતું હતું. ચક્રરત્નને આગળ કરી વજ્રનાભિ દિગ્વિજય કરવા નીકળ્યા અને કેટલાક સમય બાદ દિગ્વિજય થઈ પાછા આવ્યા. હવે વજ્રનાભિ ચક્રવર્તી કહેવાવા લાગ્યા હતા. તેમનો પ્રતાપ અને યશ ચારે બાજુ ફેલાઈ રહ્યો હતો. તે સમયે તેમના જેવો સંપત્તિશાળી પુરુષ બીજો કોઈ નહોતો. તે કેશવ (શ્રીમતીનો જીવ) સ્વર્ગથી ચ્યવીને પુંડરિકીણી પુરીમાં કુબેરદત્ત અને અનંતમતિ નામના વૈશ્ય દંપત્તિને  ધનદેવ નામનો પુત્ર થયો હતો, તે વજ્રનાભિના ત્યાં ગૃહપતિ નામનો રત્ન થયો. આ પ્રમાણે નવનિધિ અને ચૌદ રત્નોના સ્વામી સમ્રાટ વજ્રનાભિનો સમય સુખથી વીતવા લાગ્યો.

જીવનની કોઈ ધન્ય પળે મહારાજા વજ્રનાભિનું ચિત્ત સંસારથી વિરક્ત થઈ ગયું, જેથી તેઓએ પોતાના પુત્ર વજ્રદંતને રાજ્યનો ભાર સોંપીને સોળ હજાર રાજાઓ, એક હજાર પુત્રો, આઠ ભાઈઓ અને ધનદેવની સાથે તીર્થંકરની સમીપમાં દીક્ષિત થઈ તપસ્યા કરવા લાગ્યા. વજ્રનાભિને ત્યાં જ દર્શન–વિશુદ્ધિ, વિનય સંપન્નતા, શીલવ્રતોમાં અતિચાર રહિતતા, નિરંતર જ્ઞાનમય ઉપયોગ, સંવેગ, શક્તિ અનુસાર તપ અને ત્યાગ, સાધુ–સમાધિ, વૈયાવૃત્ય અર્હદ્‌ભક્તિ, આચાર્ય–ભક્તિ, બહુશ્રુત–ભક્તિ, પ્રવચન–ભક્તિ, આવશ્યકાપરિહાણિ, માર્ગ–પ્રભાવના અને પ્રવચન–વાત્સલ્ય—આ સોળ ભાવનાઓનું ચિંતવન કર્યું, જેથી તેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ થયો.

આયુષ્યના અંતભાગમાં તેઓ શ્રીપ્રભ નામના પર્વતના શિખર પર પહોંચ્યા અને ત્યાં શરીરથી મમત્વ છોડીને આત્મ–સમાધિમાં લીન થઈ ગયા. જેના ફળ સ્વરૂપે નશ્વર દેહને છોડીને તેઓ સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા.



આદિનાથ ભગવાનનો જીવ પૂર્વે ત્રીજા ભવે સર્વાર્થસિદ્ધિમાં

# શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વે બીજો ભવ

यतः श्रितोपि कान्ताभिर्दृष्टा गुरुतया स्ववान्।
वीतचेतोविकाराभिः स्रष्टा चारुधियां भवान्॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે પ્રભુ! જોકે આપ સમોસરણમાં અનેક નિર્વિકાર–કામેચ્છાથી રહિત–સુંદર દેવીઓ દ્વારા સેવિત થાઓ છો–ઘણી દેવીઓ આપની ઉપાસના કરે છે–તથાપિ હે આત્મવાન!–જિતેન્દ્રિય હોવાના કારણે આપ મહાન–પૂજ્ય માનવામાં આવો છો, તેથી નિર્મળબુદ્ધિને ઉત્પન્ન કરવાવાળા વિધાતા આપ જ છો.

વજ્રનાભિ ચક્રવર્તીએ (કથા પૃ. ૬૨) મુનિપણામાં ભગવતી તપ ધારણ કરી સોળકારણ ભાવનાઓ સાથે મનુષ્ય આયુષ્ય પૂર્ણ કરી સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા. ત્યાં તેમનું આયુષ્ય તેત્રીસ સાગર પ્રમાણ હતું અને શરીર એક હાથ ઊંચું સફેદ રંગનું હતું. તેઓ ક્યારેક સંકલ્પમાત્રથી પ્રાપ્ત થયેલ જલ, ચંદન આદિથી જિનેન્દ્રદેવની પૂજા કરતા હતા અને ક્યારેક પોતાની ઈચ્છાથી જ પાસે આવેલા બીજા અહમિન્દ્રોની સાથે તત્ત્વચર્ચાઓ કરતા હતા. તેત્રીસ હજાર વર્ષ વીતી ગયા પછી તેમને આહારની ઈચ્છા થતી હતી. તે સમયે તત્કાલ તેમના કંઠમાં અમૃત સરી જતું હતું. એ પછી તેઓ એટલા જ સમયને માટે નિશ્ચિંત થઈ જતા હતા. તેમનો શ્વાસોચ્છ્વાસ પણ તેત્રીસ પખવાડીયામાં એકવાર ચાલતો હતો. સંસારમાં તેમના જેવો સુખી કોઈ બીજો ન હતો. આ અહમિન્દ્ર આગળ જતાં ભગવાન વૃષભનાથ થશે. વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, સુબાહુ, બાહુ, પીઠ, મહાપીઠ અને ધનદેવ પણ જેઓ તેમની સાથે દીક્ષિત થયા હતા તેઓ પણ આયુષ્યના અંતમાં સન્યાસપૂર્વક શરીરને છોડીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિન્દ્ર થયા હતા. તેઓ બધાનો વૈભવ આદિ પણ અહમિન્દ્ર વજ્રનાભિના જેવો જ હતો. એ બધા પણ ભગવાન શ્રી વૃષભનાથની સાથે મોક્ષ પ્રાપ્ત કરશે.

# ભગવાન શ્રી આદિનાથનો પ્રવર્તમાન ભવ

विश्वमेको रुचामाऽऽको व्यापो येनार्य्य! वर्तते।
शश्वल्लोकोऽपि चाऽलोको द्वीपो ज्ञानार्णवस्य ते।।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે આર્ય ! આ સમસ્ત લોક અને અલોક આપના કેવળજ્ઞાનનું જ જ્ઞેય છે–આપનું કેવળજ્ઞાન લોકવર્તી સમસ્ત પદાર્થને અને અલોકાકાશને જાણે છે–તેથી તે આપના જ્ઞાનરૂપ સમુદ્રનું એક દ્વીપ છે.

ભગવાન ઉમાસ્વામીએ કહ્યું છે કે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ દ્વારા ક્રમથી વૃદ્ધિ અને હાનિ થતી રહે છે–જેવી રીતે શુકલપક્ષમાં ચન્દ્રમાની કળાઓ દિન પ્રતિદિન વધતી જાય છે, તેવી રીતે ઉત્સર્પિણી કાળમાં લોકોની કળા, વિદ્યા, આયુષ્ય આદિ વસ્તુઓ વધતી જાય છે. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષની માફક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનું પરિવર્તન થતું રહે છે. તેના છ ભેદ છે—૧ દુષમા–દુઃષમા, ૨ દુઃષમા ૩ દુઃષમા–સુખમા ૪ સુષમા–દુઃષમા, ૫ સુષમા અને ૬ સુષમા–સુષમા. —આ ક્રમ ઉત્સર્પિણીનો છે. અવસર્પણીનો ક્રમ એનાથી ઊલટો હોય છે. આ બન્ને મળીને કલ્પકાળ કહેવાય છે, જેનું પ્રમાણ વીસ ક્રોડા–ક્રોડી સાગર છે.

અત્યારે આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળનો સંચાર થઈ રહ્યો છે. તેના સુષમા–સુષમા નામના પહેલા ભેદનો સમય ચાર ક્રોડાક્રોડી સાગર છે. તેના પ્રારંભમાં મનુષ્ય ઉત્તર કુરુના મનુષ્યો જેવા થતા હતા. ત્યાં જીવોનું આયુષ્ય ત્રણ પલ્યનું હોય છે. શરીરની ઊંચાઈ છ હજાર ધનુષ્યની હોય છે. ત્યાંના લોકોનો રંગ સોના જેવો ચમકીલો હોય છે અને તેઓ ત્રણ–ત્રણ દિવસ પછી થોડોક આહાર લે છે.

પછી ક્રમે–ક્રમે હાનિ થતાં બીજો સુષમા કાળ આવે છે, જેનું પ્રમાણ ત્રણ ક્રોડા–ક્રોડી સાગર છે. તેના પ્રારંભમાં મનુષ્ય હરિવર્ષ ક્ષેત્રના મનુષ્યો જેવા હોય છે. તેઓનું આયુષ્ય બે પલ્યનું અને શરીરની ઊંચાઈ ચાર હજાર ધનુષ્યની હોય છે. તેઓ બે દિવસ પછી થોડોક આહાર લે છે. તેમનું શરીર શંખ જેવા સફેદ રંગનું હોય છે.

પછી ક્રમથી હાનિ થતાં ત્રીજો સુષમા–દુઃષમા કાળ આવે છે, જેનું પ્રમાણ બે ક્રોડા–ક્રોડી સાગર છે. તેના પ્રારંભમાં મનુષ્ય હૈમવત ક્ષેત્રના મનુષ્યની જેમ હોય છે. તેઓ એક પલ્ય સુધી જીવિત રહે છે, તેમનું શરીર બે હજાર ધનુષ ઊંચું હોય છે. તેઓ એક દિવસ પછી થોડો આહાર લે છે અને તેમના શરીરનો રંગ નીલકમલના જેવો નીલો હોય છે.

વળી ક્રમથી હાનિ થતાં ચોથો દુઃષમા–સુષમા કાળ આવે છે, જેનું પ્રમાણ એક ક્રોડા–ક્રોડી સાગરથી બેતાલીસ હજાર વર્ષ ઓછું હોય છે. તેના પ્રારંભકાળમાં તેઓ મનુષ્યક્ષેત્રના મનુષ્યોની સમાન હોય છે. તેમના શરીરની ઊંચાઈ પાંચસો ધનુષ્યની અને આયુષ્ય એક કરોડ પૂર્વનું હોય છે. તેઓ દિવસમાં એકવાર આહાર કરે છે.

પછી ક્રમસર હાનિ થતાં પાંચમો દુઃષમા કાળ આવે છે, જેનું પ્રમાણ એકવીસ હજાર વર્ષનું હોય છે. એના પ્રારંભમાં મનુષ્યોની ઊંચાઈ પહેલાથી ઘણી ઓછી અર્થાત્ સાડા ત્રણ હાથ જ રહી જાય છે; આયુષ્ય પણ ઘણું ઘટી જાય છે. તે સમયના લોકો દિવસમાં કેટલીયે વાર ખાવા લાગે છે.

પછી ક્રમથી પરિવર્તન પામીને દુઃષમા–દુઃષમા નામનો છઠ્ઠો કાળ આવે છે. જેનું પ્રમાણ એકવીસ હજાર વર્ષનું છે. છઠ્ઠા કાળમાં લોકોની અવગાહના શરીરની ઊંચાઈ એક હાથની રહી જાય છે, આયુષ્ય પણ બિલકુલ થોડું રહી જાય છે અને તેમના શરીર પણ કુરુપ થઈ જાય છે. આવી જ રીતે ઉત્સર્પિણીના પણ છ ભેદ હોય છે અને તેનું પ્રમાણ પણ દશ ક્રોડા–ક્રોડી સાગરનું હોય છે. પરંતુ એમનો ક્રમ અવસર્પિણીના ક્રમથી વિપરીત હોય છે. જ્યારે અહીં અવસર્પિણીનો ક્રમ પૂરો થઈ જશે, ત્યારે ઉત્સર્પિણી કાળનો સંચાર થશે.

આપણે અહીં જે સમયનું વર્ણન કરવું છે, એ સમયે અહીં અવસર્પિણીનો ત્રીજો સુષમા–દુઃષમા કાળ ચાલી રહ્યો હતો. ત્રીજા કાળમાં અહીં જઘન્ય ભોગભૂમિ જેવી

રચના હતી. કલ્પવૃક્ષો દ્વારા જ મનુષ્યોની આવશ્યકતાઓ પૂર્ણ થયા કરતી હતી. સ્ત્રી અને પુરુષ સાથે ઉત્પન્ન થતા હતા અને તેઓ સાત અઠવાડિયામાં પૂર્ણ યૌવન પ્રાપ્ત થઈ જતા હતા. તે સમયે કોઈપણ જીવ કોઈપણ વાતે દુઃખી નહોતો. બધા મનુષ્ય એક સમાન વૈભવવાળા હતા. કોઈ કોઈને આશ્રિત નહોતો, બધા સ્વતંત્ર હતા પણ જેમ જેમ ત્રીજો કાળ વીતતો ગયો, તેમ તેમ ઉપર કહેલી બધી વાતોમાં ન્યૂનતા આવતી ગઈ. ત્યાં સુધી કે ત્રીજા કાળના અંતિમ પલ્યમાં ઘણું બધું પરિવર્તન થઈ ચૂક્યું હતું.

સ્ત્રી–પુરુષોનું એક સાથે ઉત્પન્ન થવું બંધ થઈ ગયું હતું. પહેલાં બાળક–બાલિકાઓનો જન્મ થતાં જ તેમના માતા–પિતાનું મૃત્યુ થઈ જતું હતું, પરંતુ જ્યારે તે પ્રથા ધીરે–ધીરે બંધ થવા લાગી ત્યારે કલ્પવૃક્ષોની કાંતિ મન્દ પડી ગઈ અને પછી ધીરે–ધીરે તેઓ નષ્ટ પણ થઈ ગયા. બીજ વાવ્યા વગર અનાજ પેદા થવા લાગ્યું. વાઘ, સિંહ આદિ પશુ ઉપદ્રવ કરવા લાગ્યા. આ બધા વિચિત્ર પરિવર્તનોથી જ્યારે જનતા ગભરાવા લાગી ત્યારે ક્રમથી આ ભારતવર્ષમાં ૧. પ્રતિશ્રુતિ ૨. સન્મતિ ૩. ક્ષેમંકર ૪. ક્ષેમન્દર ૫. સીમંકર ૬. સીમંધર ૭. વિમલવાહન ૮. ચક્ષુષ્માન ૯. યશસ્વી ૧૦. અભિચન્દ્ર ૧૧. ચન્દ્રાભ ૧૨. મરુદેવ ૧૩. પ્રસેનજિત અને ૧૪. નાભિરાજ—આ ચૌદ મહાપુરુષ થયા. આ મહાપુરુષોએ પોતાના બુદ્ધિબળથી જનતાનું સંરક્ષણ કર્યું. એટલા માટે લોકો એમને ‘કુલકર’ કહેતા હતા. અહીં ચૌદમા કુલકર નાભિરાજનું કાંઈક વર્ણન કરવું અનાવશ્યક નહીં હોય, કેમકે કથાનાયક ભગવાન શ્રી વૃષભનાથનો એમની સાથે વિશેષ સંબંધ રહ્યો છે.


અહીં જ્યારે ભોગભૂમિની રચના ખતમ થઈ ચૂકી હતી અને કર્મભૂમિની રચના પ્રારંભ થઈ રહી હતી ત્યારે અયોધ્યા નગરીમાં અંતિમ કુલકર નાભિરાજાનો જન્મ થયો હતો. તેઓ સ્વભાવથી જ પરોપકારી, મૃદુભાષી અને પ્રતિભાશાળી પુરુષ હતા. એમનું આયુષ્ય એક કરોડ પૂર્વનું હતું અને શરીરની ઊંચાઈ પાંચસો પચીસ ધનુષ્યની હતી. એમના માથા ઉપર બંધાયેલો સોનાનો મુગટ બહુ જ ભવ્ય લાગતો હતો. એમના સમયમાં જન્મના સમયે બાળકની નાભિમાં નાળ દેખાવા લાગી હતી. મહારાજ નાભિરાજાએ તે નાળનો કાપવાનો ઉપાય બતાવ્યો હતો.

એટલા માટે એમનું ‘નાભિરાજા’ નામ સાર્થક થયું હતું. એમના જ સમયમાં આકાશમાં શ્યામ મેઘ દેખાવા લાગ્યા હતા અને તેમાં ઈન્દ્રધનુષ્યની ચિત્રવિચિત્ર આભા ચમકતી જોવા મળી હતી. તે મેઘોમાં મૃદંગના શબ્દ જેવા સુંદર શબ્દ સાંભળવા

મળતા અને ક્યારેક વિજળી ચમકતી હતી. વર્ષા થતાં પૃથ્વીની શોભા અપૂર્વ થઈ ગઈ હતી. ક્યાંક સુંદર ઝરણાં કલરવ કરતાં થકાં વહેતાં દેખાતાં હતા. ક્યાંક પહાડોની ગુફાઓમાંથી મલકાતી નદીઓ વહેવા લાગતી હતી. ક્યાંક મેઘોની ગર્જના સાંભળીને વનોમાં મયૂર નાચવા લાગતા હતા. આકાશમાં સફેદ બગલા ઊડવા લાગતા હતા અને સમસ્ત પૃથ્વી ઉપર લીલુછમ ઘાસ પેદા થઈ રહ્યું હતું, જેથી એવું માલૂમ પડતું હતું કે જાણે પૃથ્વી લીલી સાડી પહેરી આવનાર વર્ષા ઋતુનું સ્વાગત કરવા માટે જ તૈયાર થઈ રહેલી હોય. તે વર્ષાથી ખેતરોમાં પોતાની જાતે જ જાતજાતના ધાન્યના અંકુર ઉત્પન્ન થઈને સમય પર યોગ્ય ફળ આપવાવાળા થઈ ગયા હતા.


આ પ્રકારે તે સમયે જોકે ભોગ–ઉપભોગની સમસ્ત સામગ્રી મૌજૂદ હતી. પરંતુ તે સમયની પ્રજાને તેને કામમાં કેવી રીતે લાવવું એની જાણ નહોતી; એટલા માટે તેને જોઈને ભ્રમમાં પડી ગયા હતા. અત્યાર સુધીમાં ભોગભૂમિ બિલકુલ ખતમ થઈ ચૂકી હતી અને કર્મ–યુગનો પ્રારંભ થઈ ગયો હતો, પરંતુ લોકો કર્મ કરવાનું જાણતા નહોતા, એટલે તેઓ ભૂખ–તરસથી દુઃખી થઈ રહ્યા હતા.

એક દિવસ ચિંતાથી આકુલિત થયેલા સમસ્ત પ્રાણી મહારાજ નાભિરાજાની



કલ્પવૃક્ષના અભાવમાં લોકોને જીવન જીવવાનો ઉપાય બતાવતા રાજા નાભિરાજ

પાસે પહોંચ્યા અને તેમની પાસે દીનતાપૂર્વક પ્રાર્થના કરીને કહેવા લાગ્યા મહારાજ! આપના ઉદયથી હવે મનચાહ્યા ફળ આપવાવાળા કલ્પવૃક્ષ નષ્ટ થઈ ગયા છે, એટલા માટે અમે બધા ભૂખ–તરસથી આકુળવ્યાકુળ થઈ રહ્યા છીએ. કૃપા કરી જીવિત રહેવા માટેનો કાંઈક ઉપાય બતાવો. નાથ! જુઓ, કલ્પવૃક્ષોના બદલે આ અનેક અન્યવૃક્ષ ઉત્પન્ન થયા છે, જેઓ ફળના ભારથી નીચે ઝૂકી રહ્યા છે. એના ફળ ખાવાથી અમે લોકો મરી તો નહિં જઈએ ને? અને આ ખેતરોમાં જુદા જુદા નાના છોડવા ઊગ્યા છે, જે ધાન્યના ભારથી ઝુકવાને કારણે એવા માલૂમ પડે છે કે, જાણે આપની માતા મહાદેવીને નમસ્કાર જ કરતા હોય. કહો, આ બધું શા માટે ઉત્પન્ન થયું છે? મહારાજ! આપ જ અમારા રક્ષક છો, બુદ્ધિમાન છો, એટલા માટે આ સંકટના સમયે અમારી રક્ષા કરો. પ્રજાના આવા દીનતાભર્યા વચનો સાંભળીને નાભિરાજાએ મધુર વચનોથી બધાને સંતોષ આપ્યો અને યુગપરિવર્તનનો હાલ બતાવતાં કહ્યું કે ભાઈઓ! કલ્પવૃક્ષોના નષ્ટ થવા છતાં પણ આ સાધારણ વૃક્ષ તમારા પર એવો જ ઉપકાર કરશે, જેવો કે પહેલાં કલ્પવૃક્ષ કરતા હતા. જુઓ, આ ખેતરોમાં અનેક જાતના અનાજ પેદા થયા છે એમને ખાવાથી તમારા લોકોની ભૂખ શાંત થઈ જશે અને આ સુંદર કૂવા, વાવડી, ઝરણા વગેરેનું પાણી પીવાથી તમારી તરસ મટી જશે. અહીંયા જુઓ, આ લાંબા–લાંબા શેરડીના વૃક્ષ જોઈ રહ્યા છે, તે બહુ જ મીઠા છે, એમને દાંતથી અથવા યંત્રથી પીલીને એનો રસ પીવો જોઈએ. અને આ બાજુ જુઓ, આ ગાય, ભેંસના સ્તનમાંથી સફેદ–સફેદ મીઠું દૂધ ઝરે છે, એને પીવાથી શરીર પુષ્ટ થાય છે અને ભૂખ મટે છે. આ રીતે દયાળુ મહારાજ



રાજા નાભિરાજના શિખવાડ્યા મુજબ માટીના વાસણ બનાવતા લોકો

નાભિરાજે તે દિવસે પ્રજાને કેટલાય પ્રકારના માટીના વાસણ બનાવી આપ્યા અને આગળ એવી રીતના બનાવવાનો ઉપદેશ પણ આપ્યો. નાભિરાજાના મુખેથી આ બધું સાંભળીને પ્રજાજનો બહુ જ પ્રસન્ન થયા અને તેમના દ્વારા બતાવેલા ઉપાયોને કામમાં લાવીને સુખેથી રહેવા લાગ્યા.

પહેલાંના લોકો બહુ ભદ્રપરિણામી હતા એટલા માટે તેમનાથી કોઈ પ્રકારનો અપરાધ નહોતો થતો. પણ પછી જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ લોકોના પરિણામ કુટિલ થવા માંડ્યા અને તેઓ અપરાધ કરવા લાગ્યા, એટલા માટે નાભિરાજાએ અને એમના પહેલાંના કુલકરોએ અપરાધી મનુષ્યોને દંડ દેવા માટે દંડ–વિધાન પણ બતાવ્યા હતા. ધ્યાનપૂર્વક સાંભળો–એમના દંડ વિધાન.

પ્રારંભના પાંચ કુલકરોએ અપરાધી મનુષ્યોને 'હા' એ રીતે શોક પ્રગટ–કરવારૂપ દંડ દેવો શરૂ કર્યો હતો. તેમના પછીના પાંચ કુલકરોએ 'હા' શોક પ્રગટ કરવા સાથે 'ના, હવે એવું નહીં કરીએ' એ બે દંડ ચલાવ્યા હતા. અને એમના પછીના કુલકરોએ 'હા' 'ના' 'ધિક'—એમ ત્રણ પ્રકારના દંડ ચલાવ્યા હતા.

રાજા નાભિરાજાની સ્ત્રીનું નામ મરુદેવી હતું. મરુદેવીના ઉત્કર્ષના વિષયમાં તેમના નખ-શિખનું વર્ણન ન કરતાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે તેમના સમાન સુંદરી અને સદાચારિણી સ્ત્રી પૃથ્વીતલ પર ના થઈ છે, હાલમાંય નથી અને ના ક્યારેય હશે. રાજા નાભિરાજાની રાજધાની અયોધ્યાપુરી હતી. રાજદંપતિ અનેક પ્રકારના સુખ ભોગવતાં બહુ આનંદથી ત્યાં રહેતા હતા અને નવા–નવા ઉપાયોથી પ્રજાનું પાલન કરતા હતા. હવે અહીંયા આ પ્રગટ કરી દેવું ઉચિત જ હશે કે વજ્રનાભિ ચક્રવર્તી કે જે સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા હતા, કેટલાક સમય પછી ત્યાંથી ચ્યવીને આ જ રાજદંપતીને ત્યાં પુત્ર થશે અને ભગવાન શ્રી ઋષભનાથ નામથી પ્રસિદ્ધ થશે. આ ભગવાન શ્રી વૃષભનાથ જ આ યુગના પ્રથમ તીર્થંકર કહેવાશે.

# ભગવાન શ્રી આદિનાથનો ગર્ભકલ્યાણક

श्रितः श्रेयोऽप्युदासीने यत्त्वैंययेवाऽश्नुते परः।
क्षतं भूयो मदाहने तत्त्वमेवार्चितेश्वरः।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે પ્રભો ! જો કે આપ ઉદાસિન છો, રાગ–દ્વેષથી રહિત છો તોપણ આપની સેવા કરવાવાળા–વિશુદ્ધ ચિત્તમાં આપનું ધ્યાન કરવાવાળો પુરુષ કલ્યાણને જ પ્રાપ્ત થાય છે અને અહંકારથી પૂર્ણ અથવા રાગ–દ્વેષથી પૂર્ણ અન્ય કુદેવાદિની સેવા કરવાવાળો પુરુષ અકલ્યાણને પ્રાપ્ત થાય છે. તેથી આપ જ પૂજ્ય ઈશ્વર છો.

સર્વાર્થસિદ્ધિમાં જેમ જેમ વજ્રનાભિ અહમિન્દ્રનું આયુષ્ય ઘટતું જતું હતું, તેમ તેમ ત્રણે લોકમાં આનંદ વધતો જતો હતો. ત્યાં સુધી કે જ્યારે એમનું આયુષ્ય કેવળ છ મહિનાનું બાકી રહ્યું ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી ધનપતિ કુબેરે રાજધાની અયોધ્યાની નજીકમાં જ એક બીજી અયોધ્યા નગરી બનાવી. તે નગરી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી. નગરીની બહાર ચારે બાજુ અગાધ જળથી ભરેલી સુંદર ખાઈનું પાણી તપેલા સુવર્ણ જેવું જણાતું હતું. તેના પછી સુવર્ણમય કોટ બનાવેલો હતો. તે કોટના શિખરો બહુ ઊંચા હતા. કોટની ચારે બાજુ ચાર ગોપુર બનાવેલા હતા. જેના ગગનચુંબી શિખરો પર મણિમય કળશ એવા માલુમ પડતા હતા જાણે ઉદયાચલના શિખરો પર સૂર્યના બિંબ જ બિરાજમાન હો. તે નગરીમાં જગ્યાએ જગ્યાએ વિશાળ જિનમંદિર બનેલા હતા, જેમાં જિનેન્દ્રદેવની રત્નમયી પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. ક્યાંક સ્વચ્છ જળથી ભરેલા તળાવ જણાતા હતા. તે તળાવોમાં કમળ ખીલી રહ્યા હતા અને તેના ઉપર મધથી મત્ત થયેલા ભમરાઓ મનોહર શબ્દ કરતા હતા. ક્યાંક તો અગાધ જળથી ભરેલી વાવડીઓ નજરે પડતી હતી. જેના રત્નોથી ભરેલા કિનારાઓ પર હંસ, સારસ વગેરે પક્ષી ક્રીડા કરતા હતા. ક્યાંક આંબા, લીંબુ, જામફળ, દાડમ......આદિના વૃક્ષોથી સુશોભિત મોટા–મોટા બગીચા બનાવાયા હતા. જેમાં જાતજાતના ફૂલોની સુગંધી ફેલાઈ રહી હતી. ક્યાંક

સારા—સારા બજાર બનેલા હતા જેમાં હીરા, મોતી, પન્ના આદિ મણિઓના ઢગલા લગાવ્યા હતા. ક્યાંક શેઠ શાહુકારોના મોટા—મોટા મહેલ બનેલા હતા, જેના શિખરો પર કેટલીય જાતના રતન જડેલા હતા. કોઈ સુંદર જગ્યાએ રાજ—ભવન બનેલા હતા, જેના ઊંચા શિખર આકાશના અંતઃસ્થળને ભેદીને ચાલ્યા ગયા હતા અને ક્યાંક નિર્બાધ સ્થાનોમાં વિસ્તૃત વિદ્યાલય બનાવ્યા હતા, જેની દિવાલો પર શિક્ષાપ્રદ ચિત્રો ટાંગવામાં આવ્યા હતા. કવિવર અર્હદ્દાસે ઠીક જ લખ્યું છે—જેને બનાવવામાં ઈન્દ્ર સૂત્રધાર હોય અને દેવલોકો સ્વયં કાર્ય કરવાવાળા હો તે અયોધ્યા નગરીનું વર્ણન ક્યાં સુધી કરી શકાય? સાચેસાચ તે નવનિર્મિત અયોધ્યાની સામે ઈન્દ્રની અમરાવતી બહુ જ નિકૃષ્ટ માલુમ પડતી હતી.

એક દિવસે શુભમુહૂર્તમાં સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રે બધા દેવો સાથે આવીને તે નવીન નગરીમાં મહારાજા નાભિરાજા અને મરુદેવીનો રાજ્યાભિષેક કરી તેઓને રાજભવનમાં રોકાણ કરાવ્યું. તે જ દિવસે બધા અયોધ્યાવાસીઓનો પણ નવીન અયોધ્યામાં પ્રવેશ કરાવ્યો, જેનાથી નગરીની આભા બહુ જ વિશિષ્ટ થઈ ગઈ હતી. એના પછી એ દેવલોકો કેટલાય પ્રકારનું કૌતુક બતાવીને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

જ્યાં સુધી મનુષ્યો ભોગલાલસાઓમાં લીન રહે છે, ત્યાં સુધી એમના હૃદયમાં ધર્મની પ્રભાવના દૃઢ થવા નથી પામતી, પણ જેમ—જેમ ભોગલાલસાઓ ઘટતી જાય છે, તેમ તેમ તેમની ધર્મની ભાવના દૃઢ થતી જાય છે. આ ભારતની ધરતી પર જ્યારથી કર્મયુગનો પ્રારંભ થયો, ત્યારથી લોકોના હૃદય ભોગલાલસાઓથી બહુ અંશે વિરક્ત થઈ ચૂક્યા હતા, એટલા માટે તેમના હૃદયોમાં ધર્મનું બીજારોપણ કરવાનું બહુ યોગ્ય હતું. તે સમયે સંસારને એવા દેવદૂતની આવશ્યકતા હતી કે જે સૃષ્ટિના વિશ્રૃંખલ, અવ્યવસ્થિત લોકોને શ્રૃંખલાબદ્ધ વ્યવસ્થિત બનાવે, તેમને કર્તવ્યનું જ્ઞાન કરાવે અને તેમના સુકોમળ હૃદયમાં તેને માટે બીજારોપણ કરાવે. આ મહાન કાર્ય કોઈ સાધારણ મનુષ્યથી થઈ શકે તેમ નહોતું, તેને માટે તો કોઈ એવા મહાત્માની આવશ્યકતા હતી, જેનું વ્યક્તિત્વ ઘણું ઘણું વિશાળ હોય, જેનું હૃદય અત્યંત નિર્મળ અને ઉદાર હોય. તે સમયે વજનાભિ ચક્રવર્તીનો જીવ જે સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર પદ પર બેઠેલો હતો, એ આ મહાન કાર્ય કરવા ઉદ્યત થયો. દેવતાઓએ તેમનું સહર્ષ અભિવાદન કર્યું. જોકે તેમને હજુ ભારતભૂમિ પર આવવા માટે કેટલોક સમય બાકી હતો, છતાં પણ તેમના પુણ્ય—



પરમાણુ ચારે બાજુ ફેલાઈ ગયા હતા. સૌથી પહેલા દેવોએ તે ભવ્યાત્માના સ્વાગત માટે ભવ્ય નગરીનું નિર્માણ કર્યું અને પછી તે નગરીમાં પ્રતિદિન દિવસમાં ત્રણ વાર કરોડો રત્નોની વર્ષા કરી.



ભગવાન આદિનાથનો ગર્ભકલ્યાણ

એક દિવસે મહારાણી મરુદેવી ગંગાજળ જેવા સ્વચ્છ વસ્ત્રથી શોભિત શય્યા ઉપર સુખની નિંદર લઈ રહી હતી, તે રાત પૂરી થવા માગતી હતી, ત્યારે તેઓએ આકાશમાં નીચે લખેલા સોળ સ્વપ્નો જોયાં— ૧. ઐરાવત હાથી ૨. સફેદ બળદ ૩. ગરજતો સિંહ ૪. લક્ષ્મી ૫. બે માળાઓ ૬. ચન્દ્રમંડલ ૭. સૂર્યબિંબ ૮. સુવર્ણના બે કળશ ૯. તળાવમાં રમતી બે માછલીઓ ૧૦. નિર્મળ જળથી ભરેલું સરોવર ૧૧. લહેરાતો સમુદ્ર ૧૨. રત્નોથી જડેલું સિંહાસન ૧૩. દેવોનું વિમાન ૧૪. નાગેન્દ્ર ભવન ૧૫. રત્નરાશિ અને ૧૬. નિર્ધૂમ અગ્નિ. સ્વપ્ન જોયા પછી મરુદેવી માતાએ પોતાના મોંમાં પ્રવેશ કરતા કુન્દ પુષ્પ જેવા શ્વેત વર્ણવાળા એક બળદને જોયો. એટલામાં રાત પૂરી થઈ ગઈ, પૂર્વ દિશામાં લાલિમા છવાઈ ગઈ અને રાજમંદિરમાં વાજિંત્રોની મંગલ–ધ્વની થવા લાગી. વાજિંત્રોની ધ્વનિ અને બંદીજનોના સ્તુતિભર્યા વચનોથી મહારાણી મરુદેવીની ઊંઘ પૂરી થઈ. તે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતી થકી શય્યામાંથી ઊઠી, તો અભૂતપૂર્વ સ્વપ્નોને સ્મરણ કરીને આશ્ચર્ય સાગરમાં નિમગ્ન થઈ ગઈ. જ્યારે તેને ઘણો બધો વિચાર કરવા છતાં પણ સ્વપ્નોના ફળનો ખ્યાલ ના આવ્યો, ત્યારે જલ્દીથી નાહી–ધોઈને અને

બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ પહેરીને સભામંડપ તરફ ગઈ. મહારાજ નાભિરાજે હૃદયવલ્લભા મરુદેવીનું યથોચિત સ્વાગત કરી તેમને યોગ્ય આસન પર બેસાડ્યા અને મધુર વચનોથી કુશળ પ્રશ્ન પૂછ્યા પછી તેમને રાજ્યસભામાં આવવાનું કારણ પૂછ્યું. મરુદેવીએ વિનયપૂર્વક રાત્રે જોયેલા સ્વપ્ન સંબંધી નાભિરાજાને કહ્યું અને તેમનું ફળ જાણવાની ઈચ્છા પ્રગટ કરી. રાજા નાભિરાજાને અવધિજ્ઞાન હતું, એટલે સાંભળતાં જ તે સ્વપ્નોનું ફળ જાણી ગયા હતા. ત્યારે મરુદેવી તો પોતાની જિજ્ઞાસા પ્રગટ કરીને ચૂપ થઈ રહ્યા ત્યારે મહારાજા નાભિરાજે બોલવાનો આરંભ કર્યો. બોલતા સમયે તેમના ઉજ્જ્વલ દાંતો પરથી કિરણ મરુદેવીના વક્ષસ્થલ પર પડી રહ્યા હતા. એનાથી એવું લાગતું હતું કે જાણે મહારાજા નાભિરાજ પોતાની પ્રિયતમાને મોતીઓની હાર જ પહેરાવી રહ્યા હોય. તેમણે કહ્યું—"દેવી!

| | | |
|---|---|---|
|  | ઐરાવત હાથીના જોવાથી | તમને એક અત્યંત ઉત્કૃષ્ટ પુત્ર થશે. |
|  | બળદના જોવાથી | તે સમસ્ત સંસારનો અધિપતિ થશે. |
|  | સિંહના જોવાથી | તે અત્યંત પરાક્રમી થશે. |
|  | લક્ષ્મીના જોવાથી | તે અત્યંત વૈભવશાળી થશે. |
|  | બે માળાઓના જોવાથી | ધર્મ—તીર્થનો કર્તા થશે. |
|  | પૂર્ણ ચન્દ્રમાને જોવાથી | સમસ્ત પ્રાણીઓને આનંદ આપવાવાળો થશે. |
|  | સૂર્યને જોવાથી | તે તેજસ્વી થશે. |
|  | સોનાના કળશ જોવાથી | નિધિઓનો સ્વામી થશે. |
|  | માછલીઓના જોવાથી | અનંત સુખી થશે. |
|  | સરોવરના જોવાથી | ઉત્તમ લક્ષણોથી ભૂષિત થશે. |
|  | સમુદ્રના જોવાથી | સર્વદર્શી થશે. |
|  | સિંહાસનને જોવાથી | સ્થિર સામ્રાજ્યવાળો થશે. |
|  | દેવ—વિમાન જોવાથી | તે સ્વર્ગથી આવશે. |
|  | નાગેન્દ્રનું ભવન જોવાથી | અવધિજ્ઞાની થશે. |
|  | રત્નોની રાશિ જોવાથી | ગુણોની ખાણ થશે. |
|  | નિર્ધૂમ અગ્નિ જોવાથી | તે કર્મરૂપી ઈંધનને સળગાવવાવાળો થશે. |


તથા સ્વપ્નોના જોયા પછી તમારા મોઢામાં પ્રવેશ કરી રહેલા સફેદ બળદને જોયો. તેથી એમ લાગે છે કે તમારા ગર્ભમાં કોઈ દેવે અવતાર લીધો છે.

જ્યારે નાભિરાજા મરુદેવીના સ્વપ્નોનું ફળ બતાવી રહ્યા હતા ત્યારે દેવોના આસન અચાનક કંપાયમાન થયા, જેથી તેઓને ભગવાન વૃષભનાથના ગર્ભારોહણનો નિશ્ચય થઈ ગયો. ઈન્દ્રની આજ્ઞા અનુસાર દિક્કુમારીઓ શ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી આદિ દેવીઓ જિનમાતા મહારાણી મરુદેવીની સેવાને માટે ઉપસ્થિત થઈ ગઈ. ઈન્દ્ર આદિ સમસ્ત દેવોએ આવીને અયોધ્યાપુરીમાં ખૂબ ઉત્સવ કર્યો અને વસ્ત્ર–આભૂષણ આદિથી રાજા નાભિરાજા અને મરુદેવીનો ખૂબ સત્કાર કર્યો. જે રત્નોની ધારા ગર્ભાધાનના છ મહિના પહેલાથી વરસતી હતી તે ગર્ભાધાનના દિવસોમાં પણ તેમ જ વરસતી રહી. આ રીતે અષાઢ સુદ બીજના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં વજ્રનાભિ અહમિન્દ્રએ સર્વાર્થસિદ્ધિમાંથી ચ્યવીને મહાદેવી મરુદેવીના ગર્ભમાં સ્થાન મેળવ્યું. જ્યારે ભગવાન માતાના ગર્ભમાં આવ્યા હતા ત્યારે ત્રીજા સુષમા–દુઃષમાં કાળના ચોરાસી લાખ પૂર્વ તથા ત્રણ વર્ષ સાડા સાડા આઠ મહિના[1] બાકી હતા.

મરુદેવીની સેવાને માટે જે દિક્કુમારીઓ શ્રી, હ્રીં આદિ દેવીઓ આવી હતી. તેઓએ સૌથી પહેલાં સ્વર્ગલોકમાંથી લાવેલી દિવ્ય ઔષધિઓથી તેમનું ગર્ભશોધન કર્યું અને પછી નિરંતર ગર્ભની રક્ષા તથા તેના પોષણમાં ધ્યાન રાખવા લાગી. તે દેવીઓ મરુદેવીની બધા પ્રકારે સેવા કરવા લાગી. કોઈ શરીરમાં તેલનું મર્દન કરતી હતી, કોઈ ઉબટન લગાવતી હતી, કોઈ નવડાવતી હતી, કોઈ ચન્દનકપૂર, કસ્તુરી આદિ સુગંધિત દ્રવ્યોનો લેપ લગાવતી હતી. કોઈ વાળને સંભાળીને સુગંધિત ફૂલોથી સજાવતી હતી. કોઈ ઉત્તમ વસ્ત્ર પહેરાવતી હતી. કોઈ કંકણ, કેયુર, મંજીર આદિ અનેક પ્રકારના આભૂષણ પહેરાવતી હતી. કોઈ અમૃત સમાન અત્યંત મધુર ભોજન કરાવતી હતી. કોઈ શિર ઉપર છત્ર લગાવતી હતી. કોઈ ઉત્તમ તાંબૂલના બીડાને સમર્પણ કરતી હતી. કોઈ રત્નોના ચૂરણથી ચોક પૂરતી હતી. કોઈ તલવાર લઈને પહેરો દેતી હતી. કોઈ આંગણું વાળતી હતી અને કોઈ મનોહર કવિતાઓ, વાર્તાઓ, પહેલીઓ અને સમસ્યાઓના સમાધાન દ્વારા તેમના ચિત્તને અનુરંજિત કરતી હતી. આ રીતે દેવીઓની સાથે નૃત્ય–ગીત આદિ વિનોદો દ્વારા મરુદેવીનો સમય સુખથી વીતી રહ્યો હતો. તે સમયની વિચિત્ર વાત એ હતી કે ગર્ભના દિવસો તો ક્રમશઃ વીતી જઈ રહ્યા હતા, પણ તેમના શરીરમાં ગર્ભનું કોઈ ચિહ્ન પ્રગટ નહોતું થયું. ના પેટ વધ્યું હતું, ના મુખની ક્રાંતિ ફીકી પડી હતી, ના આંખો અને સ્તનોમાં ય કાંઈ પરિવર્તન થયું હતું.

૧. પાઠાન્તર : ૫૦ લાખ ક્રોડ સાગર + ૧૨ લાખ પૂર્વ ( ત્રિ. ૫.)

# ભગવાન શ્રી સીમંધરનાથના સમવસરણમાં ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવ અને ગુણિયલ રાજકુમાર



જમ્બૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રસ્થ પુષ્કલાવતી વિજયમાં વર્તમાન–વિહરમાન, સમવસરણ–ગંધકૂટી પર વિરાજમાન, સર્વજ્ઞ વીતરાગ, અર્હંત પરમાત્મા, તીર્થંકર, પરમ દેવાધિદેવ, પરમપૂજ્ય શ્રી સીમંધર ભગવાન તથા સમવસરણમાં તેમને અત્યંત ભક્તિભાવસહિત વંદના કરીને તેમના દિવ્ય ઉપદેશામૃતનું પ્રત્યક્ષ પાન કરતાં જંબૂ–ભરતક્ષેત્રથી સદેહે વિદેહગમન પ્રાપ્ત મહામુનીન્દ્ર શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ અને તેમની જેમ વિદેહસ્થ ધર્માનુરાગી ગુણિયલ રાજકુમાર.

(તે સમયે ભગવાનની વાણીમાં આવ્યું કે આ રાજકુમાર આગળના ભવમાં જંબૂદ્વીપસ્થ ભરતક્ષેત્રમાં આ કુન્દકુન્દાચાર્યદેવનું ધર્મતીર્થ પ્રવર્તાવશે ને ભવિષ્યમાં ધાતકીખંડના પૂર્વ વિદેહમાં સૂર્યકીર્તિ અને સર્વાંગસ્વામી એવા બે નામવાળા તીર્થંકર થશે.)

(વિસ્તૃત કથા માટે જુઓ 'જૈન પુરાણિક લઘુકથા ભાગ–૫, પૃષ્ઠ ૧૧૫)

# ભગવાન શ્રી આદિનાથ જન્મકલ્યાણક

भासते विभुताऽस्तोना ना स्तोता भुवि ते सभाः।
याः श्रिताः स्तुत! गीत्या नुनुत्या गीतस्तुताःश्रिया।।

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે સ્તુત્ય! આપની સ્તુતિ કરવાવાળા પૃથ્વી પર તે સમોસરણ સભાઓને પામીને અત્યંત શોભિત થાય છે. જે સભાઓ અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ લક્ષ્મીથી શોભિત છે, સંગીતમય સ્તોત્રોથી જેમનું વર્ણન કરવામાં આવે છે, શ્રેષ્ઠ પુરુષોના નમસ્કારથી જે પૂજ્ય છે અને જેઓએ આપના વૈભવથી અન્ય સભાઓને તિરસ્કૃત કરી દીધી છે.

જ્યારે ધીરે–ધીરે ભગવાન શ્રી આદિનાથનો ગર્ભનો સમય પૂરો થઈ ગયો, ત્યારે ચૈત્ર વદ નોમના દિવસે પ્રાતઃકાળના સમયે ઉત્તમ મુહૂર્તમાં મરુદેવીએ પુત્ર–રત્નનો પ્રસવ કર્યો. તે સમયે તે પુત્ર સૂર્યસમાન માલૂમ પડતો હતો, કેમકે જે પ્રકારે સૂર્ય ઉદયાચલથી પ્રાચી દિશામાં પ્રગટ થાય છે, તે જ રીતે તે પણ મહારાજા નાભિરાજથી મહારાણી મરુદેવીમા જિનસૂર્ય પ્રગટ થયો હતો. જેવી રીતે સૂર્ય કિરણોથી પ્રકાશમાન થાય છે, તથા અંધકાર નાશ કરે છે, તેવી જ રીતે તે જિનસૂર્ય પણ મતિ, શ્રુત, અવધિ–જ્ઞાન રૂપી કિરણોથી ચમકી રહ્યો હતો અને અજ્ઞાન–તિમિરને નષ્ટ કરતો હતો. તીર્થંકરરૂપી બાળ–સૂર્યને જોઈને દેવાંગનાઓના નયનકમળ વિકસિત થઈ ગયા હતા અને તેમાંથી હર્ષાશ્રુ ઝરવા લાગ્યા હતા. બાળકની અનુપમ પ્રભાથી સમસ્ત પ્રસુતિગૃહ અંધકાર રહિત થઈ ગયું હતું, એટલા માટે દેવીઓએ જે દીપક સળગાવ્યા હતા, એ કેવળ મંગલને માટે હતા. તે સમયે ત્રણે લોકમાં ઉલ્લાસ છવાઈ ગયો હતો. કેટલીક ક્ષણો માટે નારકી પણ સુખી થઈ ગયા હતા. દિશાઓ પણ નિર્મળ થઈ ગઈ હતી. આકાશ નિર્મેઘ થઈ ગયું હતું. નદી,

તળાવ આદિનું પાણી સ્વચ્છ થઈ ગયું હતું. સૂર્યની કાંતિ ફીકી પડી ગઈ હતી. મંદ, સુગંધિત પવન વહી રહ્યો હતો. વનમાં એકી સાથે છએ ઋતુઓની શોભા પ્રગટ થઈ ગઈ હતી. ઘેર ઘેર ઉત્સવ થઈ રહ્યો હતો. જગ્યાએ જગ્યાએ લય અને તાલની સાથે સુંદર સંગીત થઈ રહ્યું હતું. મૃદંગ વીણા વગેરે વાજિંત્રોના મધુર શબ્દ સમસ્ત ગગનમાં ગૂંજી રહ્યા હતા. મકાનની છતો પર કેટલાયે રંગની પતાકાઓ ફરકી રહી હતી. સડકો પર સુગંધિત જળને સીંચીને ચંદન છાંટવામાં આવતું હતું અને ઉત્તમ–ઉત્તમ ફૂલ પથરાયેલા હતા. આકાશમાંથી જાત–જાતના રત્ન, મંદાર, સુંદરમેરુ, પારિજાત, સંતાન આદિ કલ્પવૃક્ષોથી ફૂલ વરસી રહ્યાં હતાં. આ બધાથી અયોધ્યાપુરીની શોભા બહુ જ અનુપમ માલૂમ પડતી હતી. તે સમયે કોઈ એવો મનુષ્ય નહોતો, જેનું હૃદય બાળ તીર્થંકરનો જન્મના સમાચાર સાંભળીને આનંદથી ઊછળી રહ્યું ના હોય. દેવ, નારકી, તિર્યંચ, માનવ આદિ બધા પ્રાણીઓના હૃદયોમાં આનંદસાગર ઉછળી રહ્યો હતો.

બાળ તીર્થંકરના પુણ્ય પ્રભાવથી ભવનવાસી દેવોના ભવનમાં વગાડ્યા વગર જ શંખ વાગવા માંડ્યા હતા. વ્યંતરોના ભવનોમાં ભેરીના શબ્દ થવા લાગ્યા હતા. જ્યોતિષિઓના વિમાન સિંહનાદથી પ્રતિધ્વનિત થઈ રહ્યા હતા અને કલ્પવાસી દેવોના વિમાનોમાં ઘંટોનો સુંદર શબ્દ થવા લાગ્યો હતો. જગદ્ગુરુ જિનેન્દ્રદેવની સામે કોઈ બીજાનું રાજ્યસિંહાસન સુદૃઢ ના રહી શકે, જાણે કે આ પ્રગટ કરતા થકા જ દેવોનાં સિંહાસન હલી ગયાં હતાં. જ્યારે ઈન્દ્ર પોતાની હજાર આંખોથી પણ આસન હાલવાનું કારણ ના જાણી શક્યા, ત્યારે તેમણે અવધિજ્ઞાનરૂપી લોચન ખોલ્યું, જેનાથી તેઓ શીઘ્ર જ સમજી ગયા કે અયોધ્યાપુરીમાં મહારાજ નાભિરાજના ઘરે પ્રથમ તીર્થંકરનો જન્મ થયો છે. આ જાણીને બાળ તીર્થંકરને પરોક્ષ નમસ્કાર કર્યા.

પછી ભગવાનના જન્માભિષેક મહોત્સવમાં અનુગમન કરવાને માટે પ્રસ્થાનભેરી વગાડી. ભેરીનો ગંભીર શબ્દ, જાણે ચિરકાળથી સૂતેલા સમીચીન–ધર્મને જાગૃત કરતો થકો ત્રણ લોકમાં ફેલાઈ ગયો હતો. પ્રસ્થાનભેરીની ધ્વનિ સાંભળીને સમસ્ત દેવસેનાઓ પોતપોતાના આવાસોથી નીકળીને સ્વર્ગના ગોપુર–દ્વાર પર પહોંચી ઈન્દ્રની પ્રતિક્ષા કરવા લાગી. સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર પણ ઈન્દ્રાણીની સાથે ઐરાવત હાથી ઉપર બેસીને સમસ્ત દેવસેનાઓની સાથે અયોધ્યાપુરી તરફ ચાલ્યો. રસ્તામાં અનેક સુરનર્તકીઓ નૃત્ય કરતી રહેતી હતી. સરસ્વતી વીણા બજાવતી હતી.




ઐરાવત હાથી ઉપર આદિનાથ જિનેન્દ્ર મેરુ પર્વત તરફ

ગંધર્વો ગાતા હતા. અને ભરતાચાર્ય નૃત્યની વ્યવસ્થા કરી રહ્યા હતા. તે સમયે પરસ્પર ઘર્ષણથી તૂટી તૂટીને નીચે પડતા માળાના મણિઓ એવા માલૂમ પડતા હતા જાણે ઐરાવત હાથીઓના પગસંચારથી ચૂર્ણ થતા નક્ષત્રના ટુકડા જ ન હોય! ધીરે–ધીરે તે દેવસેના આકાશથી નીચે ઉતરી અને અયોધ્યાપુરીની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને તેને ચારે બાજુએથી ઘેરીને આકાશમાં સ્થિર થઈ ગઈ.

ઈન્દ્ર ઈન્દ્રાણી આદિ કેટલાક પ્રમુખદેવો, રાજા નાભિરાજના મહેલ પર પહોંચ્યા અને ત્રણ પ્રદક્ષિણા કરી ભવનની અંદર પ્રવેશ્યા ત્યાં રાજ–મંદિરની અનોખી શોભા જોઈને ઈન્દ્ર બહુ જ હર્ષિત થયા. બાળતીર્થંકરને લાવવા માટે ઈન્દ્રે ઈન્દ્રાણીને પ્રસૂતિગૃહમાં મોકલ્યા અને સ્વયં આંગણામાં ઊભા રહી ગયા. પછી જ્યારે શચી ઈન્દ્રાણીની દૃષ્ટિ માતા પાસે ક્રીડા કરતાં જિન–બાળક ઉપર પડી, ત્યારે તેમનું હૃદય આનંદથી ભરાઈ ગયું. ઈન્દ્રાણીએ એમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા અને પછી તે મરુદેવીને માયામયી નિદ્રાથી અચેત કરી તેમની પાસે માયા–નિર્મિત એક બાળકને સુવડાવી જિનબાળકને બહાર લઈ આવી. તે સમયે તેમની આગળ આગળ દિક્કુમારીઓ અષ્ટમંગળ લઈને ચાલી રહી હતી. કોઈ જય જય શબ્દ બોલી રહી હતી અને કોઈ મનોહર મંગળ–ગીત ગાઈ રહી હતી. ઈન્દ્રાણીએ જિન–બાળકને લઈ જઈને ઈન્દ્રને સોંપી દીધો. કહે છે કે ઈન્દ્ર બે આંખોથી બાળકનું સૌંદર્ય જોઈને સંતુષ્ટ નહોતો થઈ શકતો, એટલા માટે તેમણે તે જ સમયે વિક્રિયાથી હજાર આંખો બનાવી લીધી હતી. પણ કોણ કહી શકે કે એ હજાર આંખોથી પણ જિનબાળકને દેખીને સંતુષ્ટ થયા હશે?? તે સમયે દેવ–સેનામાં જયજયકાર શબ્દ સિવાય બીજો કોઈ શબ્દ સંભળાતો નહોતો.

સૌધર્મ, ઈન્દ્ર ઐરાવત હાથી પર બાળ–તીર્થંકરને ગોદમાં લઈને બેસી ગયા. તે સમયે બાળક વૃષભનાથના માથા ઉપર ઈશાન સ્વર્ગના ઈન્દ્ર ધવલ છત્ર ધરીને ઊભા હતા. સનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગના ઈન્દ્ર બન્ને ચામર ઢોળી રહ્યા હતા તથા અવશિષ્ટ ઈન્દ્ર અને દેવ જય–જયકાર કરી રહ્યા હતા. એના પછી તે વિશાલ સેના આકાશમાર્ગથી મેરુ પર્વત તરફ ચાલી અને ધીરે ધીરે ચાલીને નવાણું હજાર યોજન ઊંચા મેરુ પર્વત ઉપર પહુંચી ગઈ. મેરુ પર્વતના શિખર ઉપર પાંડુક વનમાં દેવસેનાને અટકાવીને દેવરાજ ઈન્દ્ર તે વનની ઈશાન દિશા તરફ ગયા. ત્યાં તેમની દૃષ્ટિ પાંડુક શિલા ઉપર પડી.



તે શિલા સ્ફટિકમણિથી બનેલી હતી. જોવામાં અર્ધ–ચન્દ્રમા જેવી માલૂમ પડતી હતી. તે શિલા પચાસ યોજન પહોળી, સો યોજન લાંબી અને આઠ યોજન ઊંચી હતી. તેના વચ્ચેના ભાગમાં રત્નોથી ભરેલું સોનાનું સિંહાસન રાખ્યું હતું અને તે સિંહાસનની બંને બાજુએ બીજા બે સિંહાસન રાખેલા હતા. ઈન્દ્રે ત્યાં વસ્ત્રાંગ જાતિના કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થયેલા વસ્ત્રોથી એક સુંદર મંડપ તૈયાર કરાવીને તેને અનેક જાતના રત્ન અને ચિત્રોથી સજાવડાવ્યો હતો. એના પછી ઈન્દ્રે જિન–બાળકને ઐરાવત હાથીના ગણ્ડસ્થળથી ઉતારીને વચ્ચેના સિંહાસન પર બિરાજમાન કરી દીધા તથા બાજુના બે આસનો પર સૌધર્મ અને ઐશાન સ્વર્ગના ઈન્દ્ર બેઠા. એ બે ઈન્દ્રોના આસનથી લઈને ક્ષીરસમુદ્ર સુધી દેવોની પંક્તિઓ બનેલી હતી. જે ત્યાંથી જળથી ભરેલા કળશોને હાથોહાથ ઈન્દ્રોની પાસે પહોંચાડી રહી હતી. બેઉ ઈન્દ્રોએ વિક્રિયાથી હજાર–હજાર હાથ બનાવી લીધા હતા, એટલે તેઓએ એક સાથે હજાર કળશ લઈને બાળકનો અભિષેક કર્યો. જિન–બાળકમાં જન્મથી જ અતુલ્ય બળ હતું. એટલે એ બાળક તે વિશાળ પ્રચંડ જલધારાથી રંચમાત્ર પણ વિચલિત નહોતો થયો. જો તે પ્રચંડ જળધારા કોઈ વજ્રમય પર્વત પર પડતી, તો તે પણ ખંડ–ખંડ થઈ જાત. પણ તે પ્રચંડ જળધારા જિનેન્દ્ર બાળક ઉપર ફૂલોની કળીઓથી પણ હલકી માલૂમ પડતી હતી.

જ્યારે અભિષેકનું કાર્ય પૂરું થઈ ગયું, ત્યારે ઉત્તમ વસ્ત્રોથી જિન–બાળકને

લૂંછીને ઈન્દ્રાણીએ તેને જાતજાતના આભૂષણ પહેરાવ્યા. મનોહર શબ્દ અને અર્થથી ભરેલા અનેક સ્તોત્રો દ્વારા દેવરાજે એની ખૂબ સ્તુતિ કરી. ભક્તિથી ભરેલી દેવનર્તકીઓએ સુન્દર અભિનય–નૃત્ય કર્યું અને સમસ્ત દેવોએ તેમનો જન્મકલ્યાણક જોઈને પોતાની દેવ-પર્યાયને સફળ માની. 'આ બાળક વૃષ (ધર્મ)થી શોભાયમાન છે'—એવું જોઈને ઈન્દ્રે એનું નામ 'વૃષભનાથ' રાખ્યું. આ રીતે ઈન્દ્ર આદિ દેવમંડળ મેરુપર્વત પર અભિષેક મહોત્સવ સમાપ્ત કરી પુનઃ અયોધ્યા પાછો આવ્યો અને ત્યાં તેઓએ જિન–બાળકને માતાની ગોદમાં રાખીને અભિષેક–વિધિના બધા સમાચાર સંભળાવ્યા.

એને સાંભળીને તેના માતા–પિતા આદિ પરિવારના લોકો બહુ જ પ્રસન્ન થયા. તે સમયે ઈન્દ્રે 'આનન્દોદ્યોત' નામનું એક નાટક કર્યું, જેમાં એણે પોતાની અનોખી નૃત્ય–કળા દ્વારા સમસ્ત દર્શકોના ચિત્તને મોહી લીધું. પછી વિક્રિયાથી ભગવાન વૃષભદેવના મહાબલ આદિ દશ પૂર્વભવોના દૃશ્યોનો પરિચય કરાવ્યો. મહારાજ નાભિરાજે પણ દિલ ખોલીને પુત્રોત્પત્તિના ઉપલક્ષ્યમાં અનેક ઉત્સવ કર્યા હતા. તે સમયે અયોધ્યાપુરીની શોભા અને સજાવટની સામે કુબેરની અલકાપુરી અને ઈન્દ્રની અમરાવતી પણ બહુ જ ફીકી જણાતી હતી.

જન્મોત્સવનો મહોત્સવ પૂરો કરી દેવ અને દેવેન્દ્ર પોતપોતાના સ્થાનો પર ચાલ્યા ગયા. જવાના સમયે ઈન્દ્ર નાભિરાજના ભવન ઉપર, ભગવાનના લાલનપાલનમાં ચતુર કેટલાક દેવકુમાર અને દેવકુમારીઓને મૂકી ગયા હતા. તે દેવકુમારો વિક્રિયાથી અનેકરૂપ ધારણ કરી ભગવાનનું મનોરંજન કરતા હતા અને દેવકુમારીઓ જાતજાતના ઉત્તમ પદાર્થોથી તેમનું લાલન–પાલન કરતી હતી. કહે છે કે ઈન્દ્રે ભગવાનના હાથના અંગૂઠામાં અમૃત છોડી દીધું હતું. જેને ચૂસી–ચૂસીને તે મોટા થયા હતા. તેમને માતાનું દૂધ પીવાની આવશ્યકતા નહોતી. બાળ–ભગવાન પોતાની લીલાઓથી બધાનું મન હર્ષિત કરતા હતા. તે સમયે એવું કોણ હશે જે બાળકની મંદ મુસ્કાન, તોતડી બોલી અને મનોહર ચેષ્ટાઓથી પ્રમુદિત ના થઈ જતો હોય? તેમને જન્મથી જ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હતું. તેમની બુદ્ધિ એટલી પ્રખર હતી કે તેમને કોઈ ગુરુથી વિદ્યા શીખવાની આવશ્યકતા જ ના પડી. તેઓ પોતાની જાતે જ સમસ્ત વિદ્યાઓ અને કલાઓમાં કુશળ થઈ ગયા હતા. તેમના અદ્‌ભૂત પાંડિત્યની સામે સારા સારા વિદ્વાનોને પણ પોતાનું અભિમાન છોડી દેવું પડતું હતું.

# ભગવાન શ્રી આદિનાથ તપકલ્યાણક

स्वयं शमयितुं नाशं विदित्वा सन्नतस्तु ते।
चिराय भवते पीडयमहोगुरुवेऽयुचे॥
स्वयं शमयितुं नाशं विदित्वा सन्नतः स्तुते।
चिराय भवतेपीड्य महोरुगुरवे शुचे॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે સ્તુત્ય ! હે દિવ્યધ્વનિરૂપ કિરણોથી શોભાયમાન સૂર્ય, જે જ્ઞાનવાન પુરુષ વિનાશને નષ્ટ કરવા માટે અજર-અમર પદ પ્રાપ્ત કરવાના ઉપદેશથી અવિનાશી-શોકરહિત તથા નિર્બાધ પ્રતાપ અને કેવળજ્ઞાનથી સંપન્ન આપના માટે સમ્યક્પ્રકારે શુદ્ધભાવોથી નમસ્કાર કરે છે, તથા સર્વે કર્મોને નષ્ટ કરવાવાળા આપના સ્તવનમાં તલ્લીન થાય છે તે દુઃખોને પામીને પણ અંતમાં પુણ્યસ્વરૂપ અવિનાશી પરમસુખને પ્રાપ્ત થાય છે.

એક દિવસ ભગવાન વૃષભદેવ રાજસભામાં સુવર્ણ સિંહાસન ઉપર બેઠેલા હતા. તેમની આસપાસમાં બીજા પણ અનેક રાજા, સામન્ત, પુરોહિત, મંત્રી આદિ બેઠા હતા. એટલામાં ઉપાસના કરવા માટે અનેક દેવ—દેવીઓની સાથે સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર ત્યાં આવ્યો. આવતાં જ ઈન્દ્ર વિચાર કરી રહ્યો હતો કે ભગવાન વૃષભદેવ હજુ સુધી સામાન્ય મનુષ્યોની માફક વિષય—વાસનામાં ફસાયેલા છે. જ્યાં સુધી આ વિષય—વાસનાથી હઠીને મુનિ—માર્ગમાં પદાર્પણ નહીં કરે, ત્યાં સુધી સંસારનું કલ્યાણ થવું મુશ્કેલ છે. તેથી તેમને કોઈ વિરક્ત કરી દેવાનો ઉદ્યમ કરવો જોઈએ.

આમ વિચારી તેણે રાજસભામાં એક અપ્સરા નીલાંજનાને (કે જેનું અત્યંત અલ્પ આયુ રહી ગયું હતું) નૃત્ય કરવા માટે પ્રેરિત કરી. જ્યારે નિલાંજના નૃત્ય



રાજા આદિનાથના દરબારમાં નિલાંજનાનું નૃત્ય

કરતાં કરતાં ક્ષણભરમાં વીજળીની માફક વિલીન થઈ ગઈ, તો ઇન્દ્રે રસભંગ ના થાય એટલા માટે, તેના જેવા જ રૂપ અને વેષ–ભૂષાવાળી બીજી અપ્સરાને નૃત્ય–સ્થળમાં ઉભી કરી દીધી. તે પણ નીલાંજનાની જેમ જ હાવ–ભાવપૂર્વક મનોહર અભિનય કરવા લાગી. સાધારણ જનને આ પરિવર્તનનો કાંઈ પણ પત્તો ના પડ્યો, પણ ભગવાન વૃષભદેવની દિવ્યદ્રષ્ટિથી આ રહસ્ય છૂપું રહી ના શક્યું. તેઓ તો નીલાંજનાના અદૃશ્ય થતાંની સાથે જ સંસારથી એકદમ ઉદાસીન થઈ ગયા. ઇન્દ્રે પોતાની ચતુરાઈથી જે બીજી અપ્સરા ખડી કરી દીધી હતી, તેનો ભગવાન વૃષભદેવ ઉપર જરાપણ પ્રભાવ ન પડ્યો. તેઓ વિચારવા લાગ્યા–'આ શરીર વાયુના વેગથી કંપિત દીપ–શિખાની જેમ નશ્વર છે. આ લક્ષ્મી વીજળીની ચમકની જેમ ક્ષણભંગુર છે. યૌવન સંધ્યાની લાલીની જેમ જોતજોતામાં નષ્ટ થઈ જાય છે અને આ વિષય–સુખ સમુદ્રની લહેરોની જેમ ચંચળ છે. ઇન્દ્રની આજ્ઞાથી નૃત્ય કરતી આ કમલનયની દેવી પણ જ્યારે આયુષ્ય ક્ષીણ થતાં મૃત્યુને પ્રાપ્ત થઈ છે ત્યારે, બીજું અન્ય કોણ સંસારમાં અમર હશે? દેવોની સામે મનુષ્યોની આયુ કેટલી છે? આ લક્ષ્મી વિષરાશિ (સમુદ્ર)થી ઉત્પન્ન થયેલ છે, તો પણ લોકો એને અમૃતસાગરથી ઉત્પન્ન


થયેલી બતાવે છે. જો શરીર આ આત્માની સાથે દૂધ અને પાણીની માફક મળેલું છે–સુખ દુઃખમાં સાથ આપે છે, તે પણ જ્યારે સમય આવતાં આત્માથી પૃથક્ થઈ જાય છે, તો બિલકુલ અલગ રહેવાવાળા સ્ત્રી, પુત્ર, પુત્રી, ધન–સંપત્તિ આદિમાં કેવી રીતે બુદ્ધિ સ્થિર કરી શકાય છે? આ પ્રાણી પાપના બળે, નરકગતિમાં જાય છે, ત્યાં સાગરો વર્ષો સુધી અનેક જાતના દુઃખ ભોગવે છે. ત્યાંથી નીકળીને તિર્યંચગતિમાં શીત, ઉષ્ણ, ભૂખ, તરસ આદિના વિવિધ દુઃખ ઊઠાવે છે. કદાચિત્ સૌભાગ્યથી મનુષ્ય પણ થયો તો દરિદ્રતા, રોગ આદિથી દુઃખી થઈ જઈને હંમેશા સંક્લેશનો અનુભવ કરે છે અને ક્યારેક કાંઈક પુણ્યોદયથી દેવ પણ થયો, તો ત્યાં પણ અનેક માનસિક દુઃખોથી દુઃખી થયા કરે છે. આ રીતે ચાર ગતિઓમાં ક્યાંય સુખનું ઠેકાણું નથી. સાચું સુખ મોક્ષમાં જ પ્રાપ્ત થઈ શકે છે અને તે મોક્ષ મનુષ્યપર્યાયથી જ પ્રાપ્ત કરી શકાય છે. આ મનુષ્ય પર્યાયને પામીને જો મેં આત્મકલ્યાણનો પ્રયત્ન ના કર્યો, તો મારા જેવો મૂર્ખ બીજો કોણ હશે?

અહીં ભગવાન વૃષભદેવ પોતાના હૃદયમાં આવો વિચાર કરી રહ્યા હતા ત્યાં બ્રહ્મલોક (પાંચમા સ્વર્ગ)માં રહેવાવાળા લોકાંતિક દેવોના આસન કંપાયમાન થયા. જેથી તેઓ ભગવાન આદિનાથનું હૃદય વિષયોથી વિરક્ત સમજી શીઘ્ર જ તેમની પાસે આવ્યા અને જાતજાતના વચનોથી સ્તુતિ કરીને એમના વિચારોનું સમર્થન કરવા લાગ્યા. દેવોના વચન સાંભળીને એમની વૈરાગ્ય–ધારા અત્યંત વેગવંતી થઈ ગઈ. હવે તેમને રાજ્યસભામાં, ગગનચુંબી મહેલોમાં, સ્વર્ગપુરીને જીતવાવાળી અયોધ્યાપુરીમાં અને સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય આદિમાં કિંચિત્ પણ આનંદ નહોતો આવતો.

જ્યારે લોકાંતિક દેવ પોતાનું કાર્ય સમાપ્ત કરી હંસોની જેમ આકાશમાં ઊડી ગયા. ત્યારે ઈન્દ્ર–પ્રતીન્દ્ર આદિ ચારે નિકાયોના દેવોએ અયોધ્યાપુરી આવીને જય–ઘોષણાની સાથે ભગવાન વૃષભદેવનો ક્ષીરસાગરના જળથી અભિષેક કર્યો.

અભિષેકના પછી તપ–કલ્યાણકની વિધિ પ્રારંભ કરી. આ પહેલાં ભગવાન વૃષભદેવે જયેષ્ઠ પુત્ર ભરતને રાજગાદી આપીને બાહુબલીને યુવરાજ બનાવી દીધો હતો જેથી તેઓ રાજ્યકાર્ય તરફથી બિલકુલ નિરાકુળ થઈ ગયા. તે સમયે તપકલ્યાણક અને રાજ્યાભિષેક આ બે મહાન ઉત્સવોથી નર નારી અને દેવદેવીઓના હૃદયમાં તો શું, પ્રાણી માત્રના હૃદયમાં આનંદ–સાગર લહેરાઈ રહ્યો

હતો. ત્રિભુવનપતિ ભગવાન વૃષભનાથ મહારાજ નાભિરાજ અને મહારાણી મરુદેવી આદિથી આજ્ઞા લઈને વનમાં જવા માટે દેવનિર્મિત પાલખી પર સવાર થયા. તે પાલખી બહુ સજાવી હતી. તેના પર કેટલાય રંગોની પતાકાઓ લાગેલી હતી અને ચારે બાજુ બાંધેલી મણીઓની નાની નાની ઘંટડીઓ ઝૂનઝૂન કરી રહી હતી. સૌથી પહેલાં મોટા—મોટા ભૂમિગોચરી રાજાઓએ પાલખીને પોતાના ખભા ઉપર રાખીને જમીન પર સાત કદમ ચાલ્યા, પછી વિદ્યાધર રાજાઓ પોતાના ખભા પર રાખીને સાત કદમ આકાશમાં ચાલ્યા, એના પછી તરત પ્રેમથી ભરેલા સુર, અસુરોએ પાલખીને પોતાના ખભા પર રાખી આકાશ માર્ગથી ચાલ્યા.





રાજા આદિનાથનું દીક્ષા હેતુ વનગમન

તે સમયે દેવ—દેવેન્દ્ર 'જય—જય' શબ્દ બોલતા અને કલ્પવૃક્ષના સુગંધિત ફૂલોની વર્ષા કરતા જતા હતા. અસંખ્ય દેવ—દેવીઓનો અને નર—નારીઓનો સમૂહ ભગવાન વૃષભદેવની પાછળ જઈ રહ્યો હતો. શોકથી વિહ્વળ માતા મરુદેવી, મહાદેવી, યશસ્વતી અને સુનંદા આદિ અંતઃપુરની નારીઓ તથા મહારાજા

નાભિરાજ, ભરત, બાહુબલિ, કચ્છ, મહાકચ્છ આદિ પ્રધાન રાજા અત્યંત ઉત્કંઠિત ભાવથી ભગવાન ઋષભદેવનો તપકલ્યાણકારી મહિમા જોઈ રહ્યા હતા. દેવ લોકો ભગવાન વૃષભદેવની પાલખી અયોધ્યાપુરીના સમીપવર્તી 'સિદ્ધાર્થ' નામના વનમાં લઈ ગયા. તે વન ચારે બાજુથી સુગંધિત ફૂલોની સુવાસથી સુગંધિત થઈ રહ્યું હતું. ત્યાં ચતુર દેવાંગનાઓએ કેટલી જાતના ચોક પૂરી રાખ્યા હતા. દેવોએ એક સુંદર પટમંડપ બનાવ્યો હતો. જેમાં દેવાંગનાઓના મનોહર અભિનય–નૃત્ય થઈ રહ્યા હતા. તે વન ગંધર્વ કિન્નરોના સુરીલા સંગીતથી ગૂંજી રહ્યું હતું. વનના મધ્યભાગમાં એક ચંદ્રકાંત મણિની શિલા પડી હતી.

પાલખીથી ઊતરીને ભગવાન વૃષભદેવ એ જ શિલા ઉપર બેસી ગયા. ત્યાં તેમણે ક્ષણભર રોકાઈને બધાની તરફ મધુર દૃષ્ટિથી જોયું અને પછી દેવ, દેવેન્દ્ર તથા કુટુંબીજનોને પૂછીને સમસ્ત વસ્ત્રાભૂષણ ઉતારીને ફેંકી દીધા. ભગવાન વૃષભદેવે પંચમુષ્ટિથી વાળ ઊખાડી નાખ્યા તથા પૂર્વ દિશાની તરફ મોઢું કરીને ઊભા રહી સિદ્ધ પરમેષ્ઠીને નમસ્કાર કરતા થકા ઈન્દ્ર, સિદ્ધ અને આત્માની સાક્ષીપૂર્વક




ભગવાનના કેશોને ઇન્દ્ર દ્વારા પટારામાં મૂકી તથા તેનું ક્ષીરસમુદ્રમાં ક્ષેપણ

સમસ્ત પરિગ્રહોનો ત્યાગ કરી દીધો હતો. આ રીતે ભગવાન આદિનાથે ચૈત્ર વદી નોમના દિવસે સાયંકાળના સમયે ઉત્તરાષાઢ નક્ષત્રમાં જિન–દીક્ષા ગ્રહણ કરી હતી. એમને દીક્ષા લેવાના સમયે જ મનઃપર્યયજ્ઞાન અને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ ગઈ હતી. એની સાથે કચ્છ, મહાકચ્છ આદિ ચાર હજાર રાજાઓએ પણ જિનદીક્ષા ગ્રહણ કરી હતી. ચાર હજાર મુનિઓથી ઘેરાયેલા આદીશ્વર મહારાજ, નક્ષત્રથી ઘેરાયેલા ચન્દ્રમાની જેમ શોભાયમાન થતા હતા.

દીક્ષા લેતી વખતે ભગવાન વૃષભદેવે જે કેશ ઊખાડીને ફેંકી દીધા હતા, ઈન્દ્ર તેને રત્નમયી પટારામાં રાખીને ક્ષીરસાગર લઈ ગયા અને તેની તરલ તરંગોમાં શ્રદ્ધાપૂર્વક છોડી આવ્યા હતા. જિનેન્દ્ર ભગવાનના તપકલ્યાણકનો ઉત્સવ પૂરો કરીને સમસ્ત દેવ-દેવેન્દ્ર પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા. બાહુબલી આદિ રાજપુત્ર પણ પિતૃવિયોગથી કાંઈક ખિન્ન થતા અયોધ્યાપુરી પાછા આવ્યા હતા. વનમાં ભગવાન આદિનાથે છ માસના અનશન ધારણ કરી મેરુ સમાન અડગ એક આસનમાં રહ્યા. પ્રતિમા યોગસ્થ પ્રશમમૂર્તિ મુનીશ્વરની ઉપસ્થિતિથી વનના પશુગણ પણ વેરવિરોધ ભૂલીને શાંત થઈ ગયા હતા. હાથી, સિંહ, મૃગ, ચિત્તા, વાનર, મોર વગેરે પશુ–પક્ષી પણ ભક્તિભાવથી ભગવાન આદિનાથ મુનીન્દ્રને ફૂલ ચઢાવતા હતા.

ભગવાન આદિનાથ ભયંકર અટવીઓમાં ધ્યાન લગાવીને આત્મશુદ્ધિ કરતા હતા. તેઓ ઘણા દિવસોના અંતરાલ પછી નગરોમાં આહાર લેવા માટે જતા હતા, તે પણ લૂખો-સૂખો સ્વલ્પ આહાર લેતા હતા. તેઓ અનશન, ઊણોદર, વૃત્તિ પરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન—આ બાર પ્રકારના તપોને સારી રીતે કરતા હતા. તેમણે જુદી જુદી જગ્યાઓએ ફરીને પોતાની ચેષ્ટાઓથી મુનિમાર્ગનો પ્રચાર કર્યો હતો. જોકે તેઓ તે સમયે મોઢાથી કાંઈ બોલતા ન હતા, તો પણ તેમની ક્રિયાઓ એટલી પ્રભાવક રહેતી હતી કે લોકો તેમને જોઈને બહુ જલદી પ્રતિબુદ્ધ થઈ જતા હતા. તેઓ ક્યારેક ગ્રીષ્મ ઋતુમાં પહાડના શિખરો પર ધ્યાન લગાવી બેસતા હતા. ક્યારેક શીત કાળની ભીષણ રાત્રિમાં નદીઓના તટ પર આસન લગાવતા હતા અને ક્યારેક વર્ષાઋતુમાં વૃક્ષોની નીચે યોગાસન લગાવીને બેસતા હતા.

# ભગવાન શ્રી આદિનાથનો જ્ઞાન કલ્યાણક

ततोतिता तु तेतीतस्तोतृतोतीतितोवृतः।
ततोऽतातिततोतोते ततता ते ततोततः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે ભગવાન! આપે વિજ્ઞાન ૠદ્ધિની પ્રાપ્તિને રોકવાવાળા આ જ્ઞાનાવરણાદિ કર્મોથી પોતાની વિશેષ રક્ષા કરી છે—જ્ઞાનાવરણાદિ કર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાન આદિ વગેરે વિશેષ ગુણોને પ્રાપ્ત થયા છો તથા આપ પરિગ્રહ રહિત સ્વતંત્ર છો તેથી પૂજ્ય અને સુરક્ષિત છો. તથા આપે જ્ઞાનાવરણાદિ કર્મોથી વિસ્તૃત—અનાદિકાળના સંબંધને નષ્ટ કરી દીધો છે તેથી આપની વિશાળતા, પ્રભુતા સ્પષ્ટ છે, આપ ત્રણલોકના સ્વામી છો.



આ રીતે ઉગ્ર તપસ્યા કરતા-કરતા મુનિરાજ આદિનાથને જ્યારે એક હજાર વર્ષ વીતી ગયા, ત્યારે તેઓ એક દિવસ 'પુરીમતાલ' નામના નગરની પાસે પહોંચ્યા અને ત્યાં 'શકટ' નામના વનમાં નિર્મળ શિલાતલ પર પદ્માસન લગાવીને બેસી ગયા. તે સમયે એમની આત્મવિશુદ્ધિ ઉત્તરોત્તર વધતી જતી હતી. જેના ફળ સ્વરૂપે તેઓશ્રી ક્ષપકશ્રેણીમાં પ્રવેશ કરી શુક્લ—ધ્યાન દ્વારા મોહનીયનો નાશ કરીને પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય—આ ચારે ઘાતીકર્મોનો નાશ કરીને ફાગણ વદ

અગિયારસના દિવસે ઉત્તરાષાઢ નક્ષત્રમાં સકળ પદાર્થોને પ્રકાશિત કરવાવાળા 'કેવળજ્ઞાની' થયા. ભગવાન આદિનાથ કેવળજ્ઞાન દ્વારા ત્રણે કાળના સમસ્ત પદાર્થોને એકી સાથે જાણવા, દેખવા લાગ્યા હતા. જ્ઞાનાવરણનો નાશ થવાથી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. દર્શનાવરણના અભાવમાં કેવળદર્શન, મોહનીયના અભાવમાં અનંત સુખ અને અંતરાયના અભાવમાં તેમને અનંત વીર્ય પ્રાપ્ત થયા હતા.

આદિનાથ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયાની ઈન્દ્રને ખબર પડતાં તેઓ સમસ્ત દેવગણ સહિત ભગવાનની પૂજાને માટે 'પુરીમતાલપુર' આવ્યા. ઈન્દ્રની આજ્ઞાથી પહેલા જ ધનપતિ કુબેરે ત્યાં દિવ્ય સમવસરણ–સભાની રચના કરી હતી. તે સભા બાર યોજન વિસ્તૃત નીલમણિની ગોળ શિલાતલ ઉપર બનેલી હતી તથા જમીનથી પાંચ હજાર ધનુષ ઊંચી હતી. ઉપર પહોંચવા માટે એમાં ચાર બાજુમાં વીસ–વીસ હજાર સીડીઓ બનાવેલી હતી, તે સભાની ચારે બાજુ અનેક મણિમય સુવર્ણમય કોટ બનેલા હતા. તેમાં ચારે દિશાઓમાં ચાર માનસ્થંભ હતા. જેને જોતા જ ભલભલા માનીઓના માન ખંડિત થઈ જતા હતા. ત્યાં અનેક નાટ્યશાળાઓ હતી. જેમાં સ્વર્ગની અપ્સરાઓ ભગવદ્‌ભક્તિથી પ્રેરિત થઈને નૃત્ય કરી રહી હતી. સભામાં અનેક વાવડીઓ હતી, જેમાં સહસ્રદસ (હજાર પાંખડીવાળા) કમળ ખીલી રહ્યા હતા. ત્યાંના રત્નમય દરવાજા ઉપર દેવલોકો પહેરો ભરી રહ્યા હતા. ત્યાં સમવસરણની મધ્યમાં ભગવાન આદિનાથ ગંધકુટિમાં રત્નમય સિંહાસન પર શોભતા હતા. સિંહાસનની ચારે બાજુ શ્રીમંડપ હતો. તેની બધી બાજુએ પરિક્રમારૂપ બાર સભા બનાવાઈ હતી. જેમાં દેવ, દેવીઓ, મનુષ્ય, તિર્યંચ, પશુ, પક્ષી આદિ સહુ સુખેથી બેસી શકતા હતા.

કુબેરના દ્વારા બનાવાયેલી દિવ્યસભાને જોઈને ઈન્દ્ર બહુ જ હર્ષિત થયા અને ભક્તિથી 'જય જય' શબ્દ બોલતા થકા સમસ્ત પરિવારની સાથે ત્યાં પહોંચ્યા, જ્યાં પૂર્ણ જ્ઞાની, યોગી, ભગવાન આદિનાથ વિરાજમાન હતા. ઉપર જે ગંધકુટિનું કથન કરાયું છે, ભગવાન આદિનાથ તેમાં સ્વર્ણ સિંહાસન ઉપર ચાર અંગુલ અંતરીક્ષમાં વિરાજમાન હતા. ત્યાં તેમના દિવ્ય તેજથી બધી બાજુ પ્રકાશ–જેવું ફેલાઈ રહ્યું હતું. ઈન્દ્રે વિનય સહિત નમસ્કાર કરી સુમધુર શબ્દોમાં હજાર નામોથી તેમને અલંકૃત કરી તેમની સ્તુતિ કરી.

# બહેનશ્રીનાં વચનામૃત



તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો,
હો શિવપદ તક તુજ સંગ, માતા હાથ ગ્રહો.

પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં—સુવર્ણપુરીમાં—પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની—મહિલાશાસ્ત્રસભામાં—સ્વાનુભવરસઝરતી ને દેવગુરુભક્તિભીની અધ્યાત્મવાણી, પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં 'બહેનશ્રીનાં વચનામૃત'રૂપે વિ.સં. ૨૦૩૩ (ઈ.સ. ૧૯૭૭)માં પ્રકાશિત થઈ. તેમાં સમાયેલ અધ્યાત્મનાં તલસ્પર્શી ઊંડા રહસ્યોથી પૂજ્ય ગુરુદેવશ્રી ખૂબ જ પ્રસન્ન તેમ જ પ્રભાવિત થયા. તેમણે પોતાની પ્રસન્ન ભાવના વ્યક્ત કરતાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીને કહ્યું ''ભાઈ ! આ 'વચનામૃત' પુસ્તક એવું સરસ છે કે તેની એક લાખ પ્રત છપાવવી જોઈએ.'' મુ૦ રામજીભાઈએ ઉત્તરમાં કહ્યું : 'સાહેબ! એક લાખ નહીં પણ સવાલાખ છપાવીશ'. (આ ભાવના કાળાન્તરે પૂર્ણ થઈ.) 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વિષે પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ પ્રસન્નતા તેમજ અહોભાવ જોઈને—સાંભળીને કેટલાંક મુમુક્ષુઓને તેને સંગેમરમરના શિલાપટ પર ઉત્કીર્ણ કરાવવાની ભાવના વ્યક્ત કરી કે 'વચનામૃત કોતરાવીને બહેનના (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના) નામનું એક નવું સ્વતંત્ર મકાન થવું જોઈએ.' મુરબ્બી શ્રી રામજીભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવના શિરોધાર્ય કરીને નક્કી કર્યું કે— 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'નું નિર્માણ કરવું, જેની શિલાન્યાસવિધિ વિ.સં. ૨૦૩૭ (ઈ.સ. ૧૯૮૦) કારતક સુદ પાંચમના શુભ દિને પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં, તેઓશ્રીનાં પવિત્ર કરકમળે ઈંટો, તામ્રકલશ-પ્રશસ્તિ, શિલા વગેરે પર સ્વસ્તિક આલેખન દ્વારા થઈ હતી. તથા તેની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૪૧ (ઈ.સ. ૧૯૮૫) ફાગણ સુદ ૭ના દિને થઈ હતી.

આ વચનામૃત પંચમેરુ-નંદીશ્વર જિનાલયના ઉપલા માળની દિવાલો પર સંગેમરમર શિલાપટ પર ઉત્કીર્ણ કરાવવામાં આવેલ છે.

# રાજા શ્રેણિકને ક્ષાયિક સમ્યગ્દર્શન

सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।
सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि॥
किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।
सिज्झिहहि जे वि भविया तं जाणह सम्ममाहप्पं॥
ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।
सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं॥


—આચાર્ય કુંદકુંદદેવ

**અર્થ :**—જે શ્રાવક સમ્યક્ત્વનું ધ્યાન કરે છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે અને સમ્યક્ત્વરૂપ પરિણમતો થકો તે દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરે છે.

આચાર્ય કહે છે કે બહુ કહેવાથી શું સાધ્ય છે? જે નરપ્રધાન ભૂતકાળમાં સિદ્ધ થયા છે અને આગામીકાળમાં સિદ્ધ થશે તે સમ્યક્ત્વનું મહાત્મ્ય જાણો.

જે પુરુષોએ મુક્તિને આપવાવાળા સમ્યક્ત્વને સ્વપ્ન અવસ્થામાં પણ મલિન કર્યું નથી, અતીચાર લગાવ્યો નથી તે પુરુષોને ધન્ય છે. તે જ મનુષ્ય છે, તે જ ભલા અને કૃતાર્થ છે તે જ શૂરવીર છે અને તે જ પંડિત છે.

એક દિવસ ભગવાન મહાવીર વિહાર કરતા કરતા રાજગૃહ નગરમાં આવ્યા અને ત્યાંના વિપુલાચલ પર્વત ઉપર સમવસરણ સહિત વિરાજમાન થઈ ગયા. તે સમયે રાજગૃહ નગરમાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું. પહેલાં કારણવશ શ્રેણિક રાજાએ બૌદ્ધધર્મ સ્વીકાર કરી લીધો હતો. પરંતુ ચેલણા રાણીના ઘણા બધા પ્રયત્ન કર્યા પછી તેમણે બૌદ્ધધર્મને છોડીને પુનઃ જૈનધર્મ ધારણ કરી લીધો હતો. જ્યારે તેમને વિપુલાચલ પર મહાવીર જિનેન્દ્રના આગમનના સમાચાર મળ્યા ત્યારે તેઓ સમસ્ત પરિવાર અને વૈભવની સાથે હાથી પર બેસીને એમના વંદન કરવા માટે ગયા અને તેમને નમસ્કાર કરી મનુષ્યોના કોઠામાં બેસી ગયા.



રાજા શ્રેણિકનો ભગવાન મહાવીરના સમવસરણમાં પ્રવેશ

ભગવાન મહાવીરે સુંદર દેશનાથી પદાર્થોનું વિવેચન કર્યું, જેને સાંભળીને રાજા શ્રેણિકને ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું. ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને તેને બહુ જ પ્રસન્નતા થઈ. તેમણે દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓને ભાવીને 'તીર્થંકર' નામકર્મ પ્રકૃતિનું ઉપાર્જન કર્યું, જેથી તેઓ આગામી ઉત્સર્પિણી કાળમાં 'મહાપદ્મ' નામના પ્રથમ તીર્થંકર થશે. એક બાજુએ રાજા શ્રેણિકને ભગવાન મહાવીરના પ્રતિ એટલી ગાઢ શ્રદ્ધા થઈ ગઈ કે તે તેમની પાસે પ્રાયઃ નિત્ય પ્રતિ જઈને તત્ત્વોનો ઉપદેશ સાંભળ્યા કરતા હતા. સમવસરણમાં બીજી બાજુ ગણધરદેવશ્રી ગૌતમસ્વામી પરમ ગુરુ સર્વજ્ઞદેવ શ્રી મહાવીર પ્રભુની વંદના કરતા દેખાઈ રહ્યા હતા.

શ્રેણિકને આસન્ન ભવ્ય જાણીને ગૌતમ ગણધર આદિ પણ તેમને ખૂબ ઉપદેશ આપ્યા કરતા હતા. પ્રથમાનુયોગનો ઉપદેશ તો પ્રાયઃ શ્રેણિકના પ્રશ્નો અનુસાર જ કરાયો હતો.

# ભગવાન શ્રી મલ્લિનાથ પૂર્વના ત્રીજા ભવમાં

यस्य महर्षेः सकलपदार्थप्रत्यवबोधः समजनि साक्षात्।
सागरमर्त्यं जगदपि सर्वं प्राञ्जलि भूत्वा प्रणिपतति स्म॥

—આચાર્ય સમન્તભદ્રદેવ


**અર્થ** :–જે મહર્ષિને જીવાદિ સમસ્ત પદાર્થો, બધી બાજુથી અશેષ વિશેષતાની સાથે જાણવાવાળા કેવળજ્ઞાન દ્વારા સ્પષ્ટરૂપથી ઉત્પન્ન થયા છે તેથી દેવો તથા મનુષ્યો સહિત સમગ્ર સંસારે બે કર જોડીને પ્રણામ કર્યા છે—તેવા મલ્લિ જિનના શરણને હું પ્રાપ્ત થયો છું.

આ જંબૂદ્વીપમાં મેરુપર્વતની પૂર્વ તરફ કચ્છકાવતી નામના દેશમાં એક વીતશોક નામનું નગર છે. તેમાં વૈશ્રવણ નામના ઉચ્ચકુલીન રાજા રાજ્ય કરતા હતા. જેવી રીતે કુંભારના હાથમાં લાગેલી માટી એના વશમાં રહે છે, તેવી રીતે સારા સારા ગુણોથી શોભાયમાન તે રાજાને સમસ્ત પૃથ્વી વશ રહેતી હતી. પ્રજાનું કલ્યાણ



રાજા વૈશ્રવણનું મુનિરાજ પાસે ધર્મશ્રવણ

કરવાવાળા તે રાજાથી પ્રજાનું સહુથી મોટું કલ્યાણ એ થતું હતું કે તે ખજાના, કિલ્લા તથા સેના આદિના દ્વારા પ્રજાનું હિત કરતા હતા. તે કોઈ મહાભયના સમયે પ્રજાની રક્ષા કરવા માટે ધનનો સંચય કરતા હતા અને તે પ્રજાને સન્માર્ગમાં ચલાવવા માટે તેને દંડ આપતા હતા. એકવાર રાજા વનમાં પધારેલા સુગુપ્તિ મુનિરાજના દર્શન હેતુ જાય છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ



રાજા વૈશ્રવણ દ્વારા જિનમંદિરમાં પૂજા

રત્નત્રયનો સદ્દુપદેશ સાંભળીને શ્રાવકોચિત્ત રત્નત્રયવ્રત અંગીકાર કરે છે, જિનમંદિરમાં જિનપ્રતિમા સમક્ષ તેઓ અતિ ઉત્સાહ સહિત વિધિ અનુસાર વિધાનમંડલ રચીને રત્નત્રય વિધાનપૂજા કરે છે.


એક દિવસ ઉદાર બુદ્ધિવાળા તે રાજા વર્ષાના પ્રારંભમાં વધતી જતી વનાવલિને જોવા માટે નગરની બહાર ગયા. ત્યાં જેવી રીતે કોઈ મોટા રાજા પોતાની શાખાઓ અને ઉપશાખાઓને ફેલાવીને પૃથ્વીને વ્યાપ્ત કરી રહે છે અને અનેક દ્વિજ–બ્રાહ્મણ તેની સેવા કરે છે, તે જ રીતે એક વડનું ઝાડ પોતાની શાખાઓ અને ઉપશાખાઓને ફેલાવીને તથા પૃથ્વીને વ્યાપ્ત થઈ ઊભું હતું અને અનેક દ્વિજ–પક્ષીગણ તેમની સેવા કરતા હતા. તેવા વટવૃક્ષને જોઈને રાજા સમીપવર્તી લોકોને કહેવા લાગ્યા કે જુઓ જુઓ, આનો વિચાર તો જુઓ. આ ઊંચાઈ અને બદ્ધમૂલતાને ધારણ કરતો થકો એવો જણાય છે જાણે અમારું અનુકરણ જ કરી રહ્યો હોય.

આ પ્રમાણે સમીપવર્તી પ્રિય મનુષ્યને આશ્ચર્યકારી દેખાડતા તે રાજા બીજા વનમાં ચાલ્યા ગયા અને ફરીને તે માર્ગમાં પાછા આવ્યા. પાછા ફરીને જોયું, તો તે વટવૃક્ષ વીજળી પડવાથી મૂળસહિત ભસ્મ થઈ ગયું છે. તે જોઈને તે રાજા વિચાર




વટવવૃક્ષનો ક્ષણમાં નાશ જોઈને રાજા વૈશ્રવણને વૈરાગ્યની પ્રાપ્તિ

કરવા લાગ્યા કે આ સંસારમાં મજબૂત થડ કોનું છે? વિસ્તાર કોનો છે? અને ઊંચાઈ કોની છે? જ્યારે આ બદ્ધમૂળ, વિસ્તૃત અને ઉન્નત વટવૃક્ષની આવી દશા થઈ ગઈ, ત્યારે બીજાનો શું વિચાર થઈ શકે છે? આવું વિચાર કરતો તે સંસારની સ્થિતિથી ભયભીત થઈ ગયો. તેમણે પોતાનું રાજ્ય પુત્રને આપી દીધું અને તે રાજા શ્રીનાગ નામના પર્વત પર વિરાજમાન શ્રીનાગ નામના મુનિરાજની પાસે જઈને તેમની પાસેથી ધર્મરૂપી રસાયણનું પાન કરીને અનેક રાજાઓની સાથે શ્રેષ્ઠ તપ ધારણ કરી, યથાવિધિ બુદ્ધિપૂર્વક અગિયાર અંગોનું અધ્યયન કરવા લાગ્યો, સોલહ કારણ ભાવનાઓનું ચિંતવન કરી તીર્થંકર નામકર્મનો બંધ કર્યો. ચિરકાળ સુધી તપસ્યા કરી અને અંતમાં સમસ્ત પરિગ્રહોનો ત્યાગ કરીને અનુત્તર વિમાનોમાંથી અપરાજિત નામના વિમાનમાં દેવપદ પ્રાપ્ત કર્યું.



શ્રીનાગ મુનિરાજ પાસે રાજા વૈશ્રવણનો દીક્ષાગ્રહણ

# નંદીશ્વર દ્વીપ રચના



નંદીશ્વર–જિનધામની શોભા સારી,
હાંરે બિંબ રતનમયી વીતરાગી,
હાંરે જિહાં બાવન જિનમંદિર ભારી,
હાંરે સોહે (બિંબ) એકસો આઠ (૨) નંદી૦ ૧

આ લોકના મધ્યલોકમાં અંસખ્યાત દ્વીપસમુદ્રોમાંથી આ આઠમો દ્વીપ છે. તેનો કુલ વિસ્તાર ૧,૬૨,૮૪,૦૦,૦૦૦ યોજન પ્રમાણ છે. પ્રત્યેક દિશા તરફ તેમના બહુમધ્ય ભાગમાં કાળા રંગના એક એક અંજનગિરિ છે. એ અંજનગિરિની ચારે બાજુ ૧,૦૦,૦૦ યોજન છોડીને ૪ વાપીઓ છે. ચારે વાપીઓની અંદર અંતરાળ ૬૫૦૪૫ યોજન છે અને બહારનું અંતર ૨,૨૩,૬૬૧ યોજન છે. પ્રત્યેક વાપીની ચારે દિશાઓમાં અશોક, સપ્તચ્છદ, ચમ્પક અને આમ્ર નામના ચાર વન છે. આ પ્રકારે આ દ્વીપની એક દિશામાં ૧૬ અને ચારે દિશાઓમાં ૬૪ વન છે. તે બધા ઉપર અકતંસ આદિ ૬૪ દેવ રહે છે. પ્રત્યેક વાપીમાં સફેદ રંગના એક-એક દધિમુખ પર્વત છે. પ્રત્યેક વાપીની બહાર બે ખૂણા ઉપર લાલરંગના બે રતિકર પર્વત છે. જિનમંદિર માત્ર બહારવાળા બે રતિકર પર જ હોય છે, [૧]અભ્યંતર રતિકરો પર માત્ર દેવ ક્રીડા કરે છે.

તે પ્રકારે એક દિશામાં એક અંજનગિરિ, ચાર દધિમુખગિરિ અને આઠ રતિકર—આ બધા મળીને કુલ તેર પર્વત છે, તેના ઉપર તેર શાશ્વત (અકૃત્રિમ) જિનમંદિર હોય છે. આ પ્રકારે બાવન પર્વત, બાવન મંદિર અને સોળ વાપીઓ અને ચોસઠ વન હોય છે. આ પ્રત્યેક મંદિરમાં ૧૦૮ રત્નમયી ભવ્ય અકૃત્રિમ જિનબિમ્બ બિરાજમાન છે. બધા મળીને ૫૬૧૬ રત્નમયી પ્રતિમાઓ હોય છે.

---

૧. પાઠાન્તર : લોક વિનિશ્ચયની અપેક્ષા ચારે ખૂણા પર ચાર રતિકર છે.



અષ્ટાહ્નિકામાં દેવો દ્વારા નંદીશ્વરદ્વીપમાં ભક્તિ તથા પૂજન

—આવા બાવન પર્વત ઉપર એક-એક વિશાળ શાશ્વત જિનમંદિર છે અને તે પ્રત્યેક જિનમંદિરમાં ૫૦૦ ધનુષ પ્રમાણ ઊંચી ૧૦૮ રત્નમયી મનોહર શાશ્વત વીતરાગ ભાવવાહી જિનપ્રતિમાઓ છે. અષાઢ, કારતક, ફાગણ મહિનાની શુક્લ પક્ષની અષ્ટમીથી પૂર્ણિમા—એવા આઠ દિવસ, ઉક્ત વાતો અનુસાર વૈમાનિક આદિ ચતુર્નિકાયના દેવો ત્યાં જઈને તે શાશ્વત જિનમંદિરોમાં ભક્તિ-પૂજાપૂર્વક ધામધૂમથી અષ્ટાહ્નિકા પર્વ ઊજવે છે.

ચારે પ્રકારના દેવ નંદીશ્વરદ્વીપમાં પ્રતિવર્ષ અષાઢ, કારતક અને ફાગણ મહિનામાં જાય છે. નંદીશ્વરદ્વીપના જિનમંદિરોની યાત્રામાં અતિશય ભક્તિ સહ કલ્પવાસી દેવ પૂર્વદિશામાં, ભવનવાસી દેવ દક્ષિણ દિશામાં, વ્યંતર દેવ પશ્ચિમ દિશામાં અને જ્યોતિષી દેવ ઉત્તરદિશામાં સ્થિત નંદીશ્વરના જિનમંદિરોમાં અનેક સ્તોત્રોનું ઉચ્ચારણ કરતા થકા પોતાની વિભૂતિ પ્રમાણે મહિમા કરે છે. આ દેવ આસક્ત ચિત્ત થઈને આઠમથી પૂનમ સુધી સવાર, બપોર અને પૂર્વરાત્રિ અને પશ્ચિમ રાત્રિમાં બે-બે પ્રહર સુધી ઉત્તમ ભક્તિપૂર્વક પ્રદક્ષિણા તથા ક્રમથી જિનેન્દ્ર પ્રતિમાઓની વિવિધ પ્રકારથી પૂજા કરે છે.

આ પ્રમાણે મોટા ઉત્સવ સહિત ચતુર્નિકાયના દેવો બાકીના દિવસોમાં મન્દર (સુમેરુ) આદિ પર્વતોના જિનભવનોમાં જિનેન્દ્ર પ્રતિમાઓની પૂજા કરે છે.

મનુષ્યો ત્યાં જઈ શકતા નથી, એટલે તેઓ આ દિવસોમાં તે નંદીશ્વર દ્વીપની સ્થાપના કરીને સિદ્ધ ભક્તિ, નંદીશ્વર, ચૈત્યભક્તિ, પંચગુરુભક્તિ આદિ ક્રિયાઓ કરે છે. આ પર્વના દિવસોમાં સ્વાધ્યાય કરીને, સર્વ સંઘ સાથે અષ્ટાહ્નિકામાં ભક્તિભાવથી પંચગુરુભક્તિ અને શાંતિભક્તિ દ્વારા અષ્ટાહ્નિકા પૂજા કરે છે.

સર્વ પૂજાઓની પુસ્તકોમાં અષ્ટાહ્નિકા પૂજામાં 'સંવૌષટ્' પદ દ્વારા બોલાવીને, 'ઠઃ ઠઃ' પદ દ્વારા સ્થાપીને તથા 'વષટ્' પદ દ્વારા નિકટ થઈને પાંચે મેરુ પર્વતો પર સ્થિત એંસી ચૈત્યાલયોના સમસ્ત પ્રતિમાઓની પૂજા કરું છું. આ પ્રમાણે 'સંવૌષટ્' પદ દ્વારા બોલાવીને 'ઠઃ ઠઃ' પદ દ્વારા સ્થાપીને તથા 'વષટ્' પદ દ્વારા નિકટ કરીને આપણે નંદીશ્વરદ્વીપના જિનેન્દ્રોની બહુ ભક્તિથી પૂજા કરીએ છીએ.


भगवान श्री महावीरस्वामीके
सम्यक्त्व प्राप्ति पश्चात्के १0 भव
६. हरिषेण राजा
७. लांतव देव
५. महाशुक्र देव
८. कनकोज्ज्वल विद्याधर
४.प्रियमित्र चक्रवर्ती
९. सौधर्म स्वर्गमें देव
शासननायक श्री महावीरस्वामी
३. सहस्रार देव
१.अच्युत स्वर्गमें इन्द्र
१०. सिंहके भवमें सम्यग्दर्शन
२.नंद राजा

# શ્રી ભગવાન મહાવીર સ્વામીના સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના ૧૦ ભવ

त्वं जिन गतमदमाय-स्तव भावानां मुमुक्षुकामद मायः।
श्रेयान् श्रीमदमाय-स्त्वया समादेशि सप्रयामदमायः॥

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે મોક્ષાભિલાષી જીવોને મનોરથ આપવાવાળા વીર જિનેન્દ્ર ! આપ ગર્વ અને માયાથી રહિત છો તથા આપનું જીવાદિક પદાર્થ વિષયક કેવળજ્ઞાન અથવા આગમરૂપ પ્રમાણ અત્યંત શ્રેષ્ઠ અથવા પ્રશંસનીય છે. હે ભગવાન ! આપે લક્ષ્મીના મદને નષ્ટ કરવાવાળા અથવા સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરાવવાની શ્રીલક્ષ્મીયુક્ત અને માયાથી રહિત શ્રેષ્ઠ તથા પ્રશસ્ત ઇન્દ્રિય નિરોધનો ઉપદેશ આપ્યો છે.

(૧૦) મહાવીર પ્રભુના જીવે પૂર્વે દસમા ભવમાં સિંહરૂપમાં ચારણ ઋદ્ધિધારી મુનિના ઉપદેશથી સમકિત પ્રાપ્ત કર્યું.

(વિસ્તૃત કથા હેતુ જુઓ જૈન પૌરાણિક કથા ભા. ૪ પૃ. ૪૮)

(૯) પશ્ચાત્ સૌધર્મ દેવ થાય છે.

(૮) તત્પશ્ચાત્ ધાતકીખંડના વિદેહમાં કનકોજવલ વિદ્યાધર થઈને મુનિનો ઉપદેશ સાંભળી દીક્ષિત થાય છે. (વિસ્તૃત કથા હેતુ જુઓ જૈન પૌરાણિક કથા ભા. ૫, પૃ. ૨૯)

(૭) તત્પશ્ચાત્ લાન્તવ દેવ થાય છે.

(૬) તત્પશ્ચાત્ જમ્બૂદ્વીપસ્થિત હરિષેણ રાજા થઈ મુનિ થાય છે.

(વિસ્તૃત કથા હેતુ જુઓ જૈન પૌરાણિક લઘુકથા ભા. ૫, પૃ. ૩૫)

(૫) તત્પશ્ચાત્ મહાશુક્ર દેવ થાય છે.

(૪) તત્પશ્ચાત્ ધાતકીખંડ વિદેહમાં પ્રિયમિત્ર ચક્રવર્તી થઈને ક્ષેમંકર જિનનો ઉપદેશ સાંભળીને મુનિ થાય છે. (વિસ્તૃત કથા હેતુ જુઓ. જૈન પૌરાણિક લઘુકથા ભા. ૫, પૃ. ૩૬)

(૩) તત્પશ્ચાત્ સહસ્રાર દેવ થાય છે.

(૨) જંબૂદ્વીપમાં નંદ રાજા થઈને પૌષ્ઠિલ મુનિની પાસે દીક્ષિત થઈને તીર્થંકર પ્રકૃતિ યુક્ત થાય છે.

(૧) અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર થાય છે.

ત્યાંથી ચ્યવીને વર્તમાન ભવમાં પંચકલ્યાણક સહિત જંબૂદ્વીપના ભરતક્ષેત્રના બાલ બ્રહ્મચારી વર્તમાન શાસનનાયક ૨૪ મા તીર્થંકર થયા છે. તેમને કોટિ કોટિ વંદન.

# શ્રી શાન્તિનાથ ભગવાન પૂર્વે ત્રીજા ભવમાં

**स्वदोष शान्त्यावहितात्म शान्तिः शान्तेर्विधाता शरणं गतानाम्।**
**भूयाद्भवक्लेशभयोपशान्त्यै शान्तिर्जिनो में भगवान् शरण्यः॥**

—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :–હે શાંતિનાથ જિનેન્દ્ર! આપ રાગ-દ્વેષ આદિ દોષો દૂર કરવાથી આત્મશાંતિને ધારણ કરવાવાળા છો. શરણમાં આવેલા પ્રાણીઓના શાંતિવિધાતા અને શરણાગતોની રક્ષા કરવામાં સક્ષમ છો. હે ભગવાન શાંતિનાથ! અમારા સંસારસંબંધી ક્લેશ અને ભવોની શાંતિ માટે અવતીર્ણ થાઓ. તથા અમારા સાંસારિક દુઃખો નષ્ટ કરો.

જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી દેશની પુણ્ડરીકિણી નગરીમાં કોઈ એક વખતે ધનરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની મહારાણીનું નામ મનોહરા હતું. તે બન્નેને મેઘરથ (શ્રી શાંતિનાથ ભગવાનનો પૂર્વ ભવ) અને દ્રઢરથ નામના બે પુત્ર હતા. તેમાં મેઘરથ મોટો અને દ્રઢરથ નાનો હતો. બન્ને ભાઈ પરસ્પર ઘણો સ્નેહ રાખતા હતા. એકના વગર બીજાને કાંઈપણ ગમતું નહોતું. તેઓ સૂર્ય અને ચંદ્રમાની જેમ શોભતા હતા. તે બન્નેના પરાક્રમ, બુદ્ધિ, વિનય, પ્રતાપ, ક્ષમા, સત્ય તથા ત્યાગ આદિ અનેક ગુણ સ્વભાવથી જ પ્રગટ થયા હતા.


કેટલાક સમય પછી પ્રિયમિત્રા ભાર્યાના ગર્ભથી મેઘરથને નન્દિવર્ધન નામનો પુત્ર થયો અને સુમતિદેવીના ગર્ભથી દ્રઢરથને વરસેન નામનો પુત્ર થયો. આ પ્રકારે પુત્ર–પૌત્ર આદિની મધ્યે રાજા ધનરથ ઈન્દ્રની જેમ શોભાયમાન થતા હતા. એક દિવસ મહારાજ ધનરથ રાજસભામાં બેઠા હતા. એમના બે પુત્રો પણ તેમની સાથે જ બેઠા હતા. એટલામાં પ્રિયમિત્રાની દાસી સુષેણા ધનતુણ્ડ નામના કુકડાને લાવી અને રાજાને કહેવા લાગી કે જેનો કુકડો આની સામે લડાઈમાં જીતી જશે, તેને હું



રાજા ઘનરથના દરબારમાં યુવરાજ મેઘકુમાર દ્વારા લડતા કુકડાઓના પૂર્વભવોનું વર્ણન


એક હજાર સુવર્ણમુદ્રા આપીશ. આ સાંભળીને દઢરથની પત્ની સુમતિની દાસી કાંચના તેની સાથે લડાવવા માટે વજ્રતુણ્ડ નામના એક કુકડાને લાવી. ધનતુણ્ડ અને વજ્રતુણ્ડમાં જોરદાર લડાઈ થવા માંડી. ક્યારેક સુષેણનો કુકડો કાંચનાના કુકડાને પાછળ હરાવી દેતો અને ક્યારેક કાંચનાનો કુકડો સુષેણાના કુકડાને પાછળ હરાવી દેતો. બન્ને દળના મનુષ્યો વારાફરતી પોતપોતાના કુકડાની જીત પર હર્ષથી તાલીઓ આપતા. બન્ને કુકડાના બળવીર્યથી ચકિત થઈને રાજા ધનરથે મેઘરથને પૂછ્યું કે આ કુકડાઓમાં આ બળ ક્યાંથી આવ્યું?

તે સમયે ધનરથ રાજાના ઉત્તરમાં મેઘરથકુમારે પોતાના અવધિજ્ઞાનના બળથી કુકડાઓના પૂર્વભવોની કથા કહી. બન્ને કુકડાઓએ પણ પોતાનો પૂર્વભવ સાંભળીને પરસ્પરનો વેરભાવ છોડી દીધો અને સંન્યાસપૂર્વક મરણ કરી એમાંનો એક ભૂતરમણ નામના વનમાં તામ્રચૂલ નામનો દેવ થયો અને બીજો દેવરમણ નામના વનમાં કનકચૂલ નામનો વ્યંતર દેવ થયો. જ્યારે ત્યાં એ બે દેવોએ



કૂકડાઓના જીવ વ્યંતર થતા ઉપકાર પ્રદર્શન માટે મેઘકુમાર પાસે ગમન

'અવધિજ્ઞાન'થી પોતાના પૂર્વ–ભવોનો વિચાર કર્યો, ત્યારે તેઓને શુદ્ધ પુણ્ડરીકિણી આવીને રાજકુમાર મેઘરથનું ઘણું બહુમાન કર્યું અને એમને પોતાના પૂર્વ–ભવોનો સંબંધ બતાવ્યો. એના પછી એ વ્યંતર દેવોએ કહ્યું 'રાજકુમાર! આપે જે અમારા



મેઘકુમારના કુટુંબને અઢીદ્વીપના અકૃત્રિમ જિનાલયોની યાત્રા કરાવતા વ્યંતર દેવો

ઉપર ઉપકાર કર્યો છે, તેનો તો અમે બદલો નહીં ચૂકવી શકીએ પણ અમે ઈચ્છીએ છીએ કે આપ લોકો અમારી સાથે આવીને માનુષોત્તર પર્વત સુધીની યાત્રા કરી લો. રાજકુમાર મેઘરથ તથા મહારાજ ધનરથની આજ્ઞા મળતા દેવોએ સુંદર વિમાન બનાવ્યા અને એમાં સમસ્ત પરિવાર સહિત રાજકુમાર મેઘરથને બેસાડીને તેને આકાશમાં લઈ ગયા. તે દેવ તેમને ક્રમથી ભરત, હૈમવત આદિ ક્ષેત્રો, ગંગા, સિંધુ આદિ નદીઓ, હિમવાન પર્વત, મેરુ આદિ પર્વતો, પદ્મ, મહાપદ્મ આદિ સરોવર તથા અનેક દેશો અને નગરોની શોભા દેખાડતાં માનુષોત્તર પર્વત પર લઈ ગયા. કુમાર મેઘરથ પ્રકૃતિની શોભા જોઈને બહુ જ પ્રસન્ન થયા. તેમણે પોતાના કુટુંબીજનો સહિત સમસ્ત અકૃત્રિમ ચૈત્યાલયોની અતિ ભક્તિ ભાવથી વંદના કરી, સ્તુતિ કરી અને પછી તે દેવોની સહાયતાથી તે પોતાના નગર પુણ્ડરીકિણીપુરી પાછા આવી ગયા. ઘરે આવી જતાં એ દેવોએ તેમને અનેક વસ્ત્ર–આભૂષણ, મણિમાળાઓ આદિ ભેટ કર્યાં અને પછી તેઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

# ભરત ચક્રવર્તી દ્વારા
# મુનીન્દ્ર ભગવાન બાહુબલીની પૂજા

ઐસે બાહુબલી દેખે વનમેં.....(૨)
જાકે રાગ-દ્વેષ નહીં તનમેં.....

ગ્રીષ્મ ઋતુ શિખર કે ઉપર.... (૨)
મગન રહે ધ્યાનનમેં......૧


ચાતુર્માસ તરુતલ ઠાડે..... (૨)
બુંદ સહે છિન છિન મેં..... ૨

શીતમાસ દરિયા કે કિનારે..... (૨)
ધીરજ ધારે ધ્યાનનમેં......૩

ઐસે ગુરુકો મૈં નિત પ્રતિ ધ્યાઊં.... (૨)
દેત ઢોક ચરણનમેં...... ૪

એક વર્ષથી પ્રતિમાયોગ ધારણ કરી બાહુબલી મુનિરાજ અડગપણે ધ્યાનસ્થ ઉભા હતા, ત્યારે ભરત ચક્રવર્તી તેમનું પૂજન કરવા આવ્યા, તે સમયે બાહુબલી મુનિરાજે ક્ષપકશ્રેણી પર આરોહણ કરી મેરુપર્વત નિષ્કંપ નિર્મલ ધ્યાન દ્વારા શેષ સ્વલ્પ કષાયોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભરત ચક્રવર્તીએ ફરીથી બાહુબલી કેવળીની અતિ ભક્તિ સહિત ભક્તિ–પૂજા કરી.

(વિસ્તૃત કથા હેતુ જુઓ પૌરાણિક લઘુકથા ભા. પૃ. ૫૯)




ચક્રવર્તી ભરત દ્વારા પહેલા બાહુબલી મુનીન્દ્રની ત્યારબાદ
બાહુબલી કેવળીની પૂજા અને ભક્તિ

# ધરસેનાચાર્ય દ્વારા પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજને ઉપદેશ




મુનિરાજ પુષ્પદંત તથા ભૂતબલિને આચાર્ય ધરસેન દ્વારા મહાકર્મપ્રકૃત પ્રાભૃતનો ઉપદેશ

સૌરાષ્ટ્ર દેશના તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથના નિર્વાણક્ષેત્ર ગિરનાર પર્વત પર ચન્દ્રગુફામાં રહેતા, અંગ–પૂર્વ એકદેશના જ્ઞાતા, અષ્ટાંગ નિમિત્તના પારગામી ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવ, શ્રી પુષ્પદંત તથા શ્રી ભૂતબલિ નામના બે મુનિવરોને મહાકર્મપ્રકૃતિ પ્રાભૃતનું જ્ઞાન આપે છે. તે મુનિવરો દ્વારા ષટ્ખંડાગમની રચના થઈ.

(વિસ્તૃત કથા હેતુ જુઓ ભગવાન મહાવીરની પરંપરા પૃ. ૫૧ થી ૬૬ સુધી)

# અધ્યાત્મમૂર્તિ પરમોપકારી
# પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પંચ પરમેષ્ઠી વંદના




**અર્હંત પરમાત્મા** : ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશયયુક્ત છે,
કેવલજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે.

**સિદ્ધ પરમાત્મા** : છે અષ્ટકર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમને લોક–અગ્ર વિરાજમાન શ્રી સિદ્ધ છે.


**આચાર્ય પરમાત્મા** : પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,
પંચેન્દ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે.

**ઉપાધ્યાય પરમાત્મા** : રત્નત્રયે સંયુક્તને નિકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે.

**સાધુ પરમાત્મા** : નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચઉવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે.

ત્રિકાળવર્તી ઉક્ત પંચપરમેષ્ઠિ ભગવંતોને દ્રવ્ય–ભાવથી અત્યંત ભક્તિપૂર્વક અધ્યાત્મમૂર્તિ પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી વંદન કરે છે.

# જૈન ધર્મ પ્રસિદ્ધ આનંદમંગલ સૂચક નંદ્યાવર્ત સ્વસ્તિક સહિત અષ્ટમંગલ



● **નંદ્યાવર્ત સ્વસ્તિક :—**

આ એક અતિ પ્રાચીન મંગલસૂચક ચિહ્ન, જે ધાર્મિક શુભ અવસરોમાં મંગલ ચિહ્નના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

પુષ્ય, પત, પવિત્ર, પ્રશસ્ત, શિવ, ક્ષેમ, કલ્યાણ, શુભ અને સૌખ્યા ઈત્યાદિક સહુ મંગલના જ પર્યાયવાચી શબ્દ છે, કેમકે આ મળો (જ્ઞાનાવરણાદિ દ્રવ્યમલ અને અજ્ઞાન, મિથ્યાદર્શન, રાગ, દ્વેષ આદિ ભાવમલ)ને ગાળે છે, વિનષ્ટ કરે છે, ઘાતે છે, દહન કરે છે, હણે છે, શુદ્ધ કરે છે, વિધ્વંસ કરે છે. એટલા માટે એને 'મંગળ'

કહે છે. અથવા સુખ કે પુણ્યને લાવે છે, એટલા માટે પણ એને મંગળ સમજવું જોઈએ.

★ મંગળના ભેદ :—

ભેદ : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ—આ પ્રકારે તે ભેદરૂપ કહેવામાં આવે છે.

મંગલ સામાન્યની અપેક્ષાથી મંગળ એક પ્રકારનું છે. ભેદથી સમ્યક્ રત્નત્રયરૂપ ત્રણ, ધર્મ, સિદ્ધ, સાધુ અને અર્હંતના ભેદથી ચાર, જ્ઞાન, દર્શન અને ત્રણ ગુપ્તિના ભેદથી પાંચ પ્રકારના અથવા 'જિનેન્દ્રદેવને નમસ્કાર હો' આદિરૂપ અનેક પ્રકારનાં છે.


● **અષ્ટ મંગળ :—**

અષ્ટ મંગળ દ્રવ્ય : અર્હંતના પ્રકરણમાં અષ્ટ મંગળ દ્રવ્ય હોય છે.

ઘંટા, પ્રભૃતિ આ બધા ઉપકરણ તથા દિવ્ય મંગલ દ્રવ્ય પૃથક્ પૃથક્ જિનેન્દ્ર પ્રતિમાઓની પાસે સુશોભિત હોય છે. આ બધા પ્રતિમાઓના પરિવાર સ્વરૂપ જાણવા જોઈએ. ભૃંગાર, કળશ, દર્પણ, ચામર, ધ્વજા, વીંઝણો, છત્ર અને સુખપ્રતિષ્ઠિત (સ્થાપના) આ અષ્ટ મંગળ દ્રવ્ય છે.

ભગવાનના સમવસરણની ત્રણ પીઠિકામાંથી, બીજી પીઠિકા ઉપર આ અષ્ટમંગળ હોય છે.

# કહાનગુરુ જીવનદર્શન—૧



ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં કહાનકુંવરનું જન્મધામ, ઊજમબા માતા હાલરડું ગાતાં ગાતાં કહાનકુંવરને હીંચોળે છે, કહાનકુંવરના જોષ જોવા આવેલ જ્યોતિષીને પિતાશ્રી મોતીચંદભાઈ પ્રસન્નચિત્તે આવકારે છે, (જ્યોતિષી જ્યોતિષજ્ઞાનથી બાળ-કહાન વિષે બતાવે છે કે આ કાં તો જગતનો તારણહાર થશે અથવા તો કોઈ નગરીનો મહારાજા થશે.) સગાસંબંધી તેજસ્વી બાળકને નિહાળીને પ્રમુદિત થાય છે.

# કહાનગુરુ જીવનદર્શન—૨




(૧) જન્મધામ ઉમરાળાની 'ધૂડી–નિશાળ' જ્યાં કહાનકુંવર પ્રથમ જ 'સિદ્ધો વર્ણોસમામ્નાય'—આ પાઠ શીખ્યા હતા.

(૨) પૂર્વના ધર્મસંસ્કારી કહાનકુંવર ગારીયાધાર ગામના સંસ્કૃત વર્ગમાં 'આમાં આત્માનું કાંઈ આવતું નથી', એમ લાગવાથી આત્મજ્ઞાનહેતુશૂન્ય સંસ્કૃત ભાષાના ભણતરમાં રસ નથી પડતો.

# કહાનગુરુ જીવનદર્શન—૩



ભરૂચ જિલ્લાના પાલેજ ગામમાં દુકાન ઉપર પણ ધર્મરસિક કહાનકુંવર વેપારની ઉપેક્ષાપૂર્વક ધાર્મિક ગ્રંથોનું વાંચન કરે છે.

# કહાનગુરુ જીવનદર્શન—૪



(૧) કહાનકુંવર નાટક જોતાં પણ વૈરાગ્યભાવથી ભિંજાતા.

(૨) એકવાર રામલીલા જોઈને વૈરાગ્યની ધૂનથી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ પંક્તિથી શરૂ થતાં એક વૈરાગ્યરસ ઝરતું કાવ્ય સહજ રચાઈ જાય છે.

(૩) દીક્ષા લેવાના ભાવ હોવાથી યોગ્ય ગુરુની શોધ માટે પ્રવાસે નીકળે છે.

# કહાનગુરુ જીવનદર્શન—૫




(૧) વિરાગી કહાનકુંવર જ્યેષ્ઠબંધુ ખુશાલભાઈની પાસે દીક્ષાની અનુજ્ઞા માગે છે.

(૨) જન્મભૂમિ ઊમરાળામાં હાથીને હોદ્દે દીક્ષાનો ભવ્ય વરઘોડો.

(૩) દીક્ષા વિધિ સ્થળ : રાજ્યનો ઉતારો.

# કહાનગુરુ જીવનદર્શન—૬



(૧) પૂર્વના ધર્મસંસ્કારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અન્તર્જીવનમાં શ્રીમદ્ ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ પ્રણીત પરમાગમ સમયસારના ગહન અધ્યયન વડે, થયેલું પરમ પાવન પરિવર્તન.

(૨) શ્રી સમયસાર પ્રણેતા ભગવાન કુન્દકુન્દાચાર્યદેવના પ્રત્યે ગુરુદેવની અગાધ ભક્તિનું ચિત્ર દ્વારા દિગ્દર્શન.

(૩) સોનગઢના એકાન્ત સ્થળમાં—'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના જૂના મકાનમાં—શ્રી પાર્શ્વનાથપ્રભુના ચિત્રપટ સમક્ષ પૂજ્ય ગુરુદેવે કરેલું 'સંપ્રદાય પરિવર્તન'

(૪) જ્ઞાનધ્યાનરત પૂજ્ય કહાન ગુરુદેવ.

# કહાનગુરુ જીવનદર્શન—૭




પૂજ્ય ગુરુદેવશ્રી નિવાસસ્થાન અને પ્રવચનનું સ્થાન : સ્વાધ્યાયમંદિર

(૧) સ્વાધ્યાયમંદિરના પ્રવચનકક્ષમાં પ્રવચન આપતા પૂજ્ય ગુરુદેવશ્રી

(૨) સ્વાધ્યાય—ધ્યાનખંડમાં સ્વાધ્યાય—ધ્યાનરત પૂજ્ય ગુરુદેવશ્રી

(૩) વૃક્ષ તળે સ્વાધ્યાયરત પૂજ્ય ગુરુદેવશ્રી

# કહાનગુરુ જીવનદર્શન—૮



(૧) સોનગઢના જિનમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા પરમપૂજ્ય શ્રી સીમંધરાદિ જિનેન્દ્રભગવંતોના અતિશય ભક્તિભાવ સહિત વંદના.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીના શાસ્ત્રપ્રવચન તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે વિશાળ શાસ્ત્રભંડાર.

# કહાનગુરુ જીવનદર્શન–૯




(૧) પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પાવન પ્રતાપે સૌરાષ્ટ્ર તેમ જ અન્ય પ્રાંતોમાં નવનિર્મિત દિગંબર જિનમંદિરો.

(૨) જિનેન્દ્ર પંચકલ્યાણક.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળે જિનબિંબ–અંકન્યાસ વિધિ.

(૪) ભવ્ય જિનેન્દ્ર રથયાત્રા.

(૫) દેશ–વિદેશવ્યાપી જ્ઞાનકિરણ પ્રસારનાર, જિનશાસન પ્રવર્તક સ્વાત્માનુભવી પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પંચકલ્યાણક સહ પ્રતિષ્ઠા મહોત્સવ અને અધ્યાત્મરસઝરતું જિનેન્દ્રભક્તિભીનું ભાવવાહી પ્રવચન.

# કહાનગુરુ જીવનદર્શન—૧૦




(૧) સહસ્રાધિક ભક્તોના વિશાળ સંઘસહિત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા શ્રી સમ્મેદશિખર, રાજગૃહી, પાવાપુરી, ચંપાપુરી, મંદારગિરિ આદિ પૂર્વ–ઉત્તર ભારતના જૈન તીર્થોની ભક્તિભાવભીની અનુપમ યાત્રા.

(૨) નગરે-નગરે પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવભીનાં અદ્‌ભૂત સ્વાગત તથા અધ્યાત્મ તત્ત્વભરપૂર પ્રભાવક પ્રવચન. (વિ.સં. ૨૦૧૩)

# કહાનગુરુ જીવનદર્શન—૧૧




(૧) જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં વિરાજમાન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ભરતક્ષેત્રના દિગંબર જૈનાચાર્ય શ્રી કુન્દકુન્દ મુનિરાજ અને વિદેહક્ષેત્રના ગુણીયલ રાજકુમાર.

(૨) શ્રી સીમંધર પ્રભુ અને કુન્દકુન્દ યોગીરાજના પાસેથી ઉપલબ્ધ જ્ઞાનધોધનો પુનિત પ્રવાહ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા ભારતવર્ષમાં—દેશ વિદેશમાં ફેલાય છે અને અધ્યાત્મજ્ઞાનની હરિયાળી છવાઈ જાય છે.

# કહાનગુરુ જીવનદર્શન—૧૨



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા સહસ્રાધિક ભક્તોના વિશાળ સંઘસહિત વિશ્વપ્રસિદ્ધ શ્રી બાહુબલી (શ્રવણબેલગોલા), રત્નનિર્મિત જિનપ્રતિમાઓ તથા તાડપત્રલિખિત પ્રાચીન જૈન શાસ્રોના ભંડાર આદિ વૈભવયુક્ત મુડબિદ્રી, સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવની (તેમના ચરણચિહ્નથી વિભૂષિત) તપોભૂમિ પોન્નુરગિરિ આદિ દક્ષિણ ભારતવર્ષના જૈન તીર્થોની મંગળ યાત્રાપ્રવાસમાં નગરે—નગરે પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતા અદ્‌ભૂત પ્રવચનો. (વિ.સં. ૨૦૧૫)




# ગુરુદેવશ્રીનાં વચનામૃત

'ગુરુદેવશ્રીનાં વચનામૃત' નામનું આ લઘુ સંકલન અધ્યાત્મયુગસ્રષ્ટા, વીર-કુંદ-અમૃતપ્રણીત શુદ્ધાત્મમાર્ગ-પ્રકાશક, સ્વાનુભવવિભૂષિત, પરમોપકારી પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં, શ્રી સમયસાર વગેરે અનેક દિગંબર જૈન શાસ્ત્રો પર આપેલાં અધ્યાત્મરસભરપૂર પ્રવચનોમાંથી, પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સ્મારક-યોજના' અંતર્ગત નવનિર્મિત 'શ્રી દિગંબર જૈન પંચમેરુ-નંદીશ્વર-જિનાલય ★ ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન ★ બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'—એ ત્રિપટા અભિધાનયુક્ત અતિ ભવ્ય જિનમંદિરની દિવાલોના આરસશિલાપટ પર ઉત્કીર્ણ કરાવવા માટે ચૂંટેલા ૨૮૭ બોલનો સંગ્રહ છે.

વીતરાગસર્વજ્ઞદેવપ્રણીત શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ સાચો મોક્ષમાર્ગ મુમુક્ષુજગતને બતાવીને કૃપાળુ કહાનગુરુદેવે ખરેખર વચનાતીત અસાધારણ મહાન ઉપકાર કર્યો છે. આ શતાબ્દીમાં સ્વાનુભૂતિપ્રધાન મોક્ષમાર્ગનો જે મહિમા પ્રવર્તે છે તેનું પૂરું શ્રેય પૂજ્ય ગુરુદેવને છે. આ પ્રવચનોનું સંકલન આત્મધર્મ તથા અનેક પ્રવચન સાહિત્યમાં કરવામાં આવ્યું છે. તેમાંથી વીતરાગમાર્ગ પ્રકાશક પ્રવચનાંશોનું આ વચનામૃતમાં સંકલન કરવામાં આવ્યું છે.

હવે આ પુસ્તક 'ગુરુદેવશ્રીના વચનામૃત'નો ઉદ્‌ભવ કેમ થયો તે જોઈએ :–

પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં—સુવર્ણપુરીમાં—પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની—રાત્રે મહિલાશાસ્ત્રસભામાં ઉચ્ચારેલી—સ્વાનુભવરસઝરતી ને દેવગુરુભક્તિભીની અધ્યાત્મવાણી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં 'બહેનશ્રીનાં વચનામૃત'રૂપે વિ. સં. ૨૦૩૩ માં પ્રકાશિત થઈ. તેમાં સમાયેલ અધ્યાત્મનાં તલસ્પર્શી ઊંડાં રહસ્યોથી પૂજ્ય ગુરુદેવ ખૂબ જ પ્રસન્ન તેમ જ પ્રભાવિત થયા. તેમણે પોતાની પ્રસન્ન ભાવના વ્યક્ત કરતાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીને કહ્યું : ''ભાઈ! આ 'વચનામૃત' પુસ્તક એવું સરસ છે કે તેની એક લાખ પ્રત છપાવવી જોઈએ.'' 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વિષે પૂજ્ય ગુરુદેવની આવી અસાધારણ પ્રસન્નતા તેમ જ અહોભાવ જોઈને–સાંભળીને કેટલાક મુમુક્ષુઓને તેને સંગેમરમરના શિલાપટ પર ઉત્કીર્ણ કરાવવાની ભાવના જાગી. એ વાત પ્રસ્તુત થતાં પૂજ્ય ગુરુદેવે એવી ભાવના વ્યક્ત કરી કે 'વચનામૃત કોતરાવીને બહેનના (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના) નામનું એક નવું સ્વતંત્ર મકાન થવું જોઈએ.' મુરબ્બી શ્રી રામજીભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવના શિરોધાર્ય કરીને નક્કી કર્યું કે—'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'નું નિર્માણ કરવું; જેની શિલાન્યાસવિધિ વિ. સં. ૨૦૩૭ના કારતક સુદ પાંચમના શુભ દિને પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળ ઉપસ્થિતિમાં તેમના કરકમળો દ્વારા શિલાન્યાસની ઈંટો ઉપર સ્વસ્તિક અંકન આદિ વિધિ દ્વારા થઈ હતી.

શિલાન્યાસવિધિ સંપન્ન થયા પછી થોડા દિવસોમાં (ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં) ટ્રસ્ટીઓ અને મુખ્ય કાર્યકર્તાઓએ, 'વચનામૃતભવન'નું વિસ્તૃતીકરણ કરીને તેમાં પંચમેરુ-નંદીશ્વરની પ્રતિષ્ઠિત રચના કરવી અને 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પણ કોતરાવવાં,—એવો નિર્ણય કર્યો. તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીના સાહિત્યસમુદ્રમાંથી વીતરાગ માર્ગને સ્પષ્ટ કરનારા કેટલાક બોલ વીણીને 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'નું આ સંકલન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે તૈયાર કરાવ્યું, અને તેનું આરસશિલાપટ પર કોતરકામ પણ થયું;

આશા છે કે તત્ત્વરસિક જિજ્ઞાસુ જીવો ગુરુદેવશ્રીની સ્વાનુભવરસભીની જ્ઞાનધારામાંથી પ્રવહેલાં આ શુદ્ધાત્મતત્ત્વસ્પર્શી 'વચનામૃત' દ્વારા આત્માર્થને પુષ્ટ કરી, સાધનાની સાચી દિશા પ્રાપ્ત કરી, પોતાના સાધનામાર્ગને ઉજ્જ્વળ તેમ જ સુધાસ્યંદી બનાવશે.


# ભગવાન શ્રી આદિનાથને આહારદાન

येयायायाययेयाय नानानूनाननानन।
ममाममाममामामितातततीतिततीतितः ॥


—આચાર્ય સમન્તભદ્રદેવ

**અર્થ** :—હે ઋષભદેવ ભગવાન ! આપનો આ મોક્ષમાર્ગ તે જ જીવોને પ્રાપ્ત થઈ શકે છે કે જેઓ પુણ્યબંધના સન્મુખ છે અર્થાત્ જેઓએ પહેલા પુણ્યબંધ કરી લીધો છે. સમોસરણમાં આપના ચાર મુખ દેખાય છે. આપનું કેવળજ્ઞાન પણ પૂર્ણ છે. સંસારના બધા પદાર્થોને એકીસાથે જાણે છે. જોકે આપ મમતાભાવથી—મોહ પરિણામોથી રહિત છો તોપણ સંસારસંબંધિ અનેક મોટી–મોટી વ્યાધિઓને નષ્ટ કરી દો છો. હે પ્રભુ ! મારો પણ જન્મ-મરણરૂપ રોગને નષ્ટ કરી દો.

(૧) સંયમ તીર્થના આદિ પ્રવર્તક વર્ષોપવાસી તીર્થંકર આદિનાથ મુનિરાજ પધારે છે.



આહાર હેતુએ પધારતા મુનિરાજ શ્રી આદિનાથને જોઈને શ્રેયાંસકુમારને જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ



મુનિરાજ શ્રી આદિનાથને નવધાભક્તિપૂર્વક આહારદાન આપતા શ્રી શ્રેયાંસકુમાર


(૨) રાજા શ્રેયાંસકુમાર અને તેમના જ્યેષ્ઠ બંધુ સોમપ્રભ અત્યંત ભક્તિસહિત (મુનિરાજ)ને પડગાહન કરે છે.

(૩) રાજા શ્રેયાંસકુમારને યોગીરાજ આદિનાથનું નિર્ગ્રંથરૂપ જોતામાં જ, પ્રગટ થયેલ જાતિસ્મરણ જ્ઞાન દ્વારા (પૂર્વ આઠમા ભવમાં સ્વયં વજ્રજંઘ રાજા આદિનાથના જીવની સાથે તેમની રાણી શ્રીમતીના રૂપમાં) વનમાં બે મુનિરાજોને આપેલ આહારદાનનું સ્મરણ, આહારદાનની વિધિ જાણીને શ્રેયાંસકુમાર નવધા ભક્તિપૂર્વક ઈક્ષુરસનું આહારદાન આપે છે.

(૪) આ ભવ્ય પ્રસંગ પર દૈવી રત્નો તથા પુષ્પોની વર્ષા, દુદુંભિનાદ આદિ પંચાશ્ચર્ય થાય છે. (વૈશાખ સુદ–૩)


(વિસ્તૃત કથા હેતુ જુઓ જૈન પૌરાણિક કથા ભાગ ૪, પૃષ્ઠ ૮૧)

# ચેલના દ્વારા જિનમંદિરોની સ્થાપના



મહારાણી ચેલણા દ્વારા શ્રેણિકની નગરીમાં જિનમંદિર ન જોતા વિલાપ. તથા રાજા શ્રેણિક દ્વારા તેમને જૈનધર્મ અનુસરવાની આજ્ઞા

મગધાધિપતિ રાજા શ્રેણિક અન્યધર્મી હોવાથી તેમની ચેલનારાણી દુ:ખી થાય છે અને કહે છે કે ''હે રાજન્! વીતરાગ જૈનધર્મ વિનાના આ રાજ્યને ધિક્કાર છે.'' રાજા એમને જૈનધર્મને અનુસરવાની આજ્ઞા આપે છે. રાણી જિનમંદિર નિર્માણ, જિનપૂજા આદિ દ્વારા જૈનધર્મનો બહુ પ્રચાર કરે છે. મગધેશ અનુક્રમથી જિનધર્મી



જિનમંદિરમાં દર્શન-પૂજન વગેરે કરતી મહારાણી ચેલણા



ભગવાન મહાવીરનું સમવસરણ

થાય છે અને રાજગૃહી નગરીના સમીપ, વિપુલાચલ પર્વત પર શ્રી મહાવીરસ્વામી ભગવાનના સમવસરણમાં જઈને અત્યંત ભક્તિપૂર્વક વંદના કરીને તેમના ધર્મોપદેશને સાંભળે છે.

ત્યારપછી રાજગૃહ નગરના વિપુલાચલ પર્વત પર ભવ્યોના ભાગ્યથી ભગવાન મહાવીરનું કેટલીક વાર સમવસરણ સહિત પધારવું થયું. તેમાં રાજા શ્રેણિક પણ ભગવાનના સમવસરણમાં ભક્તિભાવ સહિત જઈ અને સવિનયભાવથી ભગવાનની દેશનાનું પાન કરતા હતા.

(વિસ્તૃત કથા હેતુ જુઓ (૧) જૈન પૌરાણિક લઘુકથા ભાગ ૧ પૃ. ૨૪ તથા (૨) જૈન પૌરાણિક લઘુકથા ભાગ ૨ પૃ. ૮)

## જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૬
## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૨૧૧૧=૦૦**

શ્રી ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી, દાદર

**રૂા. ૨૦૦૧=૦૦**

શ્રી રુચિ ડી. અજમેરા, મલાડ

**રૂા. ૧૫૦૦=૦૦**

શ્રી હાસ્યલતાબેન બિપિનચંદ્ર શાહ ગાંધીનગર

**રૂા. ૧૧૧૧=૦૦**

શ્રી છોટાલાલ રાયચંદ ખંધાર, સોનગઢ

**રૂા. ૧૧૦૦=૦૦**

શ્રી શાંતાબેન પ્રભુદાસ ઘીયા

શ્રી કમલાબેન હરિલાલ કોઠારી

**રૂા. ૧૦૦૧=૦૦**

શ્રી પ્રભાબેન દામોદરદાસ મોદી, અમદાવાદ

શ્રી શારદાબેન શિવલાલ દેસાઈ, અમદાવાદ

શ્રી ઉર્મિલાબેન સુરેશભાઈ દેસાઈ, અમદાવાદ

શ્રી વિનુભાઈ પી. કામદાર, મુંબઈ

શ્રી કહાન સંદીપ જૈન, અમદાવાદ

શ્રી નયનાબેન ડી. શાહ, ધાંગધ્રા

શ્રી લાભુબેન છોટાલાલ ભાયાણી, મુંબઈ

શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ

શ્રી પ્રફુલ્લભાઈ મહેતા, મુંબઈ

શ્રી વિજયાબેન જયસુખભાઈ મહેતા, મુંબઈ

શ્રી કુમુદબેન જ્યોતિન્દ્રભાઈ, મુંબઈ

શ્રી પદ્મા જગજીવનદાસ શાહ

શ્રી આનંદ કિરણ શાહ, સોનગઢ

શ્રી નેહાબેન કિશોરભાઈ દેસાઈ

શ્રી સાગર વિનીત શેઠ

બ્ર. કોકિલાબેન—રૂપાબેન, સોનગઢ

બ્ર. તારાબેન, બ્ર. મેનાબેન, ખેરાગઢ

શ્રી વીણાબેન ભદ્રેશભાઈ તલાટી, સોનગઢ

શ્રી આશાબેન અરૂણભાઈ શાહ, U.S.A.

શ્રી સ્નેહલતાબેન અનંતરાય શાહ, જલગાંવ


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.

